દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
203 વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 294 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૧ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



સમગ્ર ટ્રાવેલ માર્કેટ માં.. 2024 માં 35 ટુરો યુરોપ ની અને 21 ટુરો અમેરિકા ની સફળતાપૂર્વક ફરાવવા નો રેકોર્ડ ધરાવે છે ફોરમ વર્લ્ડવાઇડ...
કચ્છી - વાગડ - વૈષ્ણવ - ગુજરાતી અને રાજસ્થાની પ્રવાસીમિત્રો માટે, રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વદિષ્ટ ભોજન
યુરોપ ટુરો માં અન્યો માટે અસંભવ અને અશક્ય એવી કિચન કેરેવાન સુવિધાઓ શરૂ કરનાર એક માત્ર પાયોનીઅર...

100% PURE VEG & JAIN FOOD

FINAL CALL
HURRY BOOK NOW
OFFER VALID TILL 14 DEC

GRAND EUROPE 17 DAYS
GLIMPSE EUROPE 13 DAYS
CHARM EUROPE 10 DAYS



**ITALY, AUSTRIA, SWISS, FRANCE, BELGIUM, NETHERLANDS**

- ફક્ત અમારી સાથે માણો સ્વિટ્ઝર્લૅન્ડ ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- ૧૧ સુંદર શહેરો ની મુલાકાત
- દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા ( SWIZTERLAND & PARIS માં પણ )
- સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ ( જૈન પણ )
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઈંગ નો સમાવેશ
- હાર્ટ ઓફ સ્વિટ્ઝર્લૅન્ડ ઇન્ટરલૅકન માં 3 રાત્રી મુકામ (ફક્ત અમારી સાથે)
- લાંબી મુસાફરી દરમિયાન બપોરે ગરમાગરમ મસાલા ચા
- RHINE FALLS માં બોટ રાઈડ
- GSTAAD - DDLJ પોઈન્ટ
- વેનિસ માં ગન્ડોલા રાઈડ
- પેરિસ બાઈ નાઈટ ટુર
- અચેનસી લેક ક્રુઝ

Group Tours with Kitchen Caravan



FORAM WORLDWIDE ®
#ChaloForamKeSang

TRAVEL IN 2025
@ PRICE OF 2024

Unexplored USA

~~USD 7600~~
USD 6840
PER PERSON | TAXES EXTRA*

- Grand USA 21N | 22D
- Only West Coast 10N | 11D
- West Coast with Orlando 14N | 15D
- East Coast with Orlando 11N | 12D
- Only East Coast 07N | 08D

**અમેરિકા ફક્ત ફોરમ શાહ સાથે જ કેમ ?**

- ટુર માં અમારા પોતાના રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ આપવા ની ઐતિહાસીક ઉપલબ્ધી. ૨૦૨૩ માં પોતાના રસોડા સાથે ની ટુરો નુ સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર... ફોરમ શાહ ની હાજરી, સાથે સાથે અમારા પોતાના ગુજરાતી ટુર મેનેજર અને રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ
- ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ . ૧૯ વર્ષો ના અનુભવ સાથે . અમેરિકા માં મહારાજ સાથે ની સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ
- ૨૦૧૮ થી ન્યુ યોર્ક "ટાઇમ સ્કવેર" પર ૩ રાત્રી નો યાદગાર મુકામ આપનાર પાયોનીયર (હવે કોપી ચાલુ છે, જોરશોર થી)
- ૨૦૧૯ થી મેમોથ લેક્સ માં ગ્લેશિયર ની સામે જ બેસ્ટ હોટેલ, ગુલાબી ઠંડા લોકેશન માં રાત્રી મુકામ આપનાર પાયોનીયર (હવે કોપી ચાલુ છે જોરશોર થી)
- લેક તાહો જેવા સુંદર ડેસ્ટીનેશન પ્રસ્તુત કરનાર પાયોનીયર (હવે કોપી ચાલુ છે જોરશોર થી)
- STRATOSPHERE TOWER ડે વ્યૂ (ફક્ત ફોરમ સાથે)
- Luray Caverns ની યાદગાર મુલાકાત જે ફક્ત ફોરમ વર્લ્ડવાઈડ સાથે જ સંભવ (પાયોનીયર)
- એક સાથે ૧૦૦ પ્રવાસીઓ ને સફળતાપૂર્વક ફરાવી, યાદગાર ટુરો નું આયોજન કરવા ની ક્ષમતા અને બહોળો અનુભવ
- મોનો કાઉન્ટી વિસ્તાર પર યાદગાર સીનીક ડ્રાઇવ .. મનમોહક મોનો લેક અને બ્રીજપોર્ટ અમેરિકન ફ્લેગ ની મુલાકાત
- ઓર્લેનડો માં મુખ્ય થીમ પાર્ક નો સમાવેશ અને I DRIVE પર ૪ રાત્રી નો મુકામ
- કેલિફોર્નિયા નુ કેપિટલ “સેકરામેનટો“ ની મુલાકાત (ફક્ત ફોરમ સાથે)










JAY +91 9167008678 | BHAKTI +91 9321236935 | DINESH +91 8591728602 | SAHIL +91 9619693790
DIVYA +91 9833998338 | DHRUV +91 8169369686 | FORAM +91 9324366095 | JAYESH +91 8591886850

**OTHER 2025 SECTORS**
AUSTRALIA | NEW ZEALAND | CANADA | SOUTH AMERICA
SCANDINAVIA | JAPAN | FAR EAST | GREECE | UK SCOTLAND
TURKEY | BAKU | DUBAI | VIETNAM | SOUTH AFRICA |

યાદગાર ટુરો સાથે સાથે , લાભ લ્યો, ફોરમ વર્લ્ડવાઈડ ની મેગા ઓફર નો.. બુક કરાવો તમારા 2025 ના પ્રવાસો, અમારા 2024 ના જુના ભાવે..

Head Office : ML Space, 3rd Floor, Vile Parle West. Opp. Jain Mandir. Mumbai. Follow Us on
OTHER OFFICES: GHATKOPAR | AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 293 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર ૧૧ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઉપરાષ્ટ્રપતિ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તની નોટિસ

નવી દિલ્હીઃ ગૃહની કાર્યવાહી પક્ષપાતી રીતે હાથ ધરવા બદલ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને હોદ્દા પરથી હટાવવા માટે વિપક્ષે મંગળવારે તેમની વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તની નોટિસ આપી હતી. કૉંગ્રેસના નેતા જયરામ રમેશ અને નાસિર હુસૈને રાજ્યસભાના સેક્રેટરી જનરલ પી. સી. મોદીને નોટિસ સુપરત કરી હતી. ઉપરાષ્ટ્રપતિ તરીકે તેઓ રાજ્યસભાના અધ્યક્ષ છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર કૉંગ્રેસ , રાજદ, ટીએમસી, માર્ક્સવાદી પક્ષ, જેએમએમ, આમ આદમી પાર્ટી, દ્રમુક સહિતના વિપક્ષના ૬૦ સાંસદે આ નોટિસ પર સહી કરી હતી.

જોકે તેમણે કહ્યું હતું કે બંધારણીય હોદ્દો ધરાવતા કૉંગ્રેસના ટોચના નેતાઓએ આ નોટિસ પર સહી નહોતી કરી.

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, કૉંગ્રેસ સંસદીય પક્ષનાં નેતા સોનિયા ગાંધી સહિતના વિપક્ષના અનેક ટોચના નેતાઓએ આ નોટિસ પર સહી નહોતી કરી.

રાજ્યસભાના અધ્યક્ષ અને વિપક્ષ વચ્ચેના તોફાની સંઘર્ષને પગલે કૉંગ્રેસની આગેવાનીમાં આ નોટિસ સુપરત કરવામાં આવી હતી.

ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવવા બદલ ઈન્ડિયા બ્લૉકના તમામ પક્ષ પાસે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તની નોટિસ સુપરત કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહોતો.

ઉપરાષ્ટ્રપતિ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તની નોટિસ આપવાનું પગલું અમારા માટે પણ પીડાદાયક નિર્ણય હતો, પરંતુ સંસદીય લોકશાહીના હિતમાં અમારે આ પગલું લેવું પડ્યું હતું, એમ કૉંગ્રેસના જનરલ સેક્રેટરી (ઈન્ચાર્જ કમ્યુનિકેશન) જયરામ રમેશે સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું.

ટીએમસીના સાંસદ અને રાજ્યસભામાં વિપક્ષના નાયબ નેતા સાગરિકા ઘોષે કહ્યું હતું કે અનેક સાંસદ દ્વારા સહી કરવામાં આવેલી ઉપરાષ્ટ્રપતિ વિરુદ્ધની અવિશ્વાસની દરખાસ્તની નોટિસને મંજૂરી અપાવવા અમારી પાસે જરૂરી સંખ્યાનો આંક નથી, પરંતુ સંસદીય લોકશાહીની જાળવણી અને હિત માટે લડવાનો આ મજબૂત સંદેશો છે.

આ કોઈ વ્યક્તિ વિરુદ્ધની નહીં, લોકશાહીને બચાવવા માટેની આ લડત છે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસ અને સૉરોસ વચ્ચેની કડી સંબંધિત મુદ્દો તાજેતરમાં જ રાજ્યસભામાં ઉઠાવવાની ટ્રેઝરી બૅન્ચના સભ્યોને આપેલી પરવાનગી સહિત અનેક મુદ્દે વિપક્ષ ધનખડથી નારાજ હતો.

ઉપરાષ્ટ્રપતિને હોદ્દા પરથી હટાવવાની દરખાસ્ત મૂકવા ઓછામાં ઓછી પચાસની સંખ્યા જરૂરી છે.

કૉંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે ઉપરાષ્ટ્રપતિ પર પક્ષપાતી વલણ અપનાવવાનો આક્ષેપ કર્યો હતો.

ઈન્ડિયા બ્લૉકના પક્ષોએ આ વર્ષના ઑગસ્ટમાં પણ ઉપરાષ્ટ્રપતિને હોદ્દા પરથી હટાવવાની દરખાસ્તની નોટિસ સુપરત કરવા વિચારણા કરી હતી.

બંધારણની કલમ ૬૭ (બી) મુજબ રાજ્યસભામાં બહુમતીથી મંજૂરી મેળવીને અને લોકસભાની સહમતીથી ઉપરાષ્ટ્રપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે, પરંતુ ૧૪ દિવસ આગોતરી નોટિસ આપ્યા બાદ જ આ પ્રસ્તાવ લાવી શકાય છે. (એજન્સી)

## ધનખડને હોદ્દા પરથી દૂર કરવા મુશ્કેલ

નવી દિલ્હીઃ ઉપરાષ્ટ્રપતિને હોદ્દા પરથી દૂર કરવાનો પ્રસ્તાવ માત્ર રાજ્યસભામાં જ રજૂ કરી શકાય છે. આ પ્રસ્તાવ લોકસભામાં રજૂ કરી શકાતો નથી. ૧૪ દિવસ અગાઉ નોટિસ આપ્યા બાદ જ આ પ્રસ્તાવ રજૂ કરી શકાય છે. પ્રસ્તાવને રાજ્યસભામાં ભારે બહુમત (ખાલી બેઠકો છોડીને રાજ્યસભાના તત્કાલીન સભ્યોનો બહુમત) થકી મંજૂર કરાવવો જોઈએ. જોકે લોકસભામાં આ માટે સામાન્ય બહુમત આવશ્યક છે. જ્યારે પ્રસ્તાવ વિચારાધિન હોય તેવા સંજોગોમાં સભાપતિ સદનની અધ્યક્ષતા નથી સંભાળી શકતા. અવિશ્વાસની દરખાસ્ત એકવાર સુપરત કરવામાં આવ્યા બાદ ગૃહમાં તેના પર ઔપચારિક ચર્ચા અને મતદાન થાય તે જરૂરી છે. જોકે વિપક્ષ પાસે બહુમતની સંખ્યા ન હોવાને કારણે આ પગલાંને ધનખડના નેતૃત્વ અને સંસદીય લોકશાહીની ચિંતા વ્યક્ત કરતું લેખવામાં આવે છે.

તાજેતરની ચૂંટણી બાદ રાજ્યસભામાં સાંસદોનું સંખ્યાબળ વધીને ૨૩૪ સાંસદનું થયું છે જેમાં ભાજપનું સંખ્યાબળ ૮૬ સાંસદનું તો એનડીએનું ૧૧૩ સાંસદનું છે. છ નોમિનેટેડ સાંસદ જેઓ મોટાભાગે સરકારની તરફેણમાં જ મત આપે છે તેને ગણતરીમાં લેતાં એનડીએના સાંસદોનું સંખ્યાબળ ૧૧૯ છે જે સામાન્ય બહુમત માટે જરૂરી ૧૧૭ કરતાં બે વધુ છે. જો રાજ્યસભામાં વિપક્ષના તમામ સાંસદોની ગણતરી કરવામાં આવે તો એ આંક ૯૦ પર પહોંચે છે.

હકીકતમાં ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના સભાપતિ હોય છે અને તેમને હટાવવા રાજસભામાં બહુમતીથી પ્રસ્તાવને મંજૂરી મળે તે જરૂરી છે. પ્રસ્તાવને લોકસભામાં પણ મંજૂર કરાવવો જરૂરી છે, પરંતુ આ બધું એટલું સરળ નથી. લોકસભામાં એનડીએના ૨૯૮ અને ઈન્ડિયા બ્લૉકના ૨૩૬ સભ્ય છે. બહુમત માટે ૨૭૨ સભ્ય જરૂરી છે. ઈન્ડિયા બ્લૉક વધુ ૧૪ સભ્યને સાથે લે તો પણ પ્રસ્તાવને મંજૂર કરાવવું મુશ્કેલ છે.

ઉલ્લેખનીય છે કે ઉપરાષ્ટ્રપતિ પદેથી હટાવ્યા બાદ જ ધનખડને રાજ્યસભાના અધ્યક્ષપદેથી હટાવી શકાય એમ છે. બંધારણીય કલમ ૬૭ (બી) અંતર્ગત ધનખડ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવી શકાય છે.

બંધારણની કલમ ૬૭ (બી) મુજબ રાજ્યસભામાં ભારે બહુમતીથી મંજૂરી મેળવીને અને લોકસભાની સહમતી મેળવીને ઉપરાષ્ટ્રપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે. (એજન્સી)

# યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા કોઈ પણ વિષયમાં આપી શકાશે

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૫થી કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (સીયુઈટી)-યુજીનું આયોજન કમ્પ્યુટર બૅઝ્ડ ટેસ્ટ (સીબીટી) મુજબ જ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓ કોઈપણ વિષયમાં આ પરીક્ષા આપી શકશે એમ જણાવતાં યુજીસીના અધ્યક્ષ જગદીશકુમારે કહ્યું હતું કે વિદ્યાર્થીએ બારમા ધોરણમાં કયા વિષયોનો અભ્યાસ કર્યો હતો તે ધ્યાન પર લીધા વિના તેમને કોઈપણ વિષય સાથે આ પરીક્ષા આપવાની પરવાનગી આપવામાં આવશે.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે યુજીસી દ્વારા રચવામાં આવેલી નિષ્ણાતોની સમિતિએ પરીક્ષાની સમીક્ષા કરી હતી અને તેમાં અનેક ફેરફાર કરવાની ભલામણ કરી હતી.

ગયા વર્ષના હાઈબ્રિડ મૉડને બદલે વર્ષ ૨૦૨૫થી આ પરીક્ષાનું આયોજન સીબીટી મૉડમાં કરવામાં આવશે. વિષયોની સંખ્યા પણ અગાઉના ૬૩થી ઘટાડીને ૩૭ કરી દેવામાં આવી છે અને જનરલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (જીએટી)ને આધારે પડતા મૂકવામાં આવેલા વિષયો માટે એડમિશન આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. ઉચ્ચ શિક્ષણમાં કઠોર શિસ્તની શરતોને દૂર કરી વિદ્યાર્થીઓને બારમા ધોરણમાં તેઓ ન ભણ્યા હોય તેવા વિષયના વિકલ્પોની પણ સીયુઈટી-યુજીમાં પરવાનગી આપવામાં આવશે.

વર્ષ ૨૦૨૫ની પરીક્ષાની આવૃત્તિમાં ફેરફાર અંગે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થીઓ હવેથી સીયુઈટી)-યુજીની પરીક્ષામાં અગાઉના છ વિષયને બદલે વધુમાં વધુ પાંચ વિષયની પરીક્ષા આપી શકશે.

એ જ પ્રમાણે પરીક્ષાનો સમયગાળો અગાઉ વિષય પ્રમાણે ૪૫ થી ૬૦ મિનિટ વચ્ચેનો હતો તે ૬૦ મિનિટનો કરી નાખવામાં આવશે.

પરીક્ષામાં વૈકલ્પિક પ્રશ્નોનો વિકલ્પ કાઢી નાખવામાં આવશે અને હવે તમામ પ્રશ્નો ફરજીયાત હશે.

અગાઉ નિષ્ણાતોની સમિતિએ કરેલી સમીક્ષાને પગલે અન્ડરગ્રેજ્યુએટ અને પૉસ્ટગ્રેજ્યુએટ અભ્યાસની પ્રવેશ પરીક્ષા કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (સીયુઈટી)માં આવતા વરસે અનેક ફેરફાર કરવામાં આવશે, એમ યુજીસીના ચેરમેન જગદીશકુમારે કહ્યું હતું.

સીયુઈટી-યુજી અને પીજીની પરીક્ષાના આયોજનની સમીક્ષા કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ નિષ્ણાતોની એક કમિટીની રચના કરી હતી.

અગાઉનાં વરસોની મળેલી માહિતીને ધ્યાન પર લેતાં વિદ્યાર્થીઓને પરિણામકારક, વધુ અસરકારક અને સારું વાતાવરણ પૂરું પાડવા પરીક્ષાની પ્રક્રિયામાં સતત સુધારા કરવા જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.

આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫માં યુજી અને પીજી ટેસ્ટનું આયોજન કરવા યુજીસીએ નિષ્ણાતોની એક સમિતિની રચના કરી છે અને તેમની ભલામણોને આધારે આ પરીક્ષાઓનાં આયોજનમાં અનેક ફેરફાર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

કમિટીએ પરીક્ષાના માળખા, પેપરની સંખ્યા, પરીક્ષાનો સમયગાળો, અભ્યાસક્રમ અને ઑપરેશનલ લોજિસ્ટિક્સ સહિત અનેક પાસાંઓની ચકાસણી કરી હતી.

વર્ષ ૨૦૨૫માં સીયુઈટી-યુજી અને સીયુઈટી-પીજીનું આયોજન કરવા પંચ સુધારેલી માર્ગદર્શિકા ધરાવતો નવો પ્રસ્તાવ રજૂ કરશે અને એ અંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓનો અભિપ્રાય મગાવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# યુપીમાં ૧૮૫ વર્ષ જૂની મસ્જિદનો હિસ્સો તોડાયો

ફતેહપુર (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં આવેલી ૧૮૫ વર્ષ જૂની નૂરી મસ્જિદનો એક ભાગ મંગળવારે સ્થાનિક અધિકારીઓ દ્વારા કડક સુરક્ષા વચ્ચે તોડી પાડવામાં આવ્યો હતો. સ્થાનિક અધિકારીઓએ દાવો કર્યો હતો કે આ ગેરકાયદેસર હતો અને બાંદા-બહરાઈચ હાઈવેને પહોળો કરવામાં અવરોધ બની રહ્યો હતો.

જો કે, મસ્જિદની વ્યવસ્થાપન સમિતિના વડાએ દાવો કર્યો હતો કે લાલૌલી નગરની નૂરી મસ્જિદનું નિર્માણ ૧૮૩૯માં કરવામાં આવ્યું હતું. જ્યારે તેની આસપાસનો રસ્તો ૧૯૫૬માં બનાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ પહેલાથી જ અલ્હાબાદ હાઈ કોર્ટમાં અરજી કરી ચૂક્યા છે જેના પર ૧૨ ડિસેમ્બરે સુનાવણી થશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (પીડબલ્યૂડી) એ બાંદા-બહરાઇચ હાઇવે નંબર ૧૩ ને પહોળો કરવાના સંબંધમાં મસ્જિદના કેટલાક હિસ્સાને ''ગેરકાયદે બાંધકામ'' ને કારણે હટાવવાની નોટિસ આપવામાં આવી હતી પરંતુ મસ્જિદ મેનેજમેન્ટે તેનું પાલન કર્યું ન હતું.

લાલૌલી પોલીસ સ્ટેશનના પ્રભારી ઈન્સ્પેક્ટર વૃંદાવન રાયે મંગળવારે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''બાંદા-બહરાઈચ હાઈવે નંબર ૧૩ને પહોળો કરવામાં અડચણ બની રહેલી નૂરી મસ્જિદના લગભગ ૨૦ મીટર હિસ્સાને અધિકારીઓની હાજરીમાં બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યો હતો. હવે તેના કાટમાળને હટાવવામાં આવી રહ્યો છે.''એક સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ''કાયદો અને વ્યવસ્થા મજબૂત છે. મસ્જિદની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલી તમામ દુકાનોને બંધ કરી દેવામાં આવી છે અને ૩૦૦ મીટરની ત્રિજ્યાને સીલ કરી દેવામાં આવી છે.'' સુરક્ષા કર્મચારીઓની ભારે તૈનાતને કારણે ડિમોલિશન ઓપરેશન દરમિયાન લાલૌલી નગર વર્ચ્યુઅલ રીતે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. રાજ્યમાં સાંપ્રદાયિક તણાવની ઘટનાઓ અને સત્તાવાળાઓ દ્વારા ડિમોલિશનની કાર્યવાહી સામે વિરોધને ધ્યાનમાં રાખીને સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા છે. રાયે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અને રેપિડ એક્શન ફોર્સના જવાનોને લાલૌલી શહેરની દરેક શેરી અને વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે પીડબલ્યૂએ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ મસ્જિદ પ્રબંધન સમિતિને મસ્જિદના કેટલાક ભાગને હટાવવા માટે નોટિસ આપી હતી, પરંતુ તેણે તેનો અમલ કર્યો ન હતો. નૂરી મસ્જિદ પ્રબંધન સમિતિના પ્રમુખ મોહમ્મદ મોઈન ખાન ઉર્ફે બબલુ ખાને કહ્યું કે તેમના વકીલ સૈયદ અઝીમુદ્દીને મસ્જિદના કોઈપણ ભાગને તોડી પાડવા વિરુદ્ધ અલ્હાબાદ હાઈ કોર્ટમાં રિટ અરજી દાખલ કરી છે અને આ અરજીની સુનાવણી ૧૨ ડિસેમ્બરે થવાની છે.











**હિંદુઓ જાગ્યા?ઃ** બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારનો દેહરાદૂન, રાંચી અને નવી દિલ્હીમાં મંગળવારે હિંદુ સંગઠનોએ જોરદાર વિરોધ કર્યો હતો અને બાંગ્લાદેશમાંના હિંદુઓ પરના અત્યાચાર રોકવા રાજદ્વારી સ્તરે પગલાં ભરવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. (એજન્સી)

# રાજ્યના પોલીસ બેડામાં મોટા ફેરફારઃ ૨૫ આઈપીએસ અધિકારીઓની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા પોલીસ બેડામાં મોટા ફેરફાર થયા હતા. એક સાથે ૨૫ આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમના વડા રાજકુમાર પાંડિયનની બદલી કાયદો-વ્યવસ્થામાં કરવામાં આવી હતી. અનેક જિલ્લાના પોલીસ વડાની બદલી કરવામાં આવી હતી. મળતી વિગતો મુજબ, રાજકુમાર પાંડિયનની બદલી એડીજીપી લો એન્ડ ઓર્ડરમાં મુકાયા હતા, તે ઉપરાંત અજય કુમાર ચૌધરીને મહિલાના સેલના એડીજીપી બનાવાયા હતા. વિધિ ચૌધરીને અમદાવાદ ખાતે સ્પેશિયલ બ્રાન્ચનાં સ્પેશિયલ કમિશનર, જયપાલસિંહ રાઠોડ જોઈન્ટ જેસીપી સેક્ટર-૨ અમદાવાદ, લીના પાટીલને જેસીપી ક્રાઈમ એન્ડ લો ઓર્ડર વડોદરા, સુધીર ચૌધરી ગાંધીનગર આઈબીના નવા એસપી, હિમકરસિંહ એસપી રાજકોટ ગ્રામ્ય, બલરામ મીણા ડીસીપી ઝોન-૧ અમદાવાદ, અજય કુમાર ચૌધરીને મહિલા સેલના એડીજીપી, ઉષા રાડાની સાબરકાંઠાથી બદલી કરીને વડોદરા, રવીન્દ્ર પટેલને પાટણથી ગાંધીનગર પોલીસ હાઉસિંગમાં, મેઘા તેવારને અમદાવાદ ગ્રામ્યમાંથી સાબરકાંઠા એસઆરપીફ ગ્રુપ ૬નાં કમાન્ડટ, કોમલ વ્યાસને અમદાવાદથી બદલીને જામનગર એસઆરપીફમાં બદલી કરવામાં આવી હતી.

# આગામી પાંચ વર્ષમાં ભારતને બનાવીશું ઓટોમોબાઇલ ઉદ્યોગમાં નંબર વનઃ નીતિન ગડકરી

નવી દિલ્હીઃ કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતનો ઓટોમોબાઇલ ઉદ્યોગ આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક સ્તરે નંબર વન બની જશે. તેમણે પોતાના મંત્રાલયના બે વર્ષમાં ભારતમાં લોજિસ્ટિક્સ ખર્ચને ઘટાડીને નવ ટકા સુધી કરવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યનો પણ ઉલ્લેખ કર્યો હતો.

'અમેઝોન સંભવ શિખર સંમેલન'માં નીતિન ગડકરીએ ભારતના ઓટોમોબાઇલ ઉદ્યોગના નોંધપાત્ર વિકાસનો ઉલ્લેખ કર્યો જે તેમના પદભાર પછીથી સાત લાખ કરોડ રૂપિયાથી વધીને ૨૨ લાખ કરોડ રૂપિયા થયો છે. તેમણે કહ્યું હતું કે , અમેરિકા ૭૮ લાખ કરોડ રૂપિયા સાથે પ્રથમ ક્રમે છે. આ પછી ચીનનો ઓટોમોબાઇલ ઉદ્યોગ ૪૭ લાખ કરોડ રૂપિયા સાથે બીજા સ્થાને છે. હવે ભારતના ઓટોમોબાઇલ ઉદ્યોગનું કદ વધીને ૨૨ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. અમે પાંચ વર્ષમાં ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગને વિશ્વમાં નંબર વન બનાવવા માગીએ છીએ.

મંત્રીએ કહ્યું કે ભારતમાં પ્રતિષ્ઠિત વૈશ્વિક ઓટોમોટિવ બ્રાન્ડ્સની હાજરી એ દેશની ક્ષમતાનો સ્પષ્ટ સંકેત છે. તેમના મંત્રાલયનો હેતુ ભારતમાં લોજિસ્ટિક્સ ખર્ચને બે વર્ષમાં સિંગલ ડિજિટમાં ઘટાડવાનો છે. ગડકરીએ કહ્યું હતું કે , ભારતમાં લોજિસ્ટિક ખર્ચ ૧૬ ટકા છે અને ચીનમાં તે આઠ ટકા છે. અમેરિકા અને યુરોપિયન દેશોમાં તે ૧૨ ટકા છે. સરકારે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. મારા મંત્રાલયમાં, અમારું લક્ષ્ય છે કે બે વર્ષમાં અમે આ લોજિસ્ટિક્સ ખર્ચને નવ ટકા સુધી લઈ જઈશું.

તેમણે વૈકલ્પિક ઈંધણ અને બાયોફ્યુઅલ અપનાવવાના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે વાહનોમાં બાયો-ઈથેનોલનો ઉપયોગ કરવાથી ઈંધણના ખર્ચમાં નોંધપાત્ર બચત થઈ શકે છે અને પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. ગડકરીએ અદ્યતન રિસાયક્લિંગ ટેકનોલોજી દ્વારા ઓર્ગેનિક કચરાને હાઇડ્રોજન ઇંધણ અને અન્ય મૂલ્યવાન સામગ્રીમાં રૂપાંતરિત કરવાની યોજનાની પણ રૂપરેખા રજૂ કરી હતી.

# ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો ૧૫ ફેબ્રુઆરીથી પ્રારંભઃ નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ બજેટ રજૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારનું બજેટ નાણાકીય વર્ષ ૨૦૨૫ -૨૬નું બજેટ વિધાનસભા ગૃહમાં રજૂ થશે. આગામી વર્ષે ફેબ્રુઆરી મહિનામાં જ નાણાપ્રધાન કનુભાઈ બજેટ રજૂ કરશે. મળતી વિગત મુજબ ફેબ્રુઆરી મહિનામાં વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થનાર છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૧૩ ફેબ્રુઆરી આસપાસ બજેટ સત્રની શરૂઆત થશે. વિધાનસભાનું બજેટ સત્ર ૨૩ માર્ચ પહેલા સત્ર પૂર્ણ પણ થશે. સવારે ૧૦ વાગ્યાથી વિધાનસભા ગૃહની કામગીરી શરૂ થશે. પ્રથમ પ્રશ્નોતરી અને મુખ્યપ્રધાન હેઠળના વિભાગોના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ૨૦૨૫-૨૬ના બજેટ માટે તૈયારી શરૂ કરી ત્યારે થોડા દિવસ અગાઉ સવારે ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી સાત વિવિધ વિભાગોના પ્રધાનો અને અધિકારીઓ સાથે મેરેથોન બેઠક પણ યોજાઈ હતી. આ બેઠકમાં ગત વર્ષના બજેટના વહીવટ અને ખર્ચનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આગામી બજેટ માટેના પ્રાથમિક લક્ષ્યો અને યોજનાઓની ચર્ચા કરવામાં આવી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધનખડ પાસેથી તટસ્થતાની અપેક્ષા ન રખાય

**હમણાં** સંસદનું સત્ર ચાલી રહ્યું છે ને ગૌતમ અદાણીએ ભારતમાં લાંચ આપેલી એ સહિતના મુદ્દા ગાજી રહ્યા છે ત્યારે ભાજપે ગૌતમ અદાણીની દલાલી કરવા કૉંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધીના અમેરિકન જ્યોર્જ સોરોસ સાથેના સંબધોની રેકર્ડ વગાડવા માંડી છે. ભાજપે તો અમેરિકાનું વિદેશ મંત્રાલય ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરે છે એવો ગંભીર આક્ષેપ પણ કર્યો છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં આ મુદ્દા ગાજી રહ્યા છે પણ રાજ્યસભામાં ચેરપર્સન જગદીપ ધનખડ વિપક્ષને બોલવા નથી દેતા એવો વિપક્ષોનો આક્ષેપ છે.

રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે ચર્ચામાં ચેરમેન જગદીપ ધનખડે પક્ષપાતી વલણ દાખવ્યું છે એવા આક્ષેપ સાથે કૉંગ્રેસ આ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી રહી છે. જગદીપ ધનખડ સામે વિપક્ષનો સૌથી મોટો આક્ષેપ એ છે કે તેમણે વિપક્ષને વિશ્વાસમાં લીધા વગર જ્યોર્જ સોરોસના મામલે ચર્ચા શરૂ કરી દીધી હતી. ધનખડે ભાજપના નેતાઓને મનફાવે એમ બોલવાની તક આપી જ્યારે વિપક્ષોને બોલવા નથી દેવાતા.

આ અવિશ્વાસ પ્રસ્તાવ કૉંગ્રેસ લાવવાની છે પણ તેને મમતા બેનરજીની ટીએમસી, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી અને અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીનું સમર્થન મળ્યું છે એ જોતાં સમગ્ર વિપક્ષ એક હોય તેવું લાગી રહ્યું છે.

જગદીપ ધનખડે વિપક્ષોને મનાવવા માટે સોમવારે તમામ સાંસદો સાથે બેઠક કરેલી પણ તેમાં કોઈ નિવેડો ના આવ્યો. ધનખડે મંગળવારે પાછી બેઠક કરી પણ વિપક્ષો ધનખડ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા અડી જતાં રાજકીય ઘમાસાણનાં એંધાણ છે. જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાની હિલચાલ પહેલાં પણ કરાયેલી પણ પછી વિપક્ષો માની ગયા હતા. આ વખતે વિપક્ષો માનવાના મૂડમાં નથી પણ કેટલાંક ટેક્નિકલ કારણોસર વર્તમાન સત્રમાં આ દરખાસ્ત નહીં આવે એવું લાગે છે.

રાજ્યસભાના ચેરમેનને હટાવવાની દરખાસ્ત લાવવા માટે ઓછામાં ઓછા રાજ્યસભાના ૫૦ સાંસદોની સહીઓની જરૂર પડે છે. વિપક્ષો પાસે ૭૦ સાંસદોની સહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે તેથી એક જરૂરીયાત તો પૂરી થઈ પણ બીજી શરત ૧૪ દિવસની છે. ઉપરાષ્ટ્રપતિ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા માટે ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલા નોટિસ આપવી પડે પણ સંસદનું વર્તમાન સત્ર ૨૦ ડિસેમ્બરે પૂરું થઈ જવાનું છે તેથી અત્યારે નોટિસ અપાય તો પણ વર્તમાન સત્રમાં તો દરખાસ્ત નહીં જ લવાય.

ઉપરાષ્ટ્રપતિ સામે અવિશ્વાસની દરખાસ્ત લવાય એ સારી વાત નથી પણ કમનસીબે જગદીપ ધનખડે રાજ્યસભાના ચેરપર્સનના હોદ્દાનું ગૌરવ નથી જાળવ્યું તેથી વિપક્ષોનો વાંક કાઢી શકાય તેમ નથી. ભારતમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભાના સ્પીકર વગેરે સૌથી મહત્ત્વના બંધારણીય હોદ્દા છે. આ બંધારણીય હોદ્દાઓ પર નિમણૂક તો રાજકીય રીતે જ થાય છે પણ એક વાર કોઈ પણ રાજકારણી આ બંધારણીય હોદ્દા પર બેસી જાય પછી તેણે તટસ્થ બનીને વર્તવાનું હોય છે. ભારત લોકશાહી દેશ છે ને લોકશાહીના જતન માટે પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને વર્તવું જરૂરી છે. ભારતમાં લોકશાહીના જતન માટે બંધારણીય જોગવાઈઓ છે, તંત્રને ચલાવવાના નિયમો છે. બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિએ પોતે જે રાજકીય પક્ષ કે વિચારધારામાંથી આવે છે તેને નહીં પણ દેશના બંધારણને અને નિયમોને વફાદાર રહેવાનું હોય છે.

રાષ્ટ્રપતિની તટસ્થતાની બહુ કસોટી થતી નથી કેમ કે તેમણે રોજબરોજ એવા નિર્ણયો લેવાના નથી હોતા કે જેના કારણે એ રાજકીય બાબતોથી પર થઈને વર્તી રહ્યા છે કે નથી વર્તી રહ્યા એવું લાગે પણ લોકસભાના સ્પીકર અને ઉપરાષ્ટ્રપતિ એટલે કે રાજ્યસભાના ચેરપર્સનની આકરી કસોટી થતી હોય છે કેમ કે તેમણે સંસદ ચલાવવાની છે. જે પક્ષે તેમને આ બંધારણીય હોદ્દા પર બેસાડ્યા છે એ રાજકીય પક્ષ નિયમોની ઐસીતૈસી કરે ત્યારે લાલ આંખ કરીને સંસદના ગૃહની ગરિમા જાળવવામાં તેમનું અસલી કૌવત હોય છે.

લોકશાહીમાં પ્રજાએ ચૂંટેલો દરેક પ્રતિનિધિ મહત્ત્વનો હોય છે તેથી શાસક અને વિપક્ષ બંને મહત્ત્વના હોય છે. બંનેમાંથી કોઈને અન્યાય ના થાય એ રીતે લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના ચેરપર્સને વર્તવાનું હોય છે પણ જગદીપ ધનખડ એ રીતે વર્તવામાં નિષ્ફળ રહ્યા છે અને રાજ્યસભાના ચેરપર્સનના ગૌરવને જાળવવામાં પણ નિષ્ફળ રહ્યા છે એ હકીકત છે. ધનખડ ખુલ્લેઆમ ભાજપની તરફદારી કરે છે અને રાષ્ટ્ર માટે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરાવવાના બદલે ભાજપની નેતાગીરી ઈચ્છે એ મુદ્દે જ ચર્ચા થવા દે છે.

તાજેતરમાં જ સેબીનાં ચેરમેન માધવી બૂચ સામે થયેલા અત્યંત ગંભીર પ્રકારના આક્ષેપોથી માંડીને ભારતના લદાખ સહિતના પ્રદેશોમાં ચીનની ઘૂસણખોરી સહિતના ઘણા મહત્ત્વના મુદ્દા વિપક્ષે ઉઠાવ્યા પણ ધનખડ તેની ચર્ચાની મંજૂરી જ નથી આપતા. આ બધા રાષ્ટ્રના હિતને લગતા મુદ્દા છે ને તેની પણ રાજ્યસભામાં ચર્ચા ના કરી શકાય તો પછી તેને પ્રજાનું પ્રતિનિધિ ગૃહ કઈ રીતે ગણી શકાય ? વાસ્તવમાં ધનખડ ભાજપના હાઈકમાન્ડ પર વિપક્ષો પ્રહાર કરી શકે એવા કોઈ પણ મુદ્દાની ચર્ચા કરાવતા જ નથી ને સામે ભાજપના સાંસદો ગમે તે બકવાસ કર્યા કરે તો પણ તેમને રોકતા નથી.

જો કે વિપક્ષો ભલે ગમે તે માને પણ ધનખડ પાસેથી તટસ્થતાની કે બીજી કોઈ અપેક્ષા રખાય એમ નથી. ધનખડ રાજ્યસભાના ચેરપર્સન તરીકે વર્તવાના બદલે ભાજપના નેતા તરીકે વર્તી રહ્યા છે કેમ કે નરેન્દ્ર મોદીની મહેરબાનીથી એ દેશના બીજા નંબરના સૌથી મહત્ત્વના બંધારણીય હોદ્દા પર બેઠા છે. ધનખડ મૂળ ભાજપના નથી પણ નરેન્દ્ર મોદીને તેમના પર ગમે તે કારણસર હેત ઊભરાઈ આવ્યું તેમાં બંગાળના રાજ્યપાલ જેવો મોટો હોદ્દો મળી ગયો હતો. ધનખડે મોદીના આ અહેસાસનો બદલો ચૂકવવા ને પોતાની વફાદારી સાબિત કરવા ભાજપવાળા કરતાં વધારે ઝનૂનીથી મમતા બેનરજી સામે લડ્યા હતા.

ચા કરતાં કીટલી ગરમ એ હિસાબે ધનખડ મમતાને ભિડાવવાની એક તક છોડતા નહોતા. ધનખડે પાણીમાંથી પોરા કાઢી કાઢીને મમતાને પરેશાન કર્યા પણ મમતાનું કશું ઉખાડી ના શક્યા. જો કે તેમણે જે વફાદારીથી મમતાને પરેશાન કર્યા તેના પર વારી જઈને મોદીએ તેમને ઉપરાષ્ટ્રપતિ બનાવી દીધા. ધનખડ પશ્ચિમ બંગાળના રાજભવનથી રાજ્યસભામાં તો આવી ગયા ને દેશના ઉપરાષ્ટ્રપતિ પણ બની ગયા પણ ઉપરથી ઓર્ડર લેવાની ને એ રીતે વર્તવાની આદત જતી નથી તેથી ધનખડ રાજ્યસભાના ચેરપર્સનના હોદ્દાનું ગૌરવ જાળવી શકતા નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૧૧-૧૨-૨૦૨૪, મોક્ષદા એકાદશી, મૌની એકાદશી, (જૈન), ગીતા જયંતી

- ભારતીય દિનાંક ૨૦, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ - ૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી સવારે ક. ૧૧-૪૭ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં સવારે ક. ૧૧-૪૭ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ (અ. લ. ઈ.)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૭-૨૧, રાત્રે ક. ૨૧-૧૫
- ઓટઃ બપોરે ક. ૧૪-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૮ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - એકાદશી. મોક્ષદા એકાદશી, મૌની એકાદશી (જૈન), ગીતા જયંતી, બુધનો પૂર્વ ઉદય, પંચક સમાપ્તિ ક. ૧૧-૪૮, વિષ્ટિ ક. ૧૪-૨૮થી ૨૫-૧૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, પૂષાદેવતાનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, મહુડાના ઔષધીય પ્રયોગો, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, અભિષેક, પુરુસુક્ત અભિષેક, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, નવા વાસણ, વાહન, યંત્ર આરંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, પશુ લે-વેંચ, નવી નોકરી, ધાન્ય ભરવું, ખેતીવાડીના કામકાજ, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, બાળકને પ્રથમ વખત કુળદેવી દેવતાના દર્શન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. બુધનો પૂર્વમાં ઉદય થાય છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક વક્રી મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# સાર્વજનિક બેન્કોની ગ્રોસ એનપીએ ૩.૧૬ લાખ કરોડ રૂપિયાઃ કેન્દ્ર સરકારે સંસદમાં આપી જાણકારી

નવી દિલ્હીઃ સરકારે મંગળવારે સંસદમાં જણાવ્યું હતું કે જાહેર ક્ષેત્રની બેન્કો (પીએસબી) ની ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ) ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૩.૧૬ લાખ કરોડ રૂપિયા હતી, જે બાકી લોનના ૩.૦૯ ટકા છે. કેન્દ્રિય નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ)ના કામચલાઉ ડેટા મુજબ, પીએસબી અને ખાનગી ક્ષેત્રની બેન્કોની ગ્રોસ એનપીએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં અનુક્રમે ૩,૧૬,૩૩૧ કરોડ રૂપિયા અને ૧, ૩૪,૩૩૯ કરોડ રૂપિયા હતી.

તેમણે કહ્યું હતું કે તે સિવાય બાકી લોનની ટકાવારીના રૂપમાં ગ્રોસ એનપીએ જાહેર ક્ષેત્રની બેન્કોમાં ૩.૦૯ ટકા અને ખાનગી ક્ષેત્રની બેન્કોમાં ૧.૮૬ ટકા હતી. ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં ૫૮૦ અનન્ય ઋણધારકો (વ્યક્તિઓ અને વિદેશી ઋણ લેનારાઓ સિવાય), જેમાંથી પ્રત્યેકની ૫૦ કરોડથી વધુની લોન બાકી છે, તેમને અનુસૂચિત કોમર્શિયલ બેન્કો દ્વારા જાણીજોઇને ડિફોલ્ટર્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે .

ઇન્સોલ્વેન્સી એન્ડ બેન્ક્પ્સી કોડની કામગીરી મારફતે બેન્કો દ્વારા ઉકેલાયેલા કેસોની સંખ્યા અને નુકસાનની રકમ અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં ચૌધરીએ કહ્યું હતું કે આંકડાઓ અનુસાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી ૧,૦૬૮ કોર્પોરેટ નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયાઓમાં રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે આ પ્રસ્તાવોથી બેન્કો સહિત ધિરાણકર્તાઓ પાસેથી ૩.૫૫ લાખ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. તે સિવાય આ મામલામાં બેન્કો સહિત લેણદારોના કુલ દાવાઓ ૧૧.૪૫ લાખ કરોડ રૂપિયા હતો જ્યારે કુલ લિક્વિડેશન મૂલ્ય ૨.૨૧ લાખ કરોડ રૂપિયા હતું. ■



**પૂજાઃ કર્ણાટકના પ્રથમ મુખ્ય પ્રધાન કે.સી. રેડ્ડીના ગ્રાન્ડ ડૉટર ઈન લૉ વસંતા કવિતાએ મંગળવારે શિયાળુ સત્ર દરમિયાન ભગવાન કૃષ્ણની મૂર્તિ સાથે પાર્લામેન્ટ હાઉસની મુલાકાત લીધી હતી. પોતાની માન્યતા પ્રમાણે જરૂરી દૈનિક પૂજા કરી શકાય તે માટે કવિતા કર્ણાટકથી કૃષ્ણ ભગવાનની મૂર્તિ લઈને આવ્યાં હતાં. (એજન્સી)**

# મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ લોકો ભાગ લેશે

મહાકુંભ નગર (ઉત્તર પ્રદેશ) : દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડાઓમાંના એક મહાકુંભ ૨૦૨૫માં આવનારા ભક્તોની સચોટ ગણતરી સુનિશ્ચિત કરવા માટે ત્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)થી સજ્જ કેમેરા લગાવવામાં આવશે. એક નિવેદનમાં સરકારે કહ્યું હતું કે પ્રયાગરાજમાં કુંભ અથવા મહા કુંભમાં શ્રદ્ધાળુઓની ચોક્કસ સંખ્યાની ગણતરી કરવા માટે અત્યાર સુધી કોઈ ચોક્કસ ટેક્નોલોજી નથી. જો કે, આ વખતે યોગી આદિત્યનાથની સરકાર એઆઇથી સજ્જ કૅમેરાની સાથે-સાથે અન્ય ઘણી ટેક્નોલોજીની પણ મદદ લઈ રહી છે, જેથી મહાકુંભમાં આવનારા એક-એક શ્રદ્ધાળુઓની ગણતરી કરી શકાશે અને તેમને ટ્રેક પણ કરી શકાશે.

આ અંગે ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતે જણાવ્યું હતું કે આ વખતે મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ લોકો આવવાની સંભાવના છે જે અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ હશે. તેમના મતે આટલી મોટી સંખ્યામાં લોકોની ગણતરી અને તેમના નજર રાખવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે ભક્તો પર નજર રાખવા માટે મેળાના વિસ્તારની અંદર ૨૦૦ સ્થળોએ લગભગ ૭૪૪ અસ્થાયી સીસીટીવી કેમેરા લગાવવામાં આવી રહ્યા છે, જ્યારે શહેરની અંદર ૨૬૮ સ્થળોએ ૧૧૦૭ સ્થાયી સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. ડિવિઝનલ કમિશનરે જણાવ્યું કે, એટલું જ નહીં, ૧૦૦થી વધુ પાર્કિંગ સ્પોટ પર ૭૨૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

પંતે કહ્યું હતું કે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (આઈસીસીસી) અને પોલીસ લાઈન કંટ્રોલ રૂમ સિવાય અરેલ અને ઝુંસી વિસ્તારોમાં નિરીક્ષણ કેન્દ્રો પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાંથી શ્રદ્ધાળુઓ પર નજર રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ડિવિઝનલ કમિશનરે કહ્યું કે આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ગણતરી કરવી એ એક મોટો પડકાર છે, પરંતુ આમાં એઆઇનો ઉપયોગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે. તેમણે કહ્યું હતું કે, એઆઈ સજ્જ કેમેરા મહાકુંભમાં આવનારા ભક્તોની ગણતરી કરવા માટે દર મિનિટે ડેટા અપડેટ કરશે. ઘાટ પર આવતા ભક્તો પર નજર રહેશે. આ સિસ્ટમ સવારે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી એક્ટિવ રહેશે.

ઉત્તર પ્રદેશનાં પ્રયાગરાજમાં આગામી મહાકુંભ મહોત્સવ ૪,૦૦૦ હેક્ટરમાં આયોજિત થનારો અત્યાર સુધીનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો હશે. આ મહોત્સવમાં લગભગ ૪૦ કરોડથી વધુ લોકો ઊમટી પડશે.

આ માહિતી ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા સોમવારે અમદાવાદમાં આયોજિત મહાકુંભ રોડ શો દરમિયાન આપવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ સરકારના બે પ્રધાનો એકે શર્મા અને કપિલ દેવ અગ્રવાલે ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી વચ્ચે યોજાનાર વિરાટ ધાર્મિક મહોત્સવ માટે રોડ શો દ્વારા લોકોને આમંત્રણ આપ્યું હતું.

એકે શર્મા અને કપિલ દેવ અગ્રવાલ મહાકુંભ બાબતે ચર્ચા કરવા અને આમંત્રણ આપવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે ગાંધીનગરમાં મુલાકાત કરી હતી. સોમવારે તેમણે એક પત્રકાર પરિષદને સંબોધી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં ૪૫ દેશોના રાજદૂતો પણ મહાકુંભની મુલાકાત લેશે.

ઉત્તર પ્રદેશના શહેરી વિકાસ પ્રધાને જણાવ્યું હતું કે, અમે ૪૦ કરોડથી વધુ લોકો આવવાની આશા રાખી રહ્યા છીએ, જે ૨૦૧૨માં યોજાયેલા છેલ્લા મહાકુંભ મેળા કરતા લગભગ બમણા છે. મેળાનું આયોજન ૪,૦૦૦ હેક્ટરમાં કરવામાં આવશે, જેમાં પાર્કિંગ માટે ૧,૮૦૦ હેક્ટરનો સમાવેશ થાય છે. અમે અહીં ગુજરાતના લોકોને આમંત્રિત કરવા આવ્યા છીએ.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા વિવિધ દેશોના વિદેશી મિશનોને આમંત્રણો આપવામાં આવ્યું હતું અને ભારતમાં ૪૫ દેશોના રાજદૂતોએ કુંભ મેળામાં તેમની હાજરીની ઈચ્છા વ્યક્ત કરી હતી. મહાકુંભ ૧૨ વર્ષમાં એકવાર આયોજિત થતો હિંદુ ધર્મનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો છે. શર્માએ કહ્યું હતું કે, પ્રયાગરાજમાં શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે યુપી સરકારે વિવિધ વ્યવસ્થાઓ કરી છે. કુંભના મુલાકાતીઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. આરોગ્ય, સ્વચ્છતા, બોર્ડિંગ અને પાર્કિંગ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અમે ૧.૬૦ લાખ તંબુઓ અને ૧.૫૦ લાખ કામચલાઉ શૌચાલય સ્થાપિત કર્યા છે. ત્રિવેણી સંગમ પર નવ ઘાટ અને કેટલાક હંગામી ઘાટ પણ ભક્તોના પવિત્ર સ્નાનની સુવિધા માટે તૈયાર કરવામાં આવ્યા છે. શર્માએ જણાવ્યું હતું કે, પરેડ ગ્રાઉન્ડ પર ૧૦૦ બેડની એક હૉસ્પિટલ બનાવવામાં આવી છે અને દરેકમાં ૨૦ બેડવાળી બે વધુ હૉસ્પિટલો અને ૮ બેડવાળી નાની હૉસ્પિટલો પણ શ્રદ્ધાળુઓ માટે તૈયાર કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આર્મી હૉસ્પિટલ દ્વારા સ્થળ પર ૨૯૧ એમબીબીએસ ડોક્ટરો, ૯૦ આયુર્વેદિક અને યુનાની નિષ્ણાતો અને ૧૮૨ નર્સિંગ સ્ટાફ સાથે બે ૧૦ બેડવાળા બે આઈસીયુ પણ ઊભા કરવામાં આવ્યા છે. તે ઉપરાંત આ હૉસ્પિટલોમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો માટે અલગ વોર્ડ બનાવવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રયાગરાજને ત્રિવેણી સંગમ અથવા ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતી નદીના સંગમ માટે હિંદુ ધર્મના પવિત્ર શહેરોમાંનું એક માનવામાં આવે છે. કુંભ મેળો પાણીમાં ધાર્મિક ડૂબકી જાણીતો છે, આ ધાર્મિક મેળાવડામાં નાના મોટા અસંખ્ય મેળાઓ, સંતો દ્વારા ધાર્મિક પ્રવચનો, સાધુઓ અથવા ગરીબોને સામૂહિક ભોજન અને મનોરંજનના કાર્યક્રમો પણ આયોજિત કરવામાં વ્યા છે.

# ઈઝરાયલનું લશ્કર સિરિયામાં ઘૂસી ગયું

દમાસ્કસ : ઈઝરાયલે સિરિયામાં ભારે હવાઈહુમલા કર્યા હતા અને એનાં લશ્કરી દળો પ્રચંડ ઘૂસણખોરી કરીને રાજધાની દમાસ્કસથી ૨૫ કિલોમીટરની અંદર આવી ગયા હતા એવી માહિતી સિરિયાના વિરોધ પક્ષના વોર મોનિટરે આપી હતી. એસોસિયેટેડ પ્રેસના સંવાદદાતાઓએ દમાસ્કસમાં ભારે હવાઈહુમલાના અવાજ સોમવારે રાત્રે અને મંગળવારે સાંભળ્યા હતા. ઓનલાઈનમાં ફેલાયેલા ફોટોગ્રાફમાં તૂટી ગયેલા મિસાઈલ લોન્ચર, હેલિકૉપ્ટર અને લડાયક વિમાનો નજરે પડે છે. અગાઉ સિરિયાના પ્રમુખ બશર અસદ અને તેમના પરિવારને લઇ

જતાં વિમાનને વિદ્રોહીઓએ તોડી પાડ્યું હોવાનો અને તેથી તેઓ માર્યા ગયા હોવાનો દાવો કરાય છે. તેમના નિવાસસ્થાને લૂંટફાટ કરાઇ હતી. દમાસ્કસ પર બળવાખોરોએ કબજો લઇ લીધો હતો.

પ્રમુખ દમાસ્કસથી સહપરિવાર રવિવારે વિમાનમાં બેસીને અજાણ્યા સ્થળે જવા રવાના થયા હતા, પણ તેમનું વિમાન અચાનક રડારમાંથી અદૃશ્ય થયું હતું. બળવાખોરોએ પ્રમુખનું વિમાન અંદાજે ૩,૬૫૦ મીટરની ઊંચાઇએ હતું ત્યારે તોડી પાડ્યું હોવાનું કહેવાય છે. સિરિયાની સરકાર લાંબો સમય ચાલેલા આંતરવિગ્રહ બાદ તૂટી પડી હતી.

સિરિયાના વડા પ્રધાન મહંમદ ગાઝી જલાલીને રવિવારે સશસ્ત્ર દળો ઑફિસમાંથી એક હોટેલમાં લઇ જતાં હોય એવી વીડિયો ક્લિપિંગ્સ બળવાખોરો દ્વારા સંચાલિત સોશિયલ મીડિયા પર મૂકવામાં આવી હતી.

સિરિયાની રાજધાનીમાં રવિવારે ઠેરઠેર ગોળીબાર અને ધડાકા સંભળાતા હતા. અનેક લોકો સરકારના પતનની ઉજવણી કરવા શેરીઓમાં ભેગા થયા હતા. દમાસ્કસ વિમાનમથક ખાલી કરાવ્યું હતું અને ત્યાં આવતી-ઉપડતી બધી ફ્લાઇટ રદ કરાઇ હતી.

બળવાખોરોએ સાયદનાયામાંની લશ્કરની કુખ્યાત જેલમાંના કેદીઓને મુક્ત કરાવ્યા હતા.

બળવાખોરો રાજધાનીમાં મોટી સંખ્યામાં પ્રવેશતા સિરિયાના લશ્કર અને અન્ય સરકારી સુરક્ષા દળોએ ત્યાંથી પીછેહઠ કરી હતી.

અગાઉ, સિરિયાના પ્રમુખ બશર અસદ દેશ છોડીને અજાણ્યા સ્થળે જવા રવાના થયા હતા. બળવાખોરોએ દમાસ્કસમાં ઘૂસીને મોટા પાયે અરાજકતા ઊભી કરી હતી.

સિરિયાના વડા પ્રધાન મહંમદ ગાઝી જલાલીએ બળવાખોરો સાથે હાથ મિલાવવાની તૈયારી પણ બતાવી હતી.

સિરિયાની રાજકીય તેમ જ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે સઉદી અરેબિયા, રશિયા, ઇજિપ્ત, તુર્કી અને ઇરાનના વિદેશપ્રધાનો અને રાજદ્વારીઓની ખાસ બેઠક કતારમાં મળી હતી. તુર્કી સિરિયાના બળવાખોરોને મદદ કરતું હોવાનું કહેવાય છે. સિરિયાના પ્રમુખ બશર અસદ અને તેમના પરિવારનું વિમાન તોડી પડાયું, તેની પહેલા તેઓની જોર્ડન નાસી જવાની યોજના હોવાનું ચર્ચાઇ રહ્યું હતું.

લેબેનોનમાં જ સિરિયાના અંદાજે ૭,૬૮,૩૫૩ નિરાશ્રિત લોકો નોંધાયા હતા, પણ લેબેનોન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધને પગલે અનેક લોકો ત્યાંથી પણ નાસી ગયા હતા. (એજન્સી)

# કેન્દ્ર સરકારે મર્ચન્ટ શિપિંગ બિલ લોકસભામાં રજૂ કર્યું

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે મંગળવારે લોકસભામાં મર્ચન્ટ શિપિંગ બિલ, ૨૦૨૪ રજૂ કર્યું હતું જેમાં આંતરરાષ્ટ્રીય વેપારના અવસરોનો વિસ્તાર કરવા, જહાજોની માલિકી માટે પાત્રતા માપદંડો વધારવા અને ભારતીય ટન ભારમાં વધારો કરવાની જોગવાઈઓ છે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના સભ્યોના હોબાળા વચ્ચે ગૃહમાં બિલ રજૂ કર્યું હતું. આ બિલ મર્ચન્ટ શિપિંગ એક્ટ, ૧૯૫૮માં સુધારો કરવા માટે લાવવામાં આવ્યું છે.

કૉંગ્રેસના સભ્ય મનીષ તિવારી અને તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ સૌગતા રાયે આ બિલ રજૂ કરવાની સરકારની કાયદાકીય ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા હતા. સોનોવાલે કહ્યું હતું કે મર્ચન્ટ શિપિંગ બિલ, ૨૦૨૪ બંધારણીય જોગવાઈઓ હેઠળ લાવવામાં આવી રહ્યું છે અને કાયદાકીય બાબતોના વિભાગે તેનું સમર્થન કર્યું છે.

બિલના ઉદ્દેશ્યો અને કારણોમાં કહેવામાં આવ્યું છે કે તાજેતરનાં વર્ષોમાં વેપારી શિપિંગ ઉદ્યોગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર ફેરફારો થયા છે જેના કારણે આ ક્ષેત્ર વિવિધ પડકારોનો સામનો કરી રહ્યું છે.તેમાં કહેવામાં આવ્યું છે કે આ પડકારોને પહોંચી વળવા અને વ્યવસાય કરવાની સરળતા વધારવા માટે ૧૯૫૮ના કાયદામાં સુધારાઓ જરૂરી બની ગયા છે જેથી ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો થાય, અનુપાલનનો બોજ ઓછો થાય, વૈશ્વિક શિપિંગ માર્કેટમાં ભારતની હાજરીને મજબૂત કરવા માટે ભારતીય ધ્વજને આધીન ટન ભારની ગુણવતા અને માત્રા વધારવા તથા દરિયાઈ પ્રદૂષણ અટકાવવું વગેરે સામેલ છે.

બિલના ઉદ્દેશ્યો અનુસાર, આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને મર્ચન્ટ શિપિંગ એક્ટ, ૧૯૫૮ને રદ્દ કરવા અને ઊભરતી અર્થવ્યવસ્થાના રૂપમાં ભારતની અપેક્ષાઓને પૂરી કરવા માટે એક સમકાલીન, ભાવિ-લક્ષી અને ગતિશીલ કાયદો એટલે કે મર્ચન્ટ શિપિંગ બિલ, ૨૦૨૪ લાવવો જરૂરી બની ગયો છે.

# ભૂતપૂર્વ વિદેશ પ્રધાન એસ. એમ. કૃષ્ણનું નિધન

બેંગલુરુ : કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભારતના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન એસ. એમ. કૃષ્ણાનું મંગળવારે પરોઢિયે નિધન થયું હતું. ૯૨ વર્ષના નેતાએ રાજકીય ઉપલબ્ધીની બધી ઊંચાઈ સર કરી હતી. તેઓ મુત્સદીગીરી અને જાહેર સેવાનો સમૃદ્ધ વારસો મૂકી ગયા છે. સોમનહલ્લી માલૈયા કૃષ્ણ સંસ્કારી, સુશિક્ષિત અને ઈર્ષ્યા આવે એટલું શૈક્ષણિક ભણતર ધરાવતા હતા. તેમણે ૧૯૬૨માં મદ્દુરમાં સ્વતંત્ર વિધાનસભ્ય તરીકે ચૂંટાઈને પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ કૃષ્ણાએ મંગળવારે બપોરે પોણાત્રણ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. કૃષ્ણા થોડા સમયથી બીમાર હતા. કૌટુંબિક સાધનોએ માહિતી આપી હતી કે તેમનો મૃતદેહ મંગળવારે મદ્દુર લાવવામાં આવશે.

દરમિયાન પીઢ રાજકારણી અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના નિધનને પગલે કર્ણાટક સરકારે ત્રણ દિવસનો શોક જાહેર કર્યો હતો. રાજ્ય સરકારે ૧૧ ડિસેમ્બરને જાહેર રજા ઘોષિત કરી હતી. તેમની અંતિમક્રિયા સરકારી સમ્માન સાથે માંડ્યા જિલ્લાના સોમનહલ્લીમાં બુધવારે થશે.

## વાવ પેટા ચૂંટણીમાં જીત બાદ સ્વરૂપજી ઠાકોરે વિધાનસભામાં ધારાસભ્ય તરીકેના શપથ લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર વિજયી થયા બાદ મંગળવારે વિધાનસભામાં ધારાસભ્ય તરીકેના શપથ લીધા હતા. સ્વરૂપજી ઠાકોરની શપથ વિધિ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના કાર્યાલયમાં સંપન્ન થઈ હતી. વાવ વિધાનસભાની જીત ભાજપ માટે ઘણી મહત્વની મનાય છે. આ વિજય સાથે જ ભાજપને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન સાંસદ ગેનીબેનના ગઢમાં ગાબડું પાડવામાં સફળતા મળી હતી. આ પ્રસંગે સ્વરૂપજી ઠાકોરે જાહેર કર્યું હતું કે, આ જીત તેમના મતવિસ્તારના દરેક વર્ગના લોકોના સહકાર અને મહેનતથી શક્ય બની છે. તેમણે જણાવ્યું હતું કે, આ જીત માત્ર મારી નથી, તમામ લોકોની છે. મારા મતવિસ્તારમાં દરેક વર્ગના લોકોના આશીર્વાદ સાથે મને આ સન્માન પ્રાપ્ત થયું છે. વાવ વિસ્તારની મુખ્ય સમસ્યા, સિંચાઈના પાણીની અછત હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈનું પાણી એ સૌથી મોટી સમસ્યા છે અને હું તેના તાત્કાલિક ઉકેલ માટે કામ કરીશ. પછીના તબક્કે અન્ય વિકાસકામોને પૂરું કરીશ. સ્વરૂપ ઠાકોરે સ્પષ્ટ કહ્યું હતું કે, તેઓ તેમનું ધ્યાન પૂરેપૂરું ક્ષેત્રના કલ્યાણ પર કેન્દ્રિત કરશે. તેઓએ જણાવ્યું કે, વિકાસકાર્યમાં શિક્ષણ, આરોગ્ય, અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મૂળભૂત મુદ્દાઓ પર ખાસ ધ્યાન અપાશે.

## બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચારો મુદ્દે અમદાવાદમાં રેલી: માનવસાંકળ રચી વિરોધ દર્શાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બાંગ્લાદેશમાં તખ્તાપલટ થયા બાદ હિન્દુઓ પર અત્યાચારો વધ્યા છે, હિંદુઓની સ્થિતિ અત્યંત કફોડી અને દયનીય બની ગઈ છે.

આ મામલે છેલ્લા ઘણા સમયથી ભારતમાં વિરોધ પ્રદર્શન અને આંદોલન થઈ રહ્યાં છે. જે અંતર્ગત અમદાવાદમાં હિન્દુ હિત રક્ષક સમિતિ, ભાજપ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સાથે મળીને વલ્લભ સદન રિવરફ્રન્ટ ખાતે વિશાળ માનવ સાંકળનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮ થી ૯ સુધી વલ્લભ સદનથી ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક સુધી માનવસાંકળ રચાઈ હતી. અને સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરનાં વિવિધ બોર્ડમાંથી લગભગ ૨૦૦ જેટલા લોકો સહિત ભાજપના સંત સમિતિના સભ્યો પણ રિવરફ્રન્ટ ખાતે હાજર રહ્યા હતા. આ ઉપરાંત બાંગ્લાદેશમાં અત્યાચાર બંધ કરો, બંધ કરો સહિત વિવિધ નારા લગાવવામાં આવી રહ્યા છે. માનવસાંકળમાં જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી સહિત ભાજપના બોર્ડ પ્રમુખ અને ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. આ સાથે જ ચિન્મય દાસજી મહારાજને મુક્ત કરવા જેવા નારા લગાવ્યા હતા. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં હિન્દુ સમાજની જે સ્થિતિ છે, તે આપણા માટે શરમજનક છે. બાંગ્લાદેશમાં મૂર્તિઓ ખંડિત થઈ રહી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયાસોથી બાંગ્લાદેશમાં શાંતિ સ્થપાઈ તેવી માગણી કરું છું.

ભાડજ હરે ક્રિષ્ના મંદિરના શ્યામચરણ દાસજીએ કહ્યું હતું કે, ઘણાં વર્ષોથી બાંગ્લાદેશમાં હિન્દુ પર અત્યાચાર થઇ રહ્યા છે. ઘણાં વર્ષોથી મૂર્તિઓ ખંડિત કરવામાં આવે છે. પૂજારીઓની હત્યા કરવામાં આવી રહી છે, જેથી હિન્દુ સમાજ અને સમર્થકોમાં આક્રોશ છે. કોઈપણ દેશમાં પોતાના ધર્મનું પાલન કરવામાં આવે તેની સ્વતંત્રતા આપવી જોઈએ અને તેનો ભંગ કરનાર સામે યોગ્ય પગલાં લેવાં જોઈએ.

## ખ્યાતિકાંડ મુદ્દે કેન્દ્રની ટીમના ગુજરાતમાં ધામા: અધિકારીઓ સાથે બેઠક કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલમાં બે દર્દીના ખોટા ઑપરેશનથી મોત થયા બાદ કેસના ધમધમાટ વચ્ચે કેન્દ્રીય આરોગ્ય ટીમે ગુજરાતમાં ધામા નાખ્યા છે. રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બે અધિકારીઓની ટીમ દ્વારા બેઠક યોજીને શરૂઆતથી લઈ અત્યાર સુધીની તપાસની તમામ ઝીણવટભરી માહિતી મેળવવામાં આવી હતી. રિપોર્ટ મુખ્યમંત્રી કાર્યાલયને મોકલવાનો પણ આદેશ કર્યો હતો.

ગુજરાત સરકાર પણ સમગ્ર પ્રકરણમાં વધુ ગંભીર બની હતી અને મુખ્ય પ્રધાનના સલાહકાર હસમુખ અઢીયાએ પણ પીએમજેએવાય, એસએચએ, ૧૦૮ સહિતના વિભાગોના અધિકારીઓ સાથે બેઠક કરીને ગોટાળા મામલે મુખ્યમંત્રી કાર્યાલયને સીધો રિપોર્ટ કરવા સૂચના આપી હતી. શંકાસ્પદ હૉસ્પિટલોની ચકાસણી કરવાના પણ આદેશ આપ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, ક્રાઇમ બ્રાંચ દ્વારા ૧૦૦થી વધુ લોકોને પૂછપરછ માટે તેડું મોકલવામાં આવ્યું છે. સમગ્ર કૌભાંડમાં આરોગ્ય અને વિમા અધિકારીઓની મીલીભગતની શંકા વ્યકત થઇ જ રહી છે ત્યારે પીએમજેએવાય યોજનાના સીએમઓ તથા વિમા કંપનીના પ્રાદેશિક મેનેજરને પણ તપાસ માટે તેડાવાયા હતા. ખ્યાતિ હૉસ્પિટલ સાથે સંકળાયેલા તમામની પૂછપરછ થવાનો સંકેત તપાસનીશ અધિકારીએ આપ્યો હતો.

## ઊંઝા માર્કેટ યાર્ડ પર કબજા માટે ભાજપનાં જ ત્રણ જૂથો વચ્ચે ખેંચતાણ, ૧૬મી ડિસેમ્બરે મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઊંઝા એપીએમસીની ચૂંટણી પહેલા જ કાવાદાવાઓ શરૂ થઈ ગયા છે. ગુજરાતની સૌથી વધુ સમૃદ્ધ ગણાતી ઊંઝા એપીએમસી પર કબજો જમાવવા માટે ભાજપના જ બેથી ત્રણ ગ્રૂપ વચ્ચે ખેંચતાણ વધતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. વેપારીઓના ચાર અને ખેડૂતોના દસ મળી ૧૪ ઉમેદવારોની જગ્યા માટે ઉમેદવારી પત્રક પાછા ખેંચાયા બાદ ૩૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. તેમાંથી ખેડૂત પ્રતિનિધિ તરીકેની ૧૦ જગ્યા માટે ૨૦ ઉમેદવાર અને વેપારીઓના ચાર પ્રતિનિધિની જગ્યા માટે ૧૬ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. ચૂંટણી સમરસ નહીં થાય તો આગામી ૧૬મી ડિસેમ્બરે મતદાન યોજવામાં આવશે. એપીએમસી પર પોતાનું વર્ચસ્વ વધારવા દિનેશ પટેલ, કિરીટ પટેલ અને નારાયણ લલ્લુના પુત્ર ગૌરાંગ પટેલ આકાશપાતાળ એક કરી રહ્યા છે. તેમ જ પૂર્વ વાઈસ ચેરમેન અરવિંદ પટેલ પણ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

એપીએમસીના પૂર્વ સચિવ વિષ્ણુ પટેલ પણ ચૂંટણીમાં સક્રિય બની પોતાનું વર્ચસ્વ વધારવા પ્રયત્નશીલ છે. જો કે આ તમામ પર ભૂતકાળમાં ભ્રષ્ટાચાર આચરવાનો આરોપ લગાડવામાં આવ્યો હતો. પરંતુ સંસ્થા મોટી હોવાથી તેઓ તેના પર પકડ જાળવી રાખવા સક્રિય રહ્યા છે.

ભાજપ તરફથી સહકારી સંસ્થાઓની ચૂંટણીમાં સામાન્ય રીતે મેન્ડેટ અપાય છે. પરંતુ આ વખતે અત્યાર સુધીમાં કોઈ જ મેન્ડેટ આપવામાં આવ્યો નથી, જેથી આ ચૂંટણીમાં બિનહરીફ થયેલા દિનેશ પટેલે કહ્યું હતું કે, જિલ્લા ભાજપના પ્રમુખ ગિરીશ રાજગોર અને સાંસદ હરિભાઈ પટેલે આ ચૂંટણીમાં ભાજપના સભ્યોને બિનજરૂરી ફોર્મ ભરવાથી દૂર રહેવા કે ફોર્મ ભર્યા હોય તો પાછા ખેંચી લેવા સમજાવ્યા હતા. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની મુદત પૂરી થઈ તે પહેલા તો ૧૦૦થી વધુ જણાએ ફોર્મ ભર્યાં હતાં. ભાજપના બંને નેતાઓએ ચૂંટણી યોજાયા વિના જ સમરસ પદ્ધતિથી ઉમેદવારોની પસંદગી થઈ જાય તે માટેના પ્રયાસોને અત્યાર સુધીમાં સફળતા મળી નથી. ચૂંટણી સમરસ થવાની શક્યતા હાલને તબક્કે ઓછી જણાય છે.

ઊંઝા માર્કેટ યાર્ડની યોજાયેલી ચૂંટણી માટે આગામી ૧૬મી ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. જેમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચાયા બાદ હવે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે. ખેડૂત વિભાગના ૨૬૧, વેપારી વિભાગના ૮૦૫ મળીને કુલ ૧૦૬૬ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પસંદગીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સનું ભાવિ નિર્ધારિત કરશે. ત્યારબાદ બીજા દિવસે ૧૭મી ડિસેમ્બરે મતગણતરીના અંતે પરિણામો જાહેર કરાશે.

## મહેસાણા નસબંધીકાંડમાં ટી.એચ.ઓ.એ ટાર્ગેટ આપ્યાનો ખુલાસો: શિક્ષાત્મક કાર્યવાહીની નોટિસમાં ચીમકી

અમદાવાદ: મહેસાણા નસબંધીકાંડ મામલે દરરોજ નવા ઘટસ્ફોટ થતા રહે છે. જિલ્લા આરોગ્ય અધિકારીઓએ નસબંધી માટે ટાર્ગેટ આપવામાં આવ્યો હોવાની વાત નકારી કાઢી હતી. જો કે આ દરમિયાન જ કડી તાલુકા હેલ્થ ઓફિસરની એક નોટિસ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, ૨૪ ઓક્ટોબરના રોજ અપાયેલી નોટિસમાં ત્રણ માસમાં કામગીરી પૂર્ણ ન થાય તો શિક્ષાત્મક કાર્યવાહીનો નોટિસમાં ઉલ્લેખ છે. કડી ટી.એચ.ઓ દ્વારા અન્ય આરોગ્ય કેન્દ્રોને કામગીરી કરવા માટે ટાર્ગેટ આપવામાં આવતો હોય તેવી નોટિસ બહાર આવી છે. કડી ટી.એચ.ઓ. ડો.ધર્મેશ પટેલ દ્વારા કડી તાલુકાના ડાંગરવા, ઝુલાસણ, મેડા આદરજ અને કરણનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને નોટિસ આપવામાં આવી હતી. ડોક્ટર ધર્મેશ પટેલ દ્વારા ૨૪ ઓક્ટોબરના રોજ આ નોટિસ આપવામાં આવી હતી.

ટી.એચ.ઓ.એ કુટુંબ નિયોજનના શૂન્ય ઓપરેશન કરનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરોને નોટિસ આપીને ખુલાસો કરવાનું જણાવ્યું હતું અને જો ખુલાસો કરવામાં નહીં આવે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી પણ નોટિસમાં આપી હતી. આ સાથે જ નસબંધીકાંડમાં ‘ટાર્ગેટ’ ન અપાતો હોવાનો દાવો પોકળ સાબિત થયો હતો. આ સમગ્ર મામલે જિલ્લા વિકાસ અધિકારીએ (ડીડીઓ) ડૉક્ટર જસમીન હસરતએ જણાવ્યું હતું કે, તપાસ કમિટીની રચના કરી જવાબદાર સામે પગલાં લેવામાં આવશે. મહેસાણાના શેઢાવી ગામના યુવકને થોડાંક સમય અગાઉ જામફળીના ખેતરમાં લઈ જઈ દારૂ પીવડાવીને કુંવારો હોવા છતાં તે નસબંધી કરવામાં આવી હતી. જે બાદ મહેસાણાના જમનાપુરના યુવકને બીજા લગ્ન કરે તે પહેલાં જ આરોગ્ય તંત્ર દ્વારા તેની નસબંધી અડાલજ ખાતે કરી દેવામાં આવી હતી. જે બાદ એકાએક નસબંધીકાંડ સામે આવતાં સમગ્ર ગુજરાત રાજ્યમાં હડકંપ મચી જવા પામ્યો હતો. આ મામલે મહેસાણા આરોગ્ય વિભાગ દ્વારા આ મામલે બે કર્મચારીને સસ્પેન્ડ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

## આણંદના તારાપુર બગોદરા સિક્સલેન હાઈવે પર ગમખ્વાર અકસ્માત: બેનાં મોત અને ત્રણ ઘાયલ

અમદાવાદ: ગુજરાતમાં અકસ્માતોના કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે. આણંદના તારાપુર બગોદરા સિક્સલેન હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨ લોકોના ઘટનાસ્થળ પર જ મોત થયાં હતાં અને ૩ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી પ્રમાણે તારાપુરના વરસડા પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં હાઇવે ઉપર શ્વાન આવી જતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા પલટી મારી ગઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢમાં ગત રોજ થયેલા અકસ્માતમાં ૭ લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો.

પાંચ મિત્રો વડોદરાથી સાળંગપુર દર્શન કરવા માટે જઇ રહ્યા હતા, તે દરમિયાન તેમને કાળ ભરખી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ૨ લોકોનું ઘટના સ્થળ પર જ પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. અને હાલમાં ૩ ની હાલત ગંભીર હોવાના કારણે તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વડોદરાના નાગરવાડાના પ્રવીણ પંડ્યા અને અટલાદરાના જીગ્નેશ વસાવાનું અકસ્માતમાં મોત થયું હતું.

## અમદાવાદમાં નશામાં ધૂત બિલ્ડરની કારમાંથી રોકડા એક કરોડ રૂપિયા મળતાં ચકચાર

અમદાવાદ: અમદાવાદમાં નશો કરીને વાહન ચલાવતાં એક ડ્રાયવરની કારમાંથી દારૂની બોટલ અને એક કરોડ રોકડા મળી આવતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી. બિલ્ડર નશામાં કાર ચલાવી રહ્યો હતો, ત્યારે પોલીસે કારચાલકને ઊભો રાખી તપાસ કરતાં ચાલક નશામાં હોવાનો ખુલાસો થયો હતો. પૂછપરછ દરમિયાન તેણે રૂપિયા ધંધાનું હોવાનું જણાવ્યું હતું. રાત્રે ચેકિંગ કરી રહેલી પોલીસે બિલ્ડરની કાર રોકાવી તલાશી લેતાં રોકડા એક કરોડ રૂપિયા મળી આવ્યા હતા. આ પછી ઈસનપુર પોલીસે નશામાં ધૂત બિલ્ડરની ધરપકડ કરી હતી. કાર લઈને પસાર થતા બિલ્ડર પાસેથી રૂપિયા એક કરોડ ઝડપાયા હતા. દારૂ પીને બેફામ ગાડી ચલાવતો બિલ્ડર ધનરાજ પટેલ પોલીસના સકંજામાં આવ્યો હતો. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આરોપી બિલ્ડર સાઇટ ચલાવે છે. બિલ્ડર પાસે દારૂની પરમિટ હતી પરંતુ તે દારૂ પીધેલી હાલતમાં હતા અને પરમિટ માત્ર સ્ટોક કરવાના માટે હતી, પરંતુ તેની પરમિશન ડ્રિંક એન્ડ ડ્રાઈવની નહોતી. જેથી ઈસનપુર પોલીસે બિલ્ડર સામે ડ્રિંક એન્ડ ડ્રાઈવની ફરિયાદ નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

## અમદાવાદમાં લંડનથી આવેલા એનઆરઆઈ યુવકની મિત્રએ જ કરી હત્યા

અમદાવાદ: અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા કથળી છે, દિવસને દિવસે ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે. શહેરમાં લંડનથી આવેલા એનઆરઆઈ યુવકની હત્યાથી ચકચાર મચી ગઈ હતી. અમદાવાદના શાહપુરમાં ચાર દિવસ પહેલાં લંડનથી આવેલા યુવક પર જીવલેણ હુમલો થયો હતો. યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતક નિહાલ પટેલની તેના મિત્ર અતુલ ઓઝાએ જ હત્યા કરતાં ચકચાર મચી ગઈ હતી. બંને મિત્રો વચ્ચે બોલાચાલી થયા બાદ આરોપીએ ઉશ્કેરાઈને મિત્ર પર હુમલો થયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા નિહાલ પટેલને સારવાર અર્થે ખસેડાયો હતો. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. નિહાલ છેલ્લાં ચાર વર્ષથી લંડનમાં રહેતો હતો અને પાંચ દિવસ પહેલા અમદાવાદ આવ્યો હતો. મૃતકે નિહાલ અને જય ઘટના બની તે દિવસે સાથે જ હતા. આખો દિવસ મસ્તીમાં પસાર થયા બાદ મોડીરાતે નિહાલે મસ્તી-મસ્તીમાં જયની માતાને ગાળ આપી હતી. જેથી જયને લાગી આવ્યું હતું અને બાદમાં છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા અને ફોન પરિવારને આપી નાસી ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા નિહાલને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, સારવાર દરમિયાન મોત થતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. પોલીસે આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

## ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી: સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડ વેવની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શિયાળાએ પોતાનો અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દીધું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. જેની સીધી અસર ગુજરાત ઉપર વર્તાઈ રહી છે.

ગાત્રો થીજવતી ઠંડીના કારણે જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. રાજ્યનાં ૭થી વધુ શહેરોમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની નીચે પહોંચી ગયો હતો. નર્મદા જિલ્લામાં તો ૫.૧ ડિગ્રી જેટલી ઠંડી નોંધાઈ હતી. જેના કારણે સ્થાનિકો જાણે કે કાશ્મીરમાં રહેતા હોય એવો અનુભવ થયો હતો. જ્યારે કચ્છના નલિયામાં ૬.૪ ડિગ્રી, ડાંગમાં ૮.૨ ડિગ્રી, વલસાડમાં ૮.૭ ડિગ્રી, થરાદમાં ૯.૪ ડિગ્રી તથા દાહોદમાં ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મોટાભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીથી લઈને ૧૫ ડિગ્રી વચ્ચે રહ્યું હતું. અમદાવાદમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૩.૭ ડિગ્રી નોંધાયું હતું, પરંતુ ઠંડીની સાથે સાથે બર્ફીલા પવન ફૂંકાતાં લોકોએ અમદાવાદમાં માઉન્ટ આબુ જેવા વાતાવરણનો અનુભવ કર્યો હતો.

ગુજરાતમાં ઠંડીનો પારો એકદમ નીચે પહોંચી ગયો છે. આગામી દિવસોમાં ગુજરાતમાં હજી પણ ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ગુજરાત હવામાન વિભાગે રાજ્યમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી કરી હતી. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં છેલ્લા ૨ દિવસથી ઠંડાગાર પવન ફૂંકાઈ રહ્યા છે. આ કારણે જ તાપમાન અચાનક ગગડી ગયું છે અને કાતિલ ઠંડીથી લોકો ઠુંઠવાઈ રહ્યા છે.

## રાજકોટમાં અશાંત ધારાના કડક પાલન મુદ્દે ધારાસભ્ય દર્શિતા શાહે કલેક્ટરને રજૂઆત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં જે વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવામાં આવ્યો છે, તે પૈકી અમુક વિસ્તારોમાં કડક રીતે અમલ થતો ન હોવાનો સૂર ભાજપમાંથી ઊઠ્યો હતો. ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે કલેક્ટરને રજૂઆત કરી હતી કે, વોર્ડ નંબર ૧,૨,૩,૭ અને ૮માં અશાંત ધારાનું કડક રીતે પાલન થતું નથી. વારંવાર કાયદાનો ભંગ થઈ રહ્યો હોવા છતાં યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યાં નથી. આ ઉપરાંત નવા વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી અને કલેક્ટર સમક્ષ ઝડપથી કાર્યવાહી થાય તેવી માગ કરી હતી. છેલ્લા બે વર્ષથી નવા વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા માટેનું સૂચન કરવામાં આવ્યું છે તો તે બાબતે પણ ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. અશાંત ધારાનું કડક રીતે અમલીકરણ થતું ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ અગાઉ નોટિસ આપ્યા પછી પણ રહેવાસીઓ દ્વારા કોઈ ગંભીરતા લેવામાં ન આવતી હોવાનું ધારાસભ્યએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપે પ્રધાનોને જવાબદારી સોંપી

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ એકશન મોડમાં આવી ગયું છે. ભાજપ દ્વારા પ્રધાનોને જવાબદારી સોંપવામાં આવી છે. કૅબિનેટની મળેલી બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ચર્ચા કરવામાં આવી હતી અને જિલ્લા મુજબ મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી હતી. રાજ્ય ચૂંટણીપંચ દ્વારા પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. રાજ્યમાં ૯૪ ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ નિયુક્તના આદેશ આપવામાં આવ્યા હતા. ગયા મહિને સ્થાનિક સ્વરાજ્યની બેઠકોની ફાળવણી કરવામાં આવી હતી. રાજ્યની ૭૯ નગરપાલિકાને બેઠકની ફાળવણી કરવામાં આવી હતી. રાજ્યમાં ૨૭ ટકા અનામત લાગુ થતાં બેઠકોની ફાળવણી તથા સિમાંકનમાં ફેરફાર થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થવાની સંભાવના છે.

## અમદાવાદમાં ચેપી રોગચાળાનો ભરડો, સોલા સિવિલમાં ૧૯૫૦ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કડકડતી ઠંડીથી લોકો ઠુંઠવાઈ રહ્યા છે. કાતિલ ઠંડીના કારણે શરદી, ખાંસી, કફ, તાવ, મલેરિયા, વાઇરલ ઈન્ફેક્શન જેવી બીમારી વધી રહી છે. અમદાવાદમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગત મહિના કરતાં આ અઠવાડિયે વાઇરલ ઇન્ફેક્શન કેસોમાં વધારો જોવા મળ્યો હતો. અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં મલેરિયા અને વાઇરલ ઈન્ફેક્શનના આશરે ૧૯૫૦થી પણ વધુ કેસ નોંધાયા છે.

મળતી વિગતો મુજબ, સોલા સિવિલમાં નોંધાયેલા કેસોમાં મલેરિયાના ૪૯૦ શંકાસ્પદ કેસો પૈકી ૧૬ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે વાઇરલ ઈન્ફેક્શનના ૧૪૬૩ જેટલા કેસ નોંધાયા છે. આ સાથે ડેન્ગ્યુના ૧૧૨ શંકાસ્પદ કેસો પૈકી ૩ કેસ પોઝિટિવ આવ્યા છે. તેમજ ચિકનગુનિયાના ૧૫ જેટલા કેસ નોંધાયા છે. જેમાંના એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ પણ આવ્યો છે. આ સાથે ઓપીડીના ૧૧,૦૮૯ કેસ અને આઈપીડીના ૧૦૮૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ઝાડા-ઊલટીના ૩ કેસ, ટાઈફોઈડના ૩ કેસ અને વાઇરલ હિપેટાઇટિસના ૬ કેસ નોંધાયા છે.

આ અંગે અમદાવાદ સોલા સિવિલ હૉસ્પિટલના આરએમઓ ડો. દેવાંગભાઈ શાહે જણાવ્યું હતું કે, હાલ ઠંડીની સિઝન ચાલી રહી છે. ત્યારે આ વાતાવરણની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડતી હોય છે. જેના લીધે નાની-મોટી બીમારી જોવા મળતી હોય છે.

## ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૨ ડિસે.એ ૫૦૦થી વધુ સરકારી કર્મચારીઓને નિમણૂક પત્ર અપાશે

અમદાવાદ: ગુજરાતનાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૫૦૦ થી વધુ સરકારી નોકરિયાતને નિમણૂક પત્ર આપવામાં આવશે. પાટનગર ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર ખાતે ૧૨મી ડિસેમ્બરે સવારે ૧૧ કલાકે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આ નિમણૂક પત્ર આપવામાં આવશે.મળતી માહિતી મુજબ, આ વિશેષ કાર્યક્રમ દરમિયાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે પંચાયતનાં ૨૭૮ મદદનીશ ઇજનેર, ૧૪૮ પ્લાનિંગ આસિસ્ટન્ટ, ૫૧ સર્વેયર અને સાયન્સ ટેક્નોલોજીનાં ૩૧ કર્મચારીઓને ઓર્ડર આપવામાં આવશે. આ ઉપરાંત, બીડગાર્ડ અને અન્યને ડિસેમ્બર મહિનાનાં અંત સુધીમાં નિમણૂક પત્ર આપવામાં આવશે.

## ગુજરાત સરકારે બૌદ્ધ હેરિટેજ સ્થળોનાં સંરક્ષણ, પ્રચાર માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે મંગળવારે રાજ્યમાં બૌદ્ધ વારસો, તેનાં સ્થળોના સંરક્ષણ અને પ્રચાર માટે બિહાર સ્થિત સંસ્થા સાથે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (ટીસીજીએલ) અને બોધગયા વિજાલય ૯૮૦ સંસ્થાએ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ચોથી મેકોંગ ગંગા ધમ્મ યાત્રા પ્રતિનિધિમંડળના સભ્યોની હાજરીમાં એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ અને વિકાસમાં સહકાર માટે અને રાજ્યમાં બૌદ્ધ સર્કિટના સ્થળોના વૈશ્વિક પ્રમોશન માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા એમ રિલીઝમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોથી મેકોંગ ગંગા ધમ્મ યાત્રા થાઈલેન્ડના બેંગકોકમાં શરૂ થઈ છે અને આ યાત્રાનું પ્રતિનિધિમંડળ ૨ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન ભારતના વિવિધ ભાગોની મુલાકાત લઈ રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એક પ્રાચીન બૌદ્ધ મઠના અવશેષોની મુલાકાત લીધા બાદ યાત્રાના પ્રતિનિધિઓએ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન પટેલ સાથે મુલાકાત કરી હતી.પ્રતિનિધિમંડળે તેમની યાત્રાના ભાગરૂપે ઉત્તર ગુજરાતમાં દેવની મોરી ખાતે બૌદ્ધ પુરાતત્ત્વીય સ્થળની પણ મુલાકાત લીધી હતી. બેઠક દરમિયાન, યાત્રાના પ્રતિનિધિઓએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને માહિતી આપી હતી કે થાઈલેન્ડથી ભારત સુધીની આ ઐતિહાસિક યાત્રાનો ઉદ્દેશ્ય મેકોંગ અને ગંગા સંસ્કૃતિ વચ્ચેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને વધુ ગાઢ બનાવવાનો હતો.તેમણે જણાવ્યું હતું કે, આ યાત્રાનો હેતુ વિશ્વભરમાં બૌદ્ધ ધર્મના ઉપદેશોનો ફેલાવો, પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ વધારવા અને શાંતિને પ્રોત્સાહન આપવાનો છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટઃ શંકા દૂર કરવા મહિને ૮,૦૦૦થી વધુ કોલ આવે છે

મુંબઈઃ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ દ્વારા ધારાવીના રહેવાસીઓ સાથે જોડાવાના અને તેમના પ્રશ્નોને દૂર કરવાના તેના પ્રયાસો વધુ સઘન કર્યા છે જેમાં ધારાવી માટે જ અલાયદું કોલ સેન્ટર, સમયાંતરે સમુદાય માટે બેઠકો અને સર્વે પહેલાની જાગૃતિ ઝુંબેશનો સમાવેશ થાય છે.

કોલ સેન્ટર મરાઠી, હિન્દી, તમિલ, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના જાણકાર એવા ૧૦ ટેલિકોલર્સની ટીમ ધરાવે છે અને રહેવાસીઓ માટે હાલમાં ચાલી રહેલા ડોર-ટુ-ડોર સર્વે વિશે જાણ કરવા અને તેમના પ્રશ્નોના જવાબ આપવા માટે દર મહિને ૮,૦૦૦થી વધુ કોલ્સ કરે છે અને કોલ્સ પ્રાપ્ત પણ કરે છે. ટોલ-ફ્રી હેલ્પલાઇન (૧-૮૦૦-૨૬૮-૮૮૮૮)નો વધુ સક્રિયપણે ઉપયોગ કરે. અમે આ કામગીરીની વધુ સારી પહોંચ માટે કોલ્સની સંખ્યા પણ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

ધારાવીકરને સીધા સંપર્ક ઉપરાંત, અન્ય જાગૃતિ પહેલની શ્રેણી અમલમાં મૂકી છે. તેમાં ડોર ટુ ડોર મુલાકાત, પેમ્ફલેટનું વિતરણ અને સ્લમ સોસાયટીઓ સાથે મોટા પાયે સામુદાયિક બેઠકોનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે, અમે ધારાવીકરોને રિડેવલપમેન્ટ સ્કીમના લાભો અને આ વિશાળ પ્રોજેક્ટમાં સર્વેક્ષણ એક પગથિયું છે તે વિશે માહિતી આપવા અને શિક્ષિત કરવા-જાગૃતિ લાવવા માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રયાસ કરી રહ્યા છીએ. ધારાવીકરોએ તેમાં ભાગ લેવા માટે આગળ આવવું જોઈએ અને શક્ય તેટલો વહેલો સર્વે પૂર્ણ કરવામાં મદદ કરવી જોઈએ.

## ગૌતમ અદાણી મુખ્ય પ્રધાનને મળ્યા

મુંબઈઃ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ મંગળવારે મહારાષ્ટ્રના નવનિયુક્ત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ફોન કર્યો હતો અને તેમના સત્તાવાર નિવાસસ્થાને મળ્યા હતા. બંનેની મીટિંગ દક્ષિણ મુંબઈમાં આવેલા નસાગરથ બંગલોમાં થઇ હતી. બંને વચ્ચેની આ ઔપચારિક મુલાકાત હતી. અદાણી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની શપથવિધિમાં નહોતા જઇ શક્યા એટલે તેમને મળ્યા હતા, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

## માર્ચ સુધીમાં મેટ્રો વરલી સુધી દોડી શકશેઃ કફ પરેડ માટે જૂન સુધી રાહ જોવી પડશે

મુંબઈઃ કોલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો-૩ લાઈનનો આરે-બીકેસી દરમિયાનનો પહેલો તબક્કો સેવામાં શરૂ કરી દેવામાં આવ્યો. બીકેસી-કફ પરેડ સુધીનો બીજો તબક્કો કયા સમયથી શરૂ થશે એ માટે મુંબઈગરાને ઈંતેજારી છે. મુંબઈગરાની ઈંતેજારીનો અંત આવવાનો છે. જોકે બીકેસી-કફ પરેડ નહીં, પણ બીકેસી-આચાર્ય અત્રે ચોક, વરલી સુધીનો તબક્કો માર્ચ, ૨૦૨૫ સુધી સેવામાં કાર્યરત થઇ જશે.તબક્કા ટૂ-એમાં આ તબક્કો ટ્રાફિક સેવામાં દાખલ થવાનો હોવાથી તેનું સંચાલન શરૂ થઇ જવાથી મુંબઈગરો આરેથી આચાર્ય અત્રે ચોક સુધી અંડરગ્રાઉન્ડ પ્રવાસ કરી શકશે. બીજી બાજુ આચાર્ય અત્રે ચોકથી કફ પરેડનો બીજો તબક્કો જૂન, ૨૦૨૫ સુધીમાં શરૂ થઇ જશે, એવું એમએમઆરસીનું પ્લાનિંગ છે.આ આખી લાઈન ટ્રાફિક સેવામાં ઉપલબ્ધ થયા બાદ તેને ઉત્તમ પ્રતિસાદ સાંપડશે, એવો દાવો એમએમઆરસી દ્વારા કરવામાં આવી રહ્યો છે. આને કારણે શક્ય હોય એટલું ઝડપી આ તબક્કાનું પણ કામ પૂરું કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હોવાનું એમએમઆરસીના અધિકારીએ જણાવ્યું હતું.

## મુંબઈમાં તાપમાનમાં ફરી વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મહાબળેશ્વર કરતા પણ વધુ ઠંડી નોંધાયા બાદ મંગળવારે તાપમાનમાં ફરી વધારો જણાયો હતો. સોમવારે તાપમાનનો પારો ૧૩.૭ સુધી નીચો ગયો હતો, તેમાં મંગળવારે લઘુતમ તાપમાન અચાનક ૧૮ ડિગ્રીએ પહોંચી ગયું હતું.હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ પવનોની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં વધારો અપેક્ષિત હો. બુધવારે પારો હજી ૨૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. તાપમાનમાં વધારા માટે બંગાળના ઉપસાગરમાં તથા હિંદ મહાસાગરમાં રહેલા લો પ્રેશર જવાબદાર માનવામાં આવે છે. તેને કારણે પૂર્વ તરફથી ગરમ પવનો ફૂંકાઈને તાપમાનમાં વધારો થઈ શકે છે.

## પાંચમા પાનાનું ચાલુ

### ૨૨ વાહનને

અકસ્માતમાં સામેલ વાહનોની યાદી તૈયાર કરી છે અને અત્યાર સુધીમાં અમારી પાસે ૨૨ વાહનો રેકોર્ડ પર છે. અમે એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે શું બેસ્ટ બસના ડ્રાઇવર સંજય મોરેએ વધુ વાહનોને અડફેટમાં લીધા હતા. પહેલી ડિસેમ્બરથી બેસ્ટની ઇલેક્ટ્રિક બસ ચલાવવાની શરૂઆત કરનારો સંજય મોરે પત્ની અને પુત્ર-પુત્રી સાથે ઘાટકોપર વિસ્તારમાં રહે છે. કુર્લામાં સુનીલ મોરેએ સોમવારે રાતે અકસ્માત સર્જ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

### બે નાયબ

બાદ શનિવારથી ત્રણ દિવસ માટે વિધાનસભાનું સત્ર ચાલ્યું હતું. એવું ચર્ચાઈ રહ્યું છે કે શિંદેએ ગૃહ ખાતાનો તેમનો આગ્રહ છોડ્યો નથી પરંતુ ભાજપે તેના બદલે મહેસૂલ ખાતું છોડવાની તૈયારી દર્શાવી છે. જો છેલ્લી કેબિનેટની બેઠકમાં મહેસૂલ, નગર વિકાસ, જાહેર બાંધકામ, પરિવહન, આરોગ્ય વગેરે ખાતા શિવસેનાને જાય છે અને નાણાં, કૃષિ અને અન્ય કેટલાક ખાતાઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને જાય છે, તો ભાજપની પાસે પ્રમાણમાં વગદાર હાઉસિંગ, ગ્રામ વિકાસ, સહકાર ખાતા સિવાયના ગૌણ ખાતાઓ હોવાનું કહેવાય છે. ભાજપે ૧૩૨ બેઠકો જીતી છે અને શિવસેના અને એનસીપીમાં મોકલેલા ૧૧ વિધાનસભ્યો પણ ચૂંટાયા છે. તેથી ભાજપ વધુ પ્રધાનપદાં અને મહત્વપૂર્ણ ખાતાં ઈચ્છે છે. અત્યારે પણ ફડણવીસ, શિંદે અને પવાર વચ્ચેની ચર્ચા ઉકેલાઈ ન હોવાથી ૧૪ ડિસેમ્બર સુધી કેબિનેટનું વિસ્તરણ થશે કે કેમ તે અંગે શંકા છે. નાગપુરમાં ૧૬થી ૨૨ ડિસેમ્બર દરમિયાન વિધાનસભાનું શિયાળુ સત્ર યોજાઈ રહ્યું છે અને મહિનાના અંત સુધીમાં કેબિનેટનું વિસ્તરણ થવાની સંભાવના છે.

### મૃતદેહ પરથી

હતાં. તેઓ દેસાઈ હૉસ્પિટલની બહાર ઊભાં હતાં ત્યારે અચાનક એક બસે તેમને ટક્કર મારી હતી. તેમના મોબાઇલ પરથી ફોન આવતા અમે તરત ભાભા હૉસ્પિટલ પહોંચી ગયા હતા. કનીઝ અન્સારીને જ્યારે પાલિકા હૉસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં ત્યારે સોનાની બુટ્ટી હતી. ત્યારબાદ જ્યારે અમે હૉસ્પિટલમાં બીજી વખત મૃતદેહ જોયો, ત્યારે કાનની બુટ્ટી ગાયબ હતી. અમે વરિષ્ઠ અધિકારીઓ તેમજ હૉસ્પિટલના ડીનને આ અંગે જણાવ્યું હતું, પરંતુ તેમણે અમને પંચનામા થાય ત્યાં સુધી રાહ જોવાનું કહ્યું હતું. ભાભા હૉસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ પદ્મશ્રી આહિરે જણાવ્યું હતું કે કનીઝ અન્સારીના પરિવારના સભ્યોએ એક ઘટના (તેના શરીરમાંથી ઘરેણાંની ચોરીની) પર અમારું ધ્યાન દોર્યું છે. અમે હકીકત જાણવા માટે હોસ્પિટલના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી રહ્યા છીએ અને આ મામલે યોગ્ય કાર્યવાહી કરીશું.

### નોકરીના પહેલા દિવસે

મીટરના પટ્ટા પર ધસી જતાં અનેક વાહનો અને રાહદારીઓ સાથે અથડાઇ હતી. આફરીનના પિતા અબ્દુલ સલીમ શાહે પુત્રી સાથે છેલ્લે વાત કરી ત્યારે ઘરે પાછા ફરવા તેને રિક્ષા નહોતી મળી રહી એનો ઉલ્લેખ કરી પિતાએ જણાવ્યું કે ‘નવી કંપનીમાં કામ કરવાનો પહેલો દિવસ હતો. ઑફિસેથી છૂટ્યા પછી કુર્લા રેલવે સ્ટેશન પહોંચી પોતાને શિવાજી નગર માટે ઓટોરિક્ષા નહોતી મળી રહી એમ તેણે રાત્રે ૯.૦૯ વાગ્યે ફોન કરી જણાવ્યું હતું. એટલે મેં તેને હાઈવે તરફ જઈ રિક્ષા પકડવા કહ્યું. પણ રાત્રે ૯.૫૪ વાગ્યે મને મારી પુત્રીના ફોન પરથી ભાભા હોસ્પિટલના કર્મચારીનો ફોન આવ્યો હતો.’ અબ્દુલ ભાઈ તાબડતોબ હોસ્પિટલ પહોંચ્યા હતા જ્યાં તેમને કેઝ્યુઅલ વોર્ડમાં આફરીનનો મૃતદેહ મળ્યો હતો.

વ્યથિત પિતાએ કહ્યું હતું કે ’સરકારે આવા અકસ્માતોને રોકવા માટે જરૂરી પગલાં ભરવા જોઈએ. આ વિસ્તારના લોકો રસ્તા પર નથી ચાલી શકતા. વર્ષોથી પરિસ્થિતિ બદલાઈ નથી. ગેરકાયદે પાર્કિંગ, હોકિંગ, મેટ્રો રેલનું કામ અને અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓને કારણે આ સ્થળે ભીડ રહે છે. ઘણા લોકોએ તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે.’

### વિસ્તરણ ટૂંકમાં જ?

વિસ્તરણ કરવામાં આવ્યું નથી. તો પ્રધાનમંડળનું વિસ્તરણ કેમ અટકી ગયું છે? આ મામલે વિરોધીઓ દ્વારા અનેક તર્કવિતર્કો કરવામાં આવી રહ્યા છે.

એકનાથ શિંદે ગૃહખાતાના આગ્રહી છે. પરંતુ ભાજપ ગૃહખાતું શિંદે જૂથને સોંપવા તૈયાર નથી. જેના કારણે પ્રધાનમંડળના વિસ્તરણમાં વિલંબ થયો હોવાની ચર્ચા છે. દરમિયાન, શિવસેના શિંદે જૂથના પ્રવક્તા અને ધારાસભ્ય સંજય શિરસાટે આ બાબત સ્પષ્ટતા કરી છે.

સંજય શિરસાટે જણાવ્યું હતું કે,રાજ્યમાં ત્રણ પક્ષોની સરકાર છે. આ ત્રણેય પક્ષો વચ્ચે ખાતાની ફાળવણી થશે અથવા કેબિનેટમાં કોને સ્થાન મળશે અને કોને નહીં? આ મહાયુતિના ત્રણેય નેતાઓ નક્કી કરશે. ઘણા ધારાસભ્યો છે, પછી તેમાંથી કેટલાકની પસંદગી કરવી મુશ્કેલ કામ છે. વળી, પક્ષના નેતાએ એ પણ જોવાનું છે કે શું તેઓ ધારાસભ્યને નારાજ કરવા માગે છે? તેવા ઘણા પ્રશ્નો હોય છે. તેથી જ મંત્રીમંડળના વિસ્તરણમાં સમય લાગે છે. કેબિનેટની યાદી દિલ્હી ગઈ છે કે નહીં તેની મને જાણ નથી. જો કે, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કહેવા મુજબ ૧૬ ડિસેમ્બરથી શરૂ થતા શિયાળુ સત્ર પહેલા પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવશે. તેથી ૧૩ ડિસેમ્બર સુધીમાં કેબિનેટનું વિસ્તરણ થઇ શકે છે, એમ સંજય શિરસાટે જણાવ્યું હતું.

### શિવસેનામાં

પણ આ વખતે મંત્રાલય ઈચ્છે છે. વિધાનસભ્યોની મહત્વકાંક્ષાઓને કારણે શિંદેનો માથાનો દુખાવો વધી ગયો છે. તેમને નેતાઓને સંતુષ્ટ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ભરત ગોગાવલે અને પ્રતાપ સરનાઈકે ખુલ્લેઆમ એવી માગણી કરી છે કે તેમને પ્રધાનપદ મળવું જોઈએ, જ્યારે અન્ય કેટલાક વિધાનસભ્યો દબાયેલા અવાજમાં આવી ચર્ચા કરી રહ્યા છે. ગોગાવલેએ એવું નિવેદન પણ કર્યું હતું કે શિંદે સરકારમાં રહી ચૂકેલા પ્રધાનોને આ વખતે દૂર રાખવા જોઈએ અને નવા ચહેરાઓને તક આપવી જોઈએ. બીજી તરફ સંજય શિરસાટ પણ પ્રધાન બનવા માગે છે. અબ્દુલ સત્તાર, સંજય રાઠોડ, તાનાજી સાવંત અને દીપક કેસરકરને ફરીથી પ્રધાનપદ ન આપવું જોઈએ તેવું વલણ ભાજપે અપનાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આમાં શિંદે તાનાજી સાવંતનો આગ્રહ રાખી રહ્યા છે. અબ્દુલ સત્તાર સાથે કામ કરવું ખૂબ મુશ્કેલ છે. જો સત્તારને પ્રધાનપદ નકારવામાં આવશે તો તેઓ લડ્યા વિના નહીં રહે. રાઠોડની પાછળ તેમના સમાજની તાકાત છે એ બાબતને ધ્યાનમાં લેતાં શિંદે માટે તેમને હટાવવા મુશ્કેલ બનશે. તેની સરખામણીમાં શિવસેનાનું માનવું છે કે કેસરકર બહુ કંઈ નહીં કરે.

એક ઉચ્ચ કક્ષાના સૂત્રે જણાવ્યું હતું કે આઉટગોઇંગ પ્રધાનોની નારાજગી અને પ્રધાનપદ ન મેળવનારા નેતાઓની મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને શિંદેએ અઢી-અઢી વર્ષ માટે પ્રધાનપદની વહેંચણી કરવાનો નિર્ણય લીધો છે. આ મુજબ જેમને પ્રથમ તક મળશે તેઓની પાસેથી અઢી વર્ષ પછી રાજીનામું લઈને બીજા તબક્કામાં નવા વિધાનસભ્યોને પ્રધાનપદ આપવામાં આવશે. અલબત્ત, શિંદેનો આ ઉકેલ વિધાનસભ્યોને ક્યાં સુધી પચાવશે તે અંગે શંકા છે.

### ડ્રાઈવરે આવું કર્યું

બસને બેદરકારીપૂર્વક ચલાવી હતી કે કેમ તેની પણ તપાસ કરવાની જરૂર છે.

બીજી તરફ પોલીસની અરજીનો વિરોધ કરતાં ડ્રાઇવર મોરેના વકીલ સમાધાન સુલાનેએ કહ્યું હતું કે બસ ચાલુ હતી ત્યારે અચાનક સ્પાર્ક થયો અને મોરેએ કાબૂ ગુમાવ્યો હતો. આથી અકસ્માત માટે ડ્રાઇવર નહીં, પણ ઇલેક્ટ્રિક બસમાંની ખામી જવાબદાર હોવાનો દાવો તેમણે કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે આ વાહનોને ડ્રાઇવરોને સોંપતા પહેલા તેની સંપૂર્ણ તપાસ કરવાની જવાબદારી વહીવટીતંત્રની છે. દરમિયાન બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટ કોર્ટે ડ્રાઇવર મોરેને ૨૧ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

કુર્લા પશ્ચિમના એસ.જી. બર્વે માર્ગ જેવા ભરચક વિસ્તારમાં સોમવારે રાતે સંજય મોરેએ બેસ્ટની અંધેરી જનારી ૩૩૨ નંબરની બસ પરનો કાબૂ ગુમાવતાં આ અકસ્માત થયો હતો. અકસ્માત બાદ ડ્રાઇવર સંજય મોરેને સ્થાનિકોએ પકડી પાડ્યો હતો અને તેની મારપીટ કરી હતી. મોરેને બાદમાં પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. સંજય મોરે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ અને ૧૧૦ તેમ જ મોટર વેહિકલ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દરમિયાન સાક્ષીદારના જણાવ્યા અનુસાર કેટલાક લોકોએ બસના કન્ડક્ટરને ડ્રાઇવર સમજીને તેની પણ મારપીટ કરી હતી.

### કુર્લામાં બસ બંધ

કુર્લામાં બુદ્ધ કોલોની પરિસરમાં સોમવારે રાતના થયેલા અકસ્માત બાદ પોલીસે કુર્લા સ્ટેશનના રસ્તાને બંધ કરી દીધો હતો. તેથી બસ સ્ટેશનની છૂટનારી ૩૭,૩૨૦, ૨૧૯, ૩૨૫, ૩૩૦, ૩૫૫ અને ૪૪૬ બસ કુર્લા ડેપોથી દોડે છે. તેમ જ સાંતાક્રુઝ સ્ટેશનથી કુર્લા વચ્ચે દોડતી બસ નંબર ૩૧૧,૩૧૩ અને ૩૧૮ બસને ટિળક નગરથી ટર્ન આપીને કુર્લા સ્ટેશન પાસે નહીં લઈ જતા સાંતાક્રુઝ સ્ટેશન પાસે લઈ જવામાં આવે છે. બસ નંબર ૩૧૦ને પણ ટિળક નગર પૂલથી ટર્ન આપીને બાન્દ્રા સ્ટેશન પાસે લઈ જવામાં આવી રહી છે.

### બેસ્ટ તરફથી બે લાખનું વળતર

સોમવારના રાતના થયેલા એક્સિડન્ટની તપાસ કરવા માટે અને તાત્કાલિક નુકસાની ભરપાઈ કરવા માટે બેસ્ટ ઉપક્રમે ચીફ મેનેજર (ટ્રાન્સપોર્ટ) રમેશ મડવીના નેતૃત્વમાં સમિતિની સ્થાપના કરી છે. એ સાથે જ મૃતકોના સંબંધીને તાત્કાલિક મદદ સ્વરૂપે બે લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી છે. તેમ જ જખમી પર દવાનો ખર્ચ મુંબઈ મહાનગરપાલિકાની હૉસ્પિટલમાં બેસ્ટ ઉપક્રમ મારફત કરવામાં આવશે એવું બેસ્ટ ઉપક્રમે જણાવ્યું હતું.

### રાજ્ય સરકાર તરફથી પાંચ લાખનું વળતર

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટના માટે શોક વ્યક્ત કર્યો હતો. તે જ મૃતકોના વારસો માટે મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી પાંચ લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત કરી હતી. દેવેન્દ્ર ફડણવીસે આ બાબતે ટ્વિટ કરીને મૃતકોને શ્રધ્ધાંજલિ વ્યક્ત કરી હતી અને જખમીઓ જલદી સાજા થઈ જાય તે માટે તેઓ પ્રાર્થના કરી રહ્યા હોવાનું પણ કહ્યું હતું. તેમજ જખમીઓની સારવારનો ખર્ચ બેસ્ટ ઉપક્રમ અને મુંબઈ મહાનગરપાલિકાને કરવા માટે કહ્યું હતું.

### એક્સિડન્ટ માટે ઉદ્ધવની સેના જવાબદારઃ ભાજપ

ભાજપે આ એક્સિડન્ટનો દોષનો ટોપલો શિવસેના (યુબીટી) પર ઢોળ્યો હતો. હતું.બેસ્ટ દ્વારા ભાડા પર (લીઝ) પર બસ લેવાનો કૉન્ટ્રેક્ટ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નેતૃત્વમાં અને યુવા નેતા આદિત્ય ઠાકરેના આદેશ અનુસાર આપવામાં આવ્યું હોવાનો આક્ષેપ ભાજપે કર્યો હતો.

### કાંઈ સમજાય

હતો, તે બેસ્ટ દ્વારા લીઝ પર લેવામાં આવેલી બસ હતી.

કુર્લા (પશ્ચિમ) અને અંધેરી સ્ટેશન (પૂર્વ) વચ્ચે બેસ્ટની એ-૩૩૨ નિયમિત દોડે છે. હંમેશ મુજબ બસ એ-૩૩૨ સોમવારે રાતના ૯.૩૦ વાગે કુર્લા (પશ્ચિમ)માં એસ.જી.બર્વે રોડ પર અંજુમન ઈસ્લામ હાઈસ્કૂલ સામેથી જઈ રહી હતી ત્યારે અચાનક ફૂલ સ્પીડે દોડી રહેલી બસે ઓટો રિક્ષા, સ્કૂટર, ફોર વ્હીલર સહિત રાહદારીઓને અડફેડમાં લીધા હતા અને બાદમાં બસ એક સોસાયટીના ગેટ સાથે જોરદાર ભટકાઈ ગઈ હતી. બસની ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો લોકો હજી કંઈ સમજે એ પહેલા જ બસની અડફેટમાં ૫૦થી વધુ નાગરિકો આવી ગયા હતા, જેમાં અનેક લોકો ગંભીર રીતે જખમી થયા હતા.

રાતના એક્સિડન્ટ બાદ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ મચી ગયો હતો. રસ્તે ચાલી રહેલા લોકો તરત જખમીઓની મદદ માટે દોડી આવ્યા હતા. એક્સિડન્ટને કારણે ચારે તરફ લોહીનાં ખાબોચિયા અને જખમીઓની ચીખો સંભળાઈ રહી હતી. બનાવમાં ૪૯ નાગરિકો જખમી થયા છે. તો સાતનાં મૃત્યુ થયા છે. જખમીઓ પર જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ એક્સિડન્ટની વિગતવાર તપાસ કરવા માટે બેસ્ટના જનરલ મેનેજર (ટ્રાન્સપોર્ટ)ના અધ્યક્ષતા હેઠળ તપાસ સમિતિની સ્થાપના કરવામાં આવી છે. આ એક્સિડન્ટમાં મૃત્યુ પામેલા લોકોને બેસ્ટ ઉપક્રમ તરફથી બે લાખની મદદ આપવાની જાહેરાત કરવામાં આવી છે. તો મુખ્ય પ્રધાન તરફથી મૃતકોને પાંચ લાખનું વળતર જાહેર કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન બેસ્ટ બસના એક્સિડન્ટ બાદ તકેદારીનાં પગલારૂપે બેસ્ટ પ્રશાસને કુર્લા (પશ્ચિમ)માં બસ સ્ટેશનને સંપૂર્ણ રીતે બંધ કરી નાખ્યો હતો. તેથી મંગળવારે સવારના કામ પર જનારા લોકોને ભારે હાલાકી થઈ હતી.

## હિન્દુ મરણ

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી ગં. સ્વ. મીનાબેન (ઉં. વ. ૬૪) તા. ૯-૧૨-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમાબેન તથા અનંતરાય પ્રેમજી પારેખના પુત્રવધૂ. સ્વ. શિરીષભાઇના ધર્મપત્ની. તે ધવલના માતુશ્રી. કવિતાના સાસુ. તે અમરેલીવાળા સ્વ. પ્રભાબેન રમણીકલાલ જગજીવનદાસ ગાંધીની દીકરી. સર્વપક્ષી પ્રાર્થનાસભા વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ), તા. ૧૨-૧૨-૨૪ ગુરુવારના સાંજે ૪થી ૬.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

અ. સૌ. સ્વ. નીલમબેન ચંદ્રકાન્ત જોશી (ઉં. વ. ૭૨) રવિવાર, તા. ૮-૧૨-૨૪ના કૈલાસવાસ થયેલ છે. તે સ્વ. સાવિત્રીબેન અનંતરાઇ ઓઝાના ભાભી. બ્રિજેશ, જીગ્નેશ, રૂપેશ તથા ભક્તિબેન આનંદકુમારના માતુશ્રી. અને કૈલાશબેનના જેઠાણી. તે પિન્કી તથા અભિષાના સાસુ. અને આયુષી, હિયા, પરી, જાઝ, કાવ્યા, રાશિના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૨-૨૪ને ગુરુવારના સમય ૪થી ૬. ઠે. પાવન ધામ, ૧લા માળે, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

**નથુ તુલસી ઔદીચ્ય બ્રાહ્મણ**

મૂળ અલીયાબાડા નિવાસી હાલ ટીટવાળા સ્વ. પ્રફૂલચંદ્ર છોટાલાલ પંડયાના ધર્મપત્ની ગં. સ્વ. તારાબેન (ઉં. વ. ૭૮) તે રાકેશભાઇ, ભાવનાબેન સુનીલકુમાર જુન્ઝારરાવ તથા પૂજાબેન હિતેશકુમાર મહેતાના માતુશ્રી. અનિલભાઇ અને અશોકભાઇના ભાભી. માલવાણ નિવાસી સ્વ. જટાશંકર મોહનલાલ મહેતાના દીકરી. શ્વેતાના દાદી. માલવિકા અને ઇશાના નાની તા. ૯-૧૨-૨૪ના અવસાન થયેલ છે. સાદડી ગુરૂવારે તા. ૧૨-૧૨-૨૪ના સાંજે ૪થી ૫. ઠે. સોસાયટી ઓફિસ, ગાયત્રીધામ, સેક્ટર નં.૧, ગણપતિ મંદિર રોડ, ટીટવાળા (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

અંજાર નિવાસી હાલ મુલુંડ મનસુખલાલ વિશ્રામલાલ પવાણી (ઉં. વ. ૮૨) તા. ૭-૧૨-૨૪ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિશ્રામલાલ અને ભાગીરથી પવાણીના પુત્ર. સ્વ. પ્રભાબેન પવાણીના પતિ. પ્રીતિ વિશાલ ઠક્કર અને હિતેશ પવાણીના પિતા. વિશાલ કાંતિલાલ ઠક્કરના સસરા. સ્વ. દામજી ચત્રભોજ દૈયાના જમાઇ. સ્વ. જેષ્ટારામભાઇ, સ્વ. અરવિંદભાઇ, વીરેનભાઇ, મંગળબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૬૦૪, ડી વિંગ, સાયપ્રસ, વસંત ગાર્ડન પાસે, મુલુંડ પશ્ચિમ.

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. ગીતા રણજિત સંપટ (ઉં. વ. ૬૮) તે રણજિત વલ્લભદાસ સંપટના ધર્મપત્ની. તે સ્વ. વલ્લભદાસ લક્ષ્મીદાસ સંપટના પુત્રવધૂ. તે સ્વ. ચંપાબેન ચંદ્રસેન લીલાણીની સુપુત્રી. તે ચિરાગ, વરુણના માતુશ્રી. તે અ. સૌ. પૂજા ચિરાગના સાસુ. મિશાના દાદી. સ્વ. પ્રતાપસિંહ, સ્વ. નંદકુમાર, સ્વ. કૃષ્ણકુમાર તથા અશોક તેમ જ સ્વ. ભાનુબેન વિજયસિંહ આશર, અ. સૌ. રંજનબેન કિરણકુમાર કાપડિયાના ભાભી. તા. ૭-૧૨-૨૪ના શનિવારના રોજ ડોમ્બિવલી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાર્ગવ બ્રાહ્મણ**

કાંદિવલી નિવાસી શ્રી હરેશભાઈ સુરેન્દ્રલાલ દલાલ (ઉં. વ. ૮૧) ૯-૧૨-૨૪, ને સોમવારના સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વ. વિભૂતિ દલાલના પતિ, ચૈતાલી રાવલના પિતા, હેમાંગ રાવલના સસરા અને આયુષીના નાનાજી.તેઓની પ્રાર્થનાસભા ૧૧-૧૨-૨૪ ને બુધવારે સાંજના ૪થી ૬. રાખી છે. ઠે. પાવન ધામ, એમસીએ ગ્રાઉન્ડ નજીક, સત્યા નગર, કાંદિવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૬૭, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

રાજકોટ નિવાસી હાલ પુનાના સ્વ કાંતિલાલ જીવરાજભાઈ દાસાણીના ધર્મપત્ની ગં. સ્વ શાંતાબેન દાસાણી (ઉમરઃ૯૫) તે ૯/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. શિરીષભાઈ-હંસાબેન, કિર્તીકુમાર-કિર્તીદાબેન, સતીશ-રાજેશ્રી, સ્વ. ક્રિષ્નાબેન સુરેશભાઈ સુતરીયા તથા ગં. સ્વ ઉષાબેન કૃષ્ણકાંતભાઈ મહેતાના માતુશ્રી. સ્વ. અમિતભાઇ-જીજ્ઞાશા, સુમિત-ગુંજન, દર્શિના સમીર ચીટનીસ, પ્રિતી વિશાલ પોમલ, મીતા અમર દેવાણી, વંદના જય ખીમાણીના દાદી. તે સ્વ. વખતબેન નરસિંહદાસ કક્કડ રાજકોટવાળાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨/૧૨/૨૪ ના રોજ ૩ થી ૫ કલાકે એચ. વી દેસાઈ કોલેજ, સકાળ પ્રેસની પાછળ, શનિવારવાળા, પૂના રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મેવાડા વણિક**

સુરત નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન તથા સ્વ. રતિલાલ ચોખાવાલા ના સુપુત્ર જનાર્દન રતિલાલ ચોખાવાલા (ઉં. વ. ૮૨) હાલ બોરીવલી તે નલીનીબેનના પતિ. ગં. સ્વ. વિમળાબેન તથા સ્વ. રસિકલાલ પરીખના જમાઈ, સ્વ. વૈભવ તથા આનંદના પિતા. પ્રીતિ તથા દર્શનાના સસરા. અર્ણવ તથા વંદિતના દાદા, ચંદ્રિકા, દેવેશ, સ્વ. હરેન્દ્ર, જ્યોત્સના, હર્ષદ, દેવ્યાનીના ભાઈ તે શનિવાર તા.૭/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા ગુરુવાર તા.૧૨/૧૨/૨૪ ના સાંજે ૫ થી ૭ માં રાખેલ છે. સ્થળઃ ગ્રીન રિજ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી(ક્લબ હાઉસ), લિંક રોડ, ચીકુવાડી,શિમ્પોલી મેટ્રો સ્ટેશન પાસે, બોરીવલી (વેસ્ટ).

**દશા ખડાયતા વણિક**

રાજપીપળાના વતની, હાલઃ માટુંગા મુંબઈ, ડો. બિપીન મહેતા, (ઉં. વ. ૮૮) તા.૮-૧૨-૨૪ ને રવિવારના શ્રીજી ચરણ પામ્યા છે. તે કાનનબેનના પતિ, સ્વ.સવિતાબેન તથા સ્વ. ડો.ચંદુલાલ ભીખાભાઈ મહેતાના પુત્ર, ડો. રાજીલ, ડો. રોમા કેતન પરીખના પિતાશ્રી, ડો. પૂર્ણિમા ધનેન્દ્ર જવેરી, હેમંતભાઈ તથા સ્વ. કિશોરભાઈના ભાઈ, કેતન પરીખ તેમજ ડો.સોનાલીના સસરા, સ્વ.કુમુદબેન તથા સ્વ. ગજેન્દ્ર મહેતાના જમાઈ. પ્રાર્થના સભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટીયા**

સુધીર આશર (ઉં.વ.૮૮) મૂળ જામનગર હાલ મુંબઈ, દેવકાબેન વલ્લભદાસ ચાંપસીના પુત્ર, હંસાના પતિ, મધુકાન્ત અંજારિયાના જમાઈ, ચિ. જીત, સ્વ. હર્ષના પિતા. અ.સૌ. સોનાલીબેનના સસરા. સ્વ. પુષ્પાબેન સુરૈયા, અ.સૌ. ઉષાબેન સંપટના ભાઈ તા. ૬-૧૨-૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

આણંદપુર નિવાસી હાલ બોરીવલી (મુંબઈ), સ્વ. જેઠાલાલ કપુરચંદ માંડવિયાના પુત્ર હર્ષદભાઈ (ઉં. વ. ૬૯), તે રેખાબેનના પતિ. તે રવી તથા હેમલના પિતાશ્રી. તે જીતેન્દ્રભાઈ, ચેતનભાઈ, સ્વ. અરુણાબેન રમણિકલાલ, સ્વ. ઉષાબેન સુર્યકાન્ત, સ્વ. કોકિલાબેન અરવિંદકુમાર, રેણુકાબેન શરદકુમારના ભાઈ, તે સ્વ. શશીકાન્તભાઈ, વિનોદભાઈ, દિનેશભાઈ, દિનકરભાઈ તથા વિજયભાઈ પ્રભુદાસભાઈ મૃદુલાબેન ધ્રુવ તથા જયશ્રીબેન શાહના બનેવી, પાયલ તથા પ્રિયંકાના સસરા. સોમવાર તા. ૯-૧૨-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૨-૧૨-૨૪ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. સ્થળ - સોની વાડી, સીંપોલી રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઈ.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ કેશવલાલ પાનાચંદ દોશીના સુપુત્ર સ્વ. રમેશભાઇના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૭૯)તા. ૯-૧૨-૨૪ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ખાંતીભાઇ, વિનુભાઇ, ભોગીભાઇ, જસુભાઇ, ઇચ્છાબેન, ભાગીરથીબેન, નીરૂબેનના ભાઇના ધર્મપત્ની. મંજુલાબેન, શશીકલાબેન, કુસુમબેન, હર્ષાબેનના દેરાણી-જેઠાણી. તે વિપુલ, આશીષ તથા મયુરીના માતુશ્રી. રૂપલ, તૃપ્તિ, કેતનભાઇના સાસુ. યશ, રાજવી, પ્રિયલના દાદી. પિયર પક્ષે દાઠા નિવાસી બેચરદાસ ઓધવજી દોશીના દીકરી. ચક્ષુદાન કરેલ છે. બન્ને પક્ષની સાદડી ગુરુવાર તા. ૧૨-૧૨-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. મુલુંડ ઘોઘારી વિશા શ્રીમાળી જૈન સમાજ, હોરાયઝોન સમ્યક (હેતલ), ઝવેરરોડ, મુલુંડ (વેસ્ટ).

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

છોડવડી નિવાસી હાલ મુલુંડ શેઠ નાથાલાલ મોનજી શેઠના સુપુત્ર મણિલાલ નાથાલાલ શેઠ (ઉં. વ. ૯૧) તા. ૧૦-૧૨-૨૪ના મંગળવારના રોજ અવસાન પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. તે સ્વ. ડો. મનસુખભાઇ શેઠ, સ્વ. ડો. શશીકાંતભાઇ શેઠ, તે સ્વ. ચંદનબેન રજનીકાંત વસાના ભાઇ. તે રેખાબેન સંઘવી, ઇલાબેન શાહ, સરયુબેન પટેલ, ભાવનાબહેન શાહ તેમ જ પરેશભાઇ ચેતનભાઇ રોહિતભાઇના પિતાશ્રી. તે નીતા, હિના, હેતલના સસરા. તે પાટણવાવ નિવાસી ઝવેરચંદ ઓધવજી વસાના જમાઇ. પ્રાર્થનાસભા-ભાવયાત્રા તા. ૧૨-૧૨-૨૪ના ગુરુવારના સવારે ૧૦થી ૧૨. ઠે. કાલિદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ).

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

ગોંડલ નિવાસી હાલ (બેંગલોર) સ્વ. પ્રભુદાસ માણેકચંદ કોઠારી તથા સ્વ. ભાનુમતીબેન પ્રભુદાસ કોઠારીના સુપુત્ર ચેતન પ્રભુદાસ કોઠારી (ઉં. વ. ૬૩) તા. ૯-૧૨-૨૪ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. વર્ષાબહેનના પતિ. ડો. અંક્તિા (અમી), ધીરના પિતાશ્રી. અમીતભાઇ ગુણવંતરાય ગાંધી તથા નીવ્યાબેન અપાજી બોપાન્ડાના સસરા. સ્વ. મનહરલાલ ભાનુરાય પારેખ (કલકતા)ના જમાઇ. જીતેન્દ્રભાઇ, જસ્મીનભાઇ, ઉષાબેન, મધુબેન, હર્ષદાબેન, ભારતીબેન, કુસુમબેન (પ્રીતીબેન)ના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ મલાડના સ્વ. લલીતાબેન ચંદુલાલ મુળજીભાઈ કોઠારીના પુત્ર રમેશભાઈ કોઠારી (ઉં. વ. ૮૦) તે ૭/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. હેતલ હિતેશ ટોલીયા તથા નેહલ હેમલ દોશીના પિતા, સ્વ. અનિલભાઈ, વિજયભાઈ, મીનાબેન ભાસ્કરભાઈ ભાયાણીના ભાઈ. સાસરાપક્ષે ગં. સ્વ મૃદુલાબેન બાબુભાઇ ખોડીદાસ મહેતા ઢસાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી ઇંદુકુમાર વલ્લભદાસ શાહ (ઉં. વ. ૮૭) તે સ્વ. કાંતાબેન વલ્લભદાસ શાહના સુપુત્ર તે સ્વ. વિજયાબેનના પતિ, ધર્મેશ અને અમિષાના પિતા. સોનલ અને આશુતોષના સસરા. સ્વ.વિનોદભાઈ, સ્વ. પ્રકાશ ભાઈ, સતિષભાઈ, સ્વ.સરોજબેન, સ્વ. રશ્મિબેન, સુધાબેન ના ભાઈ તે ૦૯/૧૨/૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨/૧૨/૨૪ (ગુરૂવાર) - સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ ના રાખેલ છે. પાવનધામ, મહાવીર નગર, એમ સી એ ક્લબની પાછળ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સામખીયારી હાલે ઘાટકોપરના લખમશી છેડા (ઉં. વ. ૭૪) તા. ૦૫-૧૨-૨૪ ગુરૂવારના રામશરણ પામ્યા છે. માતુશ્રી સ્વ ભમીબેન વિરમ હભુ છેડાના સુપુત્ર. ચંદનબેનના પતિ. પ્રકાશ, હિતેશ, ગીતાના પિતાશ્રી. સ્વ. ભાણજી, પચાણ, સ્વ. જેઠાલાલ, સ્વ કોરઈ, ગં.સ્વ પાર્વતીના ભાઈ. ભચાઉના સ્વ કોરઈબેન કરસન થાવર ગાલાના જમાઈ. પ્રાર્થના સમયઃ સવારે ૧૦ થી ૧૧:૩૦ પ્રાર્થના સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ). પ્રાર્થના પછી બરવિધિ રાખેલ છે. નિવાસ સ્થાન : પ્રકાશ છેડા, બી-૩૦૧, રાજશ્રી રોયલ, ઘાટકોપર (વેસ્ટ) ૮૬.

મોટા કાંડાગરાના ખીમરાજ નાથા છેડા (ઉં. વ. ૮૪) ૯-૧૨ના અવસાન પામ્યા છે. હાંસબાઇ નાથા હધુના પુત્ર. પ્રભાબેનના પતિ. હીતેશ, ગુંજેશ, મુકેશના પિતાશ્રી. વેલજી નાથા, મોટી ખાખરના વેલબાઇ કેશવજી, નવીનારના કંકુબેન નથુના ભાઇ. બિદડાના રાણબાઇ, મેઘજી અજાણીના જમાઇ. પ્રા. વ.સ્થા.જૈ.શ્રા સંઘ સં. કરસન લધુ નિસર હોલ, ટા. ૨ થી ૩.૩૦.

ડુમરાના મંજુલા શાહ (શાહનંદ) (ઉં. વ. ૭૪) ૦૮-૧૨-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. ખેતબાઈ મુરજી મેઘજીના પુત્રવધૂ. શાંતિલાલના પત્ની. દિલીપના માતુશ્રી. સ્વ. બાંયાબાઈ-ભાણબાઈ વિશનજી ગાલાની પુત્રી. મણિલાલ, વિનોદ, પ્રફુલ, ઝવેર માલશી, શકુન્તલા મોરારજી, સુશીલા રતિલાલ, ગુણવંતી વિશનજી, રસીલા હસમુખ, પુષ્પા પ્રેમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામુ : દિલીપ શાહ, બી/૧૭૦૪, સોલસ્ટિસ, ઇ.ઇ. હાઇવે, ન્યૂ કામરાજ નગર, ઘાટકોપર (પૂ.).

રાયધણજરના પરાગ (પિન્ટુ) ઉમરશી ગડા (ઉં. વ. ૪૪) તા. ૮-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. પુરબાઈ ધારશી ભોજરાજ ગડાના પૌત્ર. રશ્મિ ઉમરશી ગડાના પુત્ર. નિરવના ભાઈ. નારાણપુર માતુશ્રી સ્વ. સાકરબાઈ ગોવિંદજી દામજી વોરાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. નીરવ ગડા, ૫૦૨, લિજ્જત જમુના સોસાયટી, સાને ગુરૂજી નગર, શાંતિ આટાની બાજુમાં, મુલુંડ (પૂ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

રામપુરા ભંકોડા નિવાસી હાલ કાંદીવલી વેસ્ટ સ્વ. કાંતિલાલ હિંમતલાલ શાહના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૫) તે સ્વ. નરેશભાઈ, ભરતભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. મુકેશભાઈ, સંજયભાઈ, કોકીલાબેન ચંપકલાલ શાહ, રીટાબેન કીર્તિકુમાર શાહ, તથા સાધનાબેન ઉત્તમકુમાર શાહના માતુશ્રી, તે સ્વ. રમણીકલાલ, સ્વ. જયંતીલાલ, સ્વ. શાંતાબેન સ્વ. કાંતાબેન, સ્વ. લાભુબેન, પ્રશમરસાશ્રીજી મ.સા. તથા ચીનુભાઈ હિંમતલાલ શાહના ભાભી, તે સ્વ. વિમળાબેન સ્વ. કૈલાસબેન તથા સ્વ. મંજુલાબેનના જેઠાણી. તે સ્વ.મધુબેન, સરોજબેન, અરુણાબેન, પ્રીતિબેન, ફાલ્ગુનીબેનના સાસુ, તે પિયર પક્ષે શાંતાબેન અંબાલાલ શાહના દીકરી, તારીખ ૯-૧૨-૨૪ ને સોમવારના સાંજે ૬.૩૫ કલાકે અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તારીખ ૧૨-૧૨-૨૪ ને ગુરુવારના બપોરે ૩ થી ૫. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારીના હાલે ઘાટકોપરના સ્વ. લખમશી વિરમ હભુ છેડા (ઉં. વ. ૭૪) તા. ૦૫.૧૨.૨૪ ગુરુવારના રામશરણ પામ્યા છે. સ્વ. ભમીબેન વિરમના સુપુત્ર, તે ચંદનબેનના પતિ, પ્રકાશ, હિતેશ, ગીતાના પિતાશ્રી. નયના, અનિતા, ચંદ્રેશના સસરા, ટીશા, શિવાંગના દાદા. ભચાઉના સ્વ. કોરઈબેન કરશન થાવર ગાલાના જમાઈ. પ્રાર્થના સભા બુધવાર તા. ૧૧.૧૨.૨૪ના સવારે ૧૦થી ૧૧.૩૦ કલાકે સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે. પ્રકાશ છેડા, બી-૩૦૧, રાજશ્રી રોયલ, ઘાટકોપર - વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂતન ત્રંબૌ હાલે વડોદરા સ્વ. ચંપાબેન જેઠાલાલ ગુણશી ગાલા (ઉં. વ. ૭૪) અવસાન પામેલ છે. કરમણ ગુણશીના સુપુત્ર, જેઠાલાલના ધર્મપત્ની, કેયુર, હેમાલી, શિવાની, શીતલના માતુશ્રી, જીનલ, વિપુલ, જિજ્ઞેશ, ભદ્રેશના સાસુ. ધીયાનના દાદી. ખારોઈના સ્વ. શાંતાબેન રામજી નિસરના સુપુત્રી. પ્રાર્થના સભા તા.૧૧.૧૨.૨૪ના બુધવારે સમય ૪ થી ૫.૩૦ સ્થળ. કરશન લધુ હોલ, દાદર.

## પારસી મરણ

મરહુમ જાલ જોનાથન મુગાશેઠ તે બાર્બરા અને જહાંગીર જાલ મુગાશેઠના પુત્ર (ઉં. વ. ૬૫) રે. ઠે. ૬, કેમબ્રિજ એપાર્ટમેન્ટ, ૧૬૦૧, કેમબ્રિજ.

રોશન સોલી હોઝદાર તે મરહુમ સોલીના ધનિયાની. તે મરહુમો સુનામાય અરદેશીર કાપડીયાના દીકરી. તે બીનાઇફર કાર્લ વાડીયા ને તીશતરના માતાજી. તે દીનાઝ રયોમદ વેલાતી. કુમી મેહરનોશ દારૂવાલા ને મરહુમ મેહરવાન કાપડીયાના બહેન. તે યઝદ કાર્લ વાડીયાના બપઇજી. (ઉં. વ.૭૦) રે. ઠે. જરબાગ, ઇ/૩૪, ૧લે માળે, ભાઇખાલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૧૨-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગ્યે નારીયેલવાલા અગિયારીમાં છેજી.

રોહીનતન આર. મહેતા તે મરહુમ સુન્નુના ખાવીંદ. તે મરહુમ રૂસ્તમજી તથા હિલ્લા મહેતાના દીકરા. તે મરહુમ ઓસ્તા હોરમસજી તથા મરહુમ માનેકબાઇ ઘડીયાલીના જમાઇ. તે નેવીલ કેટી જેસ્મીનના ભાઇ. તે બેહરોઝ, સામી શિરીનના બનેવી. (ઉં. વ. ૮૦) રે. ઠે. પાંડે બંગલો, ૧લે માળે, પાંડે રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૧૨-૨૪ પાંડે અગિયારીમાં છે ૩.૪૫ વાગે.

## મુસ્લિમ મરણ

ફાતિમાબાઇ અબ્બાસભાઇ બંધુકવાલા ૯મી ડિસેમ્બર ૨૦૨૪ના ગુજરી ગયા છે. હનીફ અબ્બાસભાઇ બંધુકવાલા, મુમતાઝ ઝાકીર મોલાઇ ને જબીન મહેબૂબ સુખલાના મમ્મા. શહેનાઝ હનીફ બંધુકવાલાના સાસુ. આબીદભાઇ સફાકત હુસેન બંધુકવાલા ને નફીસાબાઇ તાહીરભાઇ મીયાસાહેબના બેન. ઘરે સિપારા ખાલી ૧૮મી ડિસેમ્બર ૨૦૨૪ સુધી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# શિવસેનામાં અઢી-અઢી વર્ષ પ્રધાનપદ?

## એકનાથ શિંદેએ બધાને સંતુષ્ટ કરવા માટે ફોર્મ્યુલા ઘડી કાઢી હોવાની ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં મળેલી સફળતા બાદ જ્યારે શિવસેનાના મોટા ભાગના નેતાઓ પ્રધાનપદ માટે તરસી રહ્યા છે, ત્યારે મહાયુતિ સરકારમાં શિવસેના માટે આઠથી દસથી વધુ પ્રધાનપદ મળવા મુશ્કેલ છે. આવી સ્થિતિમાં પ્રધાન બનવા માગતા વિધાનસભ્યોની નારાજી દૂર કરવા માટે અઢી-અઢી વર્ષ માટે પ્રધાનપદની વહેંચણી કરવાની યોજના એકનાથ શિંદેએ ઘડી કાઢી હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે.

મહાયુતિમાં ભાજપને ૧૩૨ બેઠકો મળતા શિવસેનાનું સમગ્ર સમીકરણ બદલાઈ ગયું છે. એકનાથ શિંદેનું મુખ્ય પ્રધાનપદ ગયું છે. દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં કેટલા પ્રધાનપદા આપવામાં આવશે તે હજુ નક્કી થયું નથી. એવું લાગે છે કે શિંદે સરકારના બધા પ્રધાનોને ફરીથી પ્રધાન બનવું છે. બીજી તરફ ગયા વખતે તક ગુમાવનારાઓ

(જુઓ પાનું ૪) ▸▸

## વિસ્તરણ ટૂંકમાં જ?

મુંબઈઃ રાજ્યમાં ગઠબંધનની સરકાર બની છે. પાંચમી ડિસેમ્બરે દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા, જ્યારે એકનાથ શિંદે અને અજિત પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. સરકારની રચના બાદ વિધાનસભાનું ત્રણ દિવસનું વિશેષ સત્ર પણ યોજાયું હતું. આ વિશેષ સત્રમાં ધારાસભ્યોનો શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. જોકે સરકારની રચનાને પાંચ દિવસ વીતી ગયા છતાં હજુ મહાગઠબંધન સરકારના પ્રધાનમંડળનું

(જુઓ પાનું ૪) ▸▸

## બે નાયબ મુખ્ય પ્રધાન ખાતા વગર

મુંબઈઃ મહાગઠબંધનમાં પોર્ટફોલિયોની વહેંચણીની સમસ્યાને કારણે એકનાથ શિંદે અને અજિત પવાર બંને હાલમાં પોર્ટફોલિયો વગરના નાયબ મુખ્ય પ્રધાન છે. ત્રણેય વચ્ચે ખાતાની વહેંચણી ન થવાને કારણે છેલ્લા ચાર-પાંચ દિવસમાં શિંદે-પવાર તેમની મંત્રાલયની ઓફિસમાં ફરક્યા નથી, તેઓ અધિકારીઓની મીટિંગ કે અન્ય કોઈ કામ શરૂ કરી શક્યા નથી.

દેવેન્દ્ર ફડણવીસે ગયા ગુરુવારે પાંચમી ડિસેમ્બરે મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. તે સમયે શિંદે અને પવારે પણ નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. તે દિવસે, ત્રણેય કેબિનેટની પ્રથમ બેઠક માટે મંત્રાલય ગયા હતા. જે

(જુઓ પાનું ૪) ▸▸

# બસનો 'શસ્ત્ર' તરીકે ઉપયોગ?







**હાલબેહાલઃ** કુર્લામાં સોમવારે રાત્રે બેસ્ટ બસે કરેલા ભીષણ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી વ્યક્તિ હોસ્પિટલમાં સારવાર હેઠળ જ્યારે અકસ્માતમાં કચ્ચરઘાણ વળી ગયેલાં વાહનો. (અમય ખરાડે)

# ડ્રાઈવરે આવું કર્યું કે નહીં એની તપાસ કરવી પડશેઃ પોલીસે કોર્ટને કહ્યું




મુંબઈઃ કુર્લા વિસ્તારમાં સોમવારે રાતે થયેલા બેસ્ટ બસના ગોઝારા અકસ્માત બાદ બસના ડ્રાઇવર વિરુદ્ધ પોલીસે સદોષ મનુષ્યવધનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી. ૫૪ વર્ષના ડ્રાઇવર સંજય મોરેને મંગળવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા બાદ પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે ડ્રાઇવર સંજય મોરેએ 'ઇરાદાપૂર્વક' આ કૃત્ય કર્યું હતું અને વાહનનો 'શસ્ત્ર' તરીકે ઉપયોગ કર્યો હતો કે કેમ તેની તપાસ કરવાની જરૂર છે.

ડ્રાઇવરની પોલીસ કસ્ટડીની માગણી કરતાં પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આ ગંભીર ગુનો છે અને સંપૂર્ણ તપાસ કરવી જરૂરી છે. તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે ગુનો આચરવામાં આરોપીનો ઇરાદો કે કોઇ કાવતરું હતું કે કેમ તેની પણ તપાસ કરવાની જરૂર છે.

પોલીસે વધુમાં કહ્યું હતું કે ડ્રાઇવરે તેના કબજામાં રહેલી બસનો 'શસ્ત્ર' તરીકે ઉપયોગ કર્યો હતો અને ભીડભાડવાળા વિસ્તારમાં પ્રવાસીઓ તેમ જ રાહદારીઓના જીવને જોખમમાં મૂકતા

(જુઓ પાનું ૪) ▸▸

## ૨૨ વાહનને અડફેટમાં લીધાં

કુર્લાના અકસ્માતની તપાસ કરી રહેલી પોલીસને જાણવા મળ્યું હતું ડ્રાઇવરે પોલીસ વેન, રિક્ષા, કાર અને ટૂ-વ્હીલર સહિત ૨૨ વાહનને ટક્કર મારી હતી. બાદમાં તે ભીંત સાથે અથડાઇને થોભી ગઇ હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-પાંચ) ગણેશ ગાવડેએ જણાવ્યું હતું કે અમે

(જુઓ પાનું ૪) ▸▸





પ્રાયોજકોઃ PRAKASH KAMDAR ESTATE CONSULTANT

ચોથા વર્ષમાં મુંબઈ સમાચારનો રમતોત્સવ જઈ રહ્યો છે ત્યારે બેડમિંટન, કેરમ, ચેસ અને ટેબલટેનિસ સ્પર્ધાની સાથે કળા ક્ષેત્રે પણ તમે તમારું કૌવત પુરવાર કરી શકો એ માટે ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ALAG GROUP SPACES. THAT STAND OUT

'મુંબઈ સમાચાર'ના 'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ ૨૦૧૪, ૧૫ અને ૧૬માં સતત ત્રણ વર્ષ રમતોત્સવ 'રમે ગુજરાતી જીતે ગુજરાતી'નું સફળપૂર્વક આયોજન કર્યા બાદ ફરી એક વાર આપની સમક્ષ ખેલ મહોત્સવમાં ભાગ લઈને ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે કશું કરી નથી શકતા, એવું મહેણું ભાંગવાનો અવસર આવી ચૂક્યો છે.

સહપ્રાયોજકઃ MAGIC ART COLOURS; PROUDLY INDIAN

રમતગમત તેમ જ કલા ક્ષેત્રે તમારી નિપુણતાનો દુનિયાને પરિચય કરાવવા અને પોતીકાઓને ગૌરવ અપાવવા માટે

આજથી જ કમર કસો, કારણ કે...

તમારી પાસે ખૂબ જ ઓછો સમય બચ્યો છે

ગિફ્ટિંગ પાર્ટનરઃ GLOBAL NETWORKING BARTER COMPANY; SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982; TOSAA NON-STICK COOKWARE; MUCH MORE...

કયાં અને ક્યારે યોજાશે ખેલ મહોત્સવ

| | |
|---|---|
| ૧૪ ડિસે. | કાંદિવલી રિક્રિએશન ક્લબ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (પ.) |
| ૧૫ ડિસે. | ગરવારે ક્લબ, વાનખેડે સ્ટેડિયમ, 'ડી' રોડ, ચર્ચગેટ. |
| ૧૫ ડિસે. | શ્રી માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડ, નાથાલાલ પારેખ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા (પ.) |
| ૧૫ ડિસે. | નોર્થ ઈન્ડિયા એસો., ભાઉદાજી રોડ એક્સ., સાયન રોડ. (૧૫ ડિસે.) |
| ૨૧-૨૨ ડિસે. | ઘાટકોપર જોલી જિમખાના, કિરોલ રોડ, ઘાટકોપર |

નોંધ

* આ ફોર્મ ૧૧ ડિસેમ્બર, સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં ભરી દેવાનાં રહેશે. સ્પર્ધક પોતાનો એક ફોટો બીડવો અનિવાર્ય રહેશે.
* 'મુંબઈ સમાચાર' દ્વારા રંગ પૂરવાની સ્પર્ધાના આયોજન માટે તમામ સ્પર્ધકોને કલરિંગ કરવાનાં તમામ સાધનો પૂરાં પાડવામાં આવશે.

સ્પર્ધકો જોગઃ ખેલ મહોત્સવમાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ ફોર્મ ભરવા હોય તો એની નકલ ઉક્ત સ્થળે ઉપલબ્ધ છે.

અહીં આપેલા ક્યુઆરકોડ પરથી ઓનલાઈન ફોર્મ પ્રાપ્ત કરી શકાશે.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ઈનામો તો ખરાં જ.

ખાસ નોંધઃ તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત. એન્ટ્રીઓ મોકલવાની અંતિમ તારીખ ૧૧ ડિસે. છે અને ડ્રો ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબઈ સમાચારમાં પ્રગટ થશે. બધી રમતનો મેગા ફાઈનલ રાઉન્ડ ઘાટકોપર જોલી-જિમખાનામાં રાખવામાં આવેલ છે.


## કાંઈ સમજાય એ પહેલા જ ૫૦ જણ બસની અડફેટમાં આવી ગયા

### ૭નાં મોતઃ તપાસ સમિતિની રચનાઃ સાત લાખનું વળતર

કુર્લામાં સોમવારે રાતના બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની એસી ૩૩૨ નંબરની બસના થયેલા ભીષણ આપઘાતમાં બુધવાર મોડી સાંજ સુધીમાં મૃતકનો આંકડો સાત પર પહોંચ્યો હતો. તો ૪૯ જખમીઓ પર મુંબઈની જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોને રાજ્ય સરકાર તરફથી પાંચ લાખ તો બેસ્ટ ઉપક્રમ તરફથી બે લાખ રૂપિયાનું વળતર જાહેર કરવામાં આવ્યું છે, તો અકસ્માતની તપાસ કરવા માટે ઉચ્ચ અધિકારીના નેતૃત્વમાં તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. સોમવારે જે બસની એક્સિડન્ટ થયો

(જુઓ પાનું ૪) ▸▸

## નિવૃત્ત રેલવે કર્મચારીએ પરિવાર સાથે છેલ્લી વાર વાત કરી

હું અમુક દસ્તાવેજોની ઝેરોક્સ કરાવવા જઇ રહ્યો છું, એવું પરિવારજનને કહીને નીકળ્યા હતા ૭૦ વર્ષીય નિવૃત્ત રેલવે કર્મચારી વિજય ગાયકવાડ. જોકે ગાયકવાડના તેમના પરિવારજનો માટે આ છેલ્લા શબ્દો હતા.

ગાયકવાડે હાલમાં જ ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું હતું જેમનું સોમવારે રાતે બેસ્ટની બસ દ્વારા કુર્લાના એસ.જી. બર્વે માર્ગ પર બનેલા ગોઝારા અકસ્માતમાં મૃત્યુ થયું હતું. રાતના સાડાનવ વાગ્યે બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં અકસ્માત થયો હતો. ગાયકવાડ કુર્લા પશ્ચિમના બ્રાહ્મણવાડી વિસ્તારમાં રહેતા હતા, જે અકસ્માતથી થોડે જ દૂર હતો. આ ઘટનાને નજરે જોનારા એક દુકાનદારે કહ્યું હતું કે ગાયકવાડે પહેલી વ્યક્તિ હતી જેમને બસની ટક્કર વાગી હતી. ગાયકવાડના પરિવારજનોએ કહ્યું હતું કે તેઓ રેલવેમાં સિનિયર ટેક્નિશિયન તરીકે કામ કરતા હતા અને ૧૦ વર્ષ પહેલાં તેઓ નિવૃત્ત થયા હતા. ■

## નોકરીના પહેલા દિવસે ઑફિસેથી પાછી જ ન ફરી આફરીન શાહ

૨૦ વર્ષીય આફરીન શાહ સોમવારે નવી નોકરીમાં પહેલો દિવસ શરૂ કરવા માટે ઘરેથી નીકળી ત્યારે તેના પિતાને કલ્પના પણ નહોતી કે પછી ક્યારેય પોતાની દીકરીને જીવંત અવસ્થામાં નહીં જોઈ શકે. સોમવારે રાત્રે કુર્લા (વેસ્ટ)ના એસ.જી. બર્વે રોડ પર રાહદારીઓ અને વાહનો સાથેની ટક્કરમાં બેસ્ટની બસ હેઠળ કચડાઈ ગયેલા લોકોમાં આફરીન પણ હતી. બેસ્ટ બસ દુર્ઘટના નરી આંખે જોનારી એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, બસની દિશા અચાનક બદલાઈ ગઈ હતી અને ૨૦૦

(જુઓ પાનું ૪) ▸▸

## મૃતદેહ પરથી સોનાની બુટ્ટી ગાયબ

બેસ્ટ બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી સાત વ્યક્તિમાં એક મુંબઈ નિવાસી કનીઝ અંસારીના પરિવારના સભ્યોએ મંગળવારે આરોપ મૂક્યો હતો કે કુર્લાની પાલિકા સંચાલિત ભાભા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેના મૃતદેહ પરથી સોનાની બુટ્ટી ગાયબ હતી. કનીઝના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલિકાની રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેમને શબપેટી, દવાઓ તેમજ એમ્બ્યુલન્સના પૈસા ચૂકવવાનું કહેવામાં આવ્યું હોવાનો દાવો તેમણે કર્યો હતો. અમે એમ્બ્યુલન્સ માટે ૯૦૦ રૂપિયા આપ્યા હતા. જોકે, કોઈ સુવિધા નહોતી મળી એમ એક સંબંધીએ કહ્યું. કનીઝ અન્સારી (૫૫)ના જમાઈ આબિદ શેખે જણાવ્યું હતું કે 'મારાં સાસુ અંજુમન ઈસ્લામ સ્કૂલની સામેની દેસાઈ હૉસ્પિટલમાં આયા તરીકે કામ કરતાં

(જુઓ પાનું ૪) ▸▸

## થાણેમાં પાઈપમાં ફસાયેલા બિલાડીના બચ્ચાને બચાવાયું

થાણેઃ મહારાષ્ટ્રના થાણે શહેરમાં એક હાઉસિંગ કોમ્પ્લેક્સની પાણીની પાઈપલાઈનમાં ફસાયેલા એક બિલાડીના બચ્ચાને ફાયર બ્રિગેડે બચાવી લીધું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર સ્ટેશનને સોમવારે રાત્રે યશોધન નગર વિસ્તારના એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાંથી કોલ આવ્યો હતો, એમ નાગરિક આપત્તિ વ્યવસ્થાપન સેલના વડા યાસિન તડવીએ જણાવ્યું હતું.

સ્થાનિક અગ્નિશામકોએ, આરએમડીસી ટીમની સાથે મળીને ૩૦ મિનિટની કામગીરી બાદ બિલાડીના બચ્ચાને બચાવી લીધું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે બિલાડીને સુરક્ષિત રીતે બહાર લાવવા માટે પાઇપમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

## શહેરમાં વધી રહ્યો છે રખડુ શ્વાનનો આતંક

### ચાર વર્ષમાં શ્વાન કરડવાથી ૧૦૦ જણનાં થયાં મોત

મુંબઈઃ આંકડો ચોંકાવી દે એવો છે, પણ ૨૦૨૩ના અંત સુધીમાં ઉપલબ્ધ થયેલા આંકડા અનુસાર રાજ્યમાં અગાઉનાં ચાર વર્ષમાં પચીસ લાખ વ્યક્તિને શ્વાન કરડ્યા હોવાનું સામે આવ્યું હતું, જેમાં રખડુ શ્વાનના કરડવાથી ૧૦૦ જણનાં મોત થયાં હતાં.

શહેરમાં અંદાજે ૬૦ હજારથી વધુ વ્યક્તિને રેબીઝ રસીકરણ કરવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઇ હતી. વર્ષ આખામાં આટલી મોટી સંખ્યામાં રેબીઝની રસી આપવામાં આવી હોવાથી શહેર અને પરામાં શ્વાનોનો ઉપદ્રવ વધી ગયો હોવાનું જણાય છે. કલ્યાણમાં એક મહિલા પર રખડુ શ્વાને કરેલી જીવલેણ હુમલો, ત્યાર પછી આઠ વર્ષના સગીર પર થયેલા હુમલાને કારણે માત્ર સ્થાનિકો જ નહીં, પણ નિર્જન સ્થળે ઘરે મોડા પહોંચનારા કે પછી એકાંત રસ્તા પર ચાલતા હોય કે પછી બાઈક પર જતા હોય એવા લોકોમાં પણ ગભરાટ ફેલાવા લાગ્યો હતો.

કોઇ પણ શ્વાન કારણ વિના હુમલો કરતો નથી, એવું પ્રાણીપ્રેમી સહિત નિષ્ણાતો કહી રહ્યા છે. શ્વાનોને ખોરાક આપનારા અને પથ્થર મારવાથી લઇને ત્રાસ આપનારા, એમ બે પ્રકારના લોકો સમાજમાં છે. ક્યારેક કોઇ વ્યક્તિ શ્વાનની ઉપરથી કાર હંકારી જતા હોય છે, એવી પરિસ્થિતિમાં શ્વાનો હિંસક બની જતા હોવાનું દેખાતું હોય છે, એવું પેટ પ્રેક્ટિસનર્સ એસોસિયેશન ઓફ મુંબઈના અધ્યક્ષે જણાવ્યું હતું. લોકોએ શ્વાન સાથે થતા વ્યવહારને બદલાવવાની જરૂર છે, એવી સલાહ તેમણે આપી હતી.

સરકારી ધોરણે રખડુ શ્વાનો માટે આધારગૃહો ઊભા કરવાની જરૂર છે. અહીં તેઓના રહેવાની, ખાવાની વ્યવસ્થા થઇ શકે છે. આ ઉપરાંત સમયાંતરે તેઓનું વંધ્યીકરણ કરાવવાનું તેમ જ દવા આપવાનું કામ પ્રશાસને પોતાના શિરે લેવું જોઇએ. ખાનગી સંસ્થાઓએ રખડુ શ્વાનના વંધ્યીકરણ માટે આગળ આવતી હોય છે, પણ તેઓ પાસે કેટલું ભંડોળ ઉપલબ્ધ છે તેના પર તમામ મદાર રહેલો હોય છે. સરકારે આવી સંસ્થાઓ મારફત વંધ્યીકરણ શિબિર આયોજિત કરવી જોઇએ, એવું પ્રાણીપ્રેમીએ જણાવ્યું હતું.■

## હવે સાતારા જિલ્લાના કોલેવાડી ગામનો સંકલ્પઃ ચૂંટણી મતપત્રક દ્વારા જ

પુણેઃ મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં કોલેવાડી ગ્રામસભાએ ભવિષ્યમાં બેલટ પેપર (મતપત્રક) પર ચૂંટણી યોજવાનો સંકલ્પ કર્યો છે. ઇવીએમ તરીકે ઓળખાતા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વિરુદ્ધ ઠરાવ પસાર કરનાર રાજ્યનું બીજું ગામ બન્યું છે. આ ગામ કરાડ(દક્ષિણ) વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે, જેનું પ્રતિનિધિત્વ અગાઉ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવાણ કરતા હતા. નવેમ્બરમાં ભાજપના ઉમેદવાર અતુલ ભોસલે સામેની ચૂંટણીમાં તેઓ ૩૯ હજાર ૩૫૫ મતથી હારી ગયા હતા. કોલેવાડીના રહીશોએ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન દ્વારા પડેલા મત અંગે શંકા વ્યક્ત કર્યા બાદ આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સોલાપુરના માલશિરાસ મતવિસ્તારના મરકડવાડીના ગ્રામજનોના એક વર્ગે ઇવીએમની વિશ્વસનીયતા પર શંકા વ્યક્ત કરતા બેલેટ પેપર્સનો ઉપયોગ કરીને નકલી 'પુનઃ મતદાન' કરવાનો પ્રયાસ કર્યાના કેટલાક દિવસો બાદ આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. પ્રશાસન અને પોલીસ દ્વારા તેમની આ કોશિશને નિષ્ફળ બનાવવામાં આવતા કેસ નોંધવામાં આવ્યા હતા.

ગામના સરપંચ રત્નમાલા પાટીલના પતિ શંકરરાવ પાટીલે મંગળવારે જણાવ્યું હતું કે 'ગ્રામસભાની બેઠકમાં બીજી ડિસેમ્બરે આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ગ્રામજનોએ આગામી ચૂંટણીઓ ઇવીએમ પર નહીં પણ બેલટ પેપર્સ પર યોજવાની માગ કરી હતી. પૃથ્વીરાજ ચવાણ વિધાનસભાની ચૂંટણી દરમિયાન કોલેવાડીમાં ઇચ્છિત મતો મેળવવામાં નિષ્ફળ જતા ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.' જો વહીવટીતંત્ર બેલટ પેપર પર મતદાન કરવા નહીં દે તો અમે મતદાન પ્રક્રિયાનો બહિષ્કાર કરીશું એમ એક ગ્રામજને કહ્યું હતું. (પીટીઆઈ)■

# ‘સિરાજને જરા સમજાવો, તે અમ્પાયરના નિર્ણય પહેલાં જ વિકેટ સેલિબ્રેટ કરવા દોડી જાય છે’

## માર્ક ટેલરનો ભારતના સિનિયર ખેલાડીઓને સ્પષ્ટ સંદેશ, ‘સિરાજની આ આદત સારી ન કહેવાય’

ઍડિલેઇડઃ જ્યારે કોઈ બોલર બૉલ ફેંકે એ પહેલાં જ નૉન-સ્ટ્રાઇક એન્ડ પરનો બૅટર રન દોડવા માટે ક્રીઝની બહાર નીકળી જાય ત્યારે બોલર અમ્પાયરની મદદથી તેને સમજાવે છે કે બૉલ ફેંકાતાં પહેલાં જો બહાર નીકળી જઈશ તો તને રનઆઉટ કરી દેવામાં આવશે. આવું જ કંઈક હવે બોલરની બાબતમાં બની રહ્યું છે. ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાજ વિશે ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ઓપનિંગ બૅટર માર્ક ટેલરે એવું મંતવ્ય આપ્યું છે કે તેને (સિરાજને) ભારતીય ટીમના સિનિયર ખેલાડીઓએ સમજાવવો જોઈએ કે અપીલ કર્યા બાદ અમ્પાયર નિર્ણય આપે એ પહેલાં તેણે વિકેટ સેલિબ્રેટ કરવાનું બંધ કરી દેવું જોઈએ.



ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન બૅટર માર્ક ટેલર

ટેલરે ઑસ્ટ્રેલિયાની એક જાણીતી ચૅનલને કહ્યું છે કે ‘સિરાજને એવી આદત છે કે તે કોઈ બૉલ ફેંક્યા પછી બૅટર આઉટ હોવા વિશે અપીલ કરે તો એ અપીલ પર અમ્પાયર શું નિર્ણય આપે એ ચકાસ્યા વગર (અમ્પાયરના નિર્ણયની પરવા કર્યા વિના) તે માની બેસે છે કે બૅટર આઉટ જ છે અને એવું માનીને તે સાથી જોડે વિકેટ સેલિબ્રેટ કરવા દોડી જાય છે.’

ટેલરે ચૅનલને કહ્યું છે કે ‘મારે ભારતીય ટીમના અમુક સિનિયર ખેલાડીઓ સાથે ચર્ચા કરવી છે. ઍડિલેઇડ ટેસ્ટ દરમ્યાન મેદાન પર સિરાજનું ટ્રૅવિસ હેડ સાથે જે કંઈ બની ગયું એ વિશે મારે કંઈ જ વાતચીત નથી કરવી. સિનિયર ખેલાડીઓને મારું એ કહેવું છે કે સિરાજ અપીલ કર્યા બાદ અમ્પાયર શું નિર્ણય આપે છે એ ફરીને જોવાની તસ્દી પણ નથી લેતો અને સીધો વિકેટનું સેલિબ્રેશન કરવા દોડી જાય છે. મારી દૃષ્ટિએ સિરાજનો આ અભિગમ ખુદ તેના માટે તેમ જ ક્રિકેટની રમત માટે ઠીક ન કહેવાય.’

ટેલરનું એવું કહેવું છે કે ‘સિરાજના જોશ અને જુસ્સાથી હું પ્રભાવિત થયો છું. તેની સ્પર્ધાત્મકતા પણ મને ખૂબ ગમી છે, પરંતુ ક્રિકેટની રમતનું માન જળવાય એ પણ જરૂરી છે. મને લાગે છે ટીમનો કોઈ સિનિયર ખેલાડી સિરાજને સમજાવશે તો તે જરૂર સમજશે.’

સિરાજ થોડા દિવસથી ખૂબ ચર્ચામાં છે. ઍડિલેઇડ ટેસ્ટના મૅચ-વિનર ટ્રૅવિસ હેડે પ્રથમ દાવમાં મૅચ-વિનિંગ ૧૪૦ રન બનાવ્યા અને પછી સિરાજના બૉલમાં જ આઉટ થયો ત્યારે સિરાજે આક્રમક મિજાજમાં આવીને બે વખત તેને હાથના ઇશારાથી પૅવિલિયનનો રસ્તો બતાવ્યો હતો. ટ્રૅવિસ હેડ પણ બબડ્યો હતો (જે સંબંધમાં સિરાજ કહે છે કે ટ્રૅવિસે તેને ગાળ આપી હતી) અને પછી મામલો માંડ-માંડ શાંત પડ્યો હતો. સિરાજને આ ગેરવર્તન બદલ ૨૦ ટકા મૅચ-ફીનો દંડ કરાયો હતો તેમ જ બન્નેના નામે એક-એક ડીમેરિટ પૉઇન્ટ લખાયા હતા. મૅચ-રેફરીએ ટ્રૅવિસ હેડને બોલાવીને ઠપકો પણ આપ્યો હતો. ■

# ૧૯૮૩ની આખી ચૅમ્પિયન ટીમ કાંબળીને મદદ કરવા તૈયાર છે, પણ એક શરતે...

## કપિલ દેવે ભૂતપૂર્વ ક્રિકેટરને સુધરી જવાની સલાહ આપી, ગાવસકર પણ સહાય કરવા તૈયાર છે

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કાંબળીની બગડતી જતી તબિયત અને તે પોતાનું ગુજરાન ચલાવવા પૂરતી સારી આર્થિક સ્થિતિમાં પણ ન હોવાના અહેવાલો બહાર આવવાને પગલે ભારતના ક્રિકેટ-લેજન્ડ કપિલ દેવે કાંબળીને મદદ કરવાની તૈયારી બતાવી છે, પરંતુ એ માટે કપિલે એક શરત મૂકી છે.



કાંબળી બાવન વર્ષનો છે. તે ૧૯૯૧થી ૨૦૦૦ દરમ્યાન ભારત વતી કુલ ૧૭ ટેસ્ટ અને ૧૦૪ વન-ડે રમ્યો હતો જેમાં તેણે કુલ મળીને છ સેન્ચુરી સહિત ૩,૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. તે છેલ્લી ફર્સ્ટ-ક્લાસ સ્તરની મૅચ ૨૦૦૪માં વાનખેડેમાં રમ્યો હતો. એ રણજી ટ્રોફી મૅચમાં કાંબળી મુંબઈનો કૅપ્ટન હતો. કાંબળી આક્રમક બૅટિંગ માટે જાણીતો હતો. તેને ટૂંકી કરીઅર દરમ્યાન ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવા માટે ઘણી તક મળી હતી અને તે ખૂબ લોકપ્રિય ક્રિકેટર પણ હતો. દારૂની લતે ચડેલા કાંબળીએ એક વર્ષથી લિકરને હાથ નથી અડાડ્યો એવું તાજેતરમાં એક અહેવાલમાં જણાવાયું હતું. કપિલ દેવની કાંબળીને મદદ કરતાં પહેલાંની શરત એ છે કે કાંબળીએ ખરા અર્થમાં રિહૅબિલિટેશન હાથ ધરવું પડશે. કપિલે એક ટૂર્નામેન્ટના ઓપનિંગ પ્રસંગે પ્રવચનમાં કાંબળીના વિષયમાં કહ્યું, ‘અમે બધા તેને (કાંબળીને) સપોર્ટ કરવા માગીએ છીએ. સુનીલ ગાવસકરે તો મને અગાઉથી જ ૧૯૮૩ની વર્લ્ડ કપ વિજેતા ટીમ વતી આ વાત (કાંબળીને મદદ કરવાની વાત) કરી છે અને હું પણ મદદ માટે તૈયાર છું, પરંતુ મારું કહેવું એ છે કે ખુદ કાંબળીએ પોતાની સહાય માટે તૈયારી બતાવવી પડશે. તે પોતાના પર જ (પોતાની તબિયત બાબતમાં) ધ્યાન ન આપે તો અમે તેને કેવી રીતે મદદ કરી શકીએ.’

ગાવસકરે તાજેતરમાં કહ્યું હતું કે ‘કાંબળી ફરી પગભર થઈ શકે એટલી હદે અમે ૧૯૮૩ની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ વતી તેને મદદ કરવા તૈયાર છીએ.

તાજેતરમાં એક ઇવેન્ટમાં કાંબળી તેના વર્ષો જૂના મિત્ર અને ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકર પાસે મદદ માટે કરગરી રહેલો જોવા મળ્યો હતો.

સચિન અને કાંબળી, બન્ને શારદાશ્રમ વિદ્યામંદિર સ્કૂલમાં સાથે ભણ્યા હતા તેમ જ શિવાજી પાર્કમાં કોચ રમાકાંત આચરેકર પાસે સાથે ક્રિકેટની તાલીમ લીધી હતી. ૧૯૮૮માં હૅરિસ શીલ્ડની સેમિ ફાઇનલમાં સચિન-કાંબળી વચ્ચે ૬૬૪ રનની વિક્રમજનક ભાગીદારી થઈ હતી. ■

# વિશ્વ ચેસ સ્પર્ધામાં ગુકેશે સાત મિનિટમાં ૧૫ ચાલ ચાલવાની હતી અને પછી...



સિંગાપોરઃ વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપમાં સોમવારે ભારતના ૧૮ વર્ષના ગ્રૅન્ડમાસ્ટર ડી. ગુકેશે ચીનના ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેનને જોરદાર લડત આપી હતી અને છેવટે ૩૯મી ચાલ બાદ ગુકેશે હાર સ્વીકારી લીધી હતી. એક સમયે ગુકેશ પર ખૂબ માનસિક દબાણ હતું. તેણે ફક્ત સાત મિનિટમાં ૧૫ ચાલ ચાલવાની હતી અને ગણતરીની મિનિટોમાં એક સાથે આટલા બધા મૂવ પૂરા કરવા એ ગુકેશ માટે સૌથી કપરો તબક્કો હતો.

સોમવારની એ ૧૨મી ગેમને અંતે ગુકેશ અને લિરેન, બન્નેના એકસરખા છ-છ પોઇન્ટ હતા. હવે ફક્ત બે ગેમ બાકી છે. બેમાંથી જે ખેલાડી વધુ ૧.૫ પોઇન્ટ મેળવીને સૌથી પહેલાં ૭.૫ પોઇન્ટ પર પહોંચશે તે વર્લ્ડ ચૅમ્પિયન કહેવાશે. જીત બદલ એક પોઇન્ટ અને ડ્રો બદલ અડધો પોઇન્ટ મળે છે.

૧૩૮ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપની ક્લાસિકલ ફૉર્મેટની ફાઈનલમાં બે એશિયન પ્લેયર સામસામે રમી રહ્યા છે. વિજેતા બનનાર ખેલાડીને અંદાજે ૨૧ કરોડ રૂપિયાનું ઇનામ મળશે.

જો છેલ્લે (૧૪મી ગેમને અંતે) બંનેના એકસરખા પોઇન્ટ હશે તો ટાઈ-બ્રેક યોજાશે અને એમાં જીતવા માટે ૩૨ વર્ષીય લિરેન ફેવરિટ કહેવાશે કારણકે ગયા વર્ષે ફાસ્ટર ટાઈમ કન્ટ્રોલની પદ્ધતિ હેઠળના ટાઈ-બ્રેકમાં જ ઇયાન નેપોમનીઆચીને હરાવીને લિરેને પહેલી વાર વર્લ્ડ ચૅમ્પિયનશિપ જીતી લીધી હતી.

બન્ને પ્લેયર બે-બે ગેમ જીત્યા છે અને કુલ આઠ ગેમ ડ્રોમાં ગઈ છે.

ગઈ કાલે રેસ્ટ ડે હતો અને છેલ્લી બે ગેમ અનુક્રમે આજે અને આવતી કાલે રમાશે. ■

# આજે મુંબઈ V/S વિદર્ભ, સૌરાષ્ટ્ર V/S મધ્ય પ્રદેશ

બેન્ગલૂર/અલુરઃ સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં આજે ચાર ક્વૉર્ટર ફાઇનલ મૅચ રમાશે.

પહેલી ક્વૉર્ટર ફાઇનલ સવારે ૯.૦૦ વાગ્યાથી સૌરાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ વચ્ચે રમાશે. જયદેવ ઉનડકટ સૌરાષ્ટ્રનો અને રજત પાટીદાર મધ્ય પ્રદેશનો કૅપ્ટન છે.

બીજી ક્વૉર્ટર સવારે ૧૧.૦૦ વાગ્યે શરૂ થશે જેમાં બરોડાનો મુકાબલો બેન્ગાલ સાથે થશે. કૃણાલ પંડ્યાના સુકાનમાં રમનારી બરોડાની ટીમમાં તેના નાના ભાઈ હાર્દિક પંડ્યાનો પણ સમાવેશ છે. બેંગાલની ટીમના મોહમ્મદ શમીના પર્ફોર્મન્સ અને ફિટનેસ પર સૌની નજર રહેશે. સુદીપ કુમાર ઘરામી બેન્ગાલની ટીમનો કૅપ્ટન છે. ત્રીજી ક્વૉર્ટર ફાઇનલ બપોરે ૧.૩૦ વાગ્યાથી મુંબઈ અને વિદર્ભ વચ્ચે રમાશે. શ્રેયસ ઐયર મુંબઈનો અને જિતેશ શર્મા વિદર્ભનો સુકાની છે. ચોથી ક્વૉર્ટરમાં સાંજે ૪.૩૦ વાગ્યાથી દિલ્હી અને ઉત્તર પ્રદેશ વચ્ચે રમાશે. આયુષ બદોની દિલ્હીનો અને ભુવનેશ્વર ઉત્તર પ્રદેશનો કૅપ્ટન છે. ■

# ઘાટકોપર જૉલી જિમખાના આયોજિત જેપીએલ ટી-૧૦ ટૂર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ



શનિવારે પ્રથમ મૅચની બન્ને ટીમ સાથે ઘાટકોપર જૉલી જિમખાનાના ટ્રસ્ટી પ્રવીણભાઈ પટેલ, ક્રિકેટ ઇન્ચાર્જ નીશીથભાઈ ગોળવાલા, મૅનેજિંગ કમિટીના મેમ્બર સંજયભાઈ મુછાળા, ક્રિકેટ-કન્વીનર મથુરાદાસ ભાનુશાલી તેમ જ ક્રિકેટ સબ-કમિટીના મેમ્બર્સ.

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના આયોજિત જેપીએલ ટી-૧૦ ટૂર્નામેન્ટની ૧૪મી સીઝનનું ઉદ્‌ઘાટન શનિવાર, સાતમી ડિસેમ્બરે સવારે ૮.૦૦ વાગ્યે ટ્રસ્ટી પ્રવીણભાઈ પટેલ, મૅનેજિંગ કમિટી મેમ્બર તથા ક્રિકેટ ઇન્ચાર્જ નીશીથભાઈ ગોળવાલા, મૅનેજિંગ કમિટી મેમ્બર સંજયભાઈ મુછાળા, ક્રિકેટ સબ-કમિટીના કન્વીનર મથુરાદાસ ભાનુશાલી તથા પ્રથમ મૅચની બે ટીમની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. એ સાથે, આ લોકપ્રિય ટી-૧૦ સ્પર્ધાનો ભવ્ય આરંભ થયો હતો.

આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ટીમ ભાગ લઈ રહી છે જે માટેની મૅચો ૭-૮ ડિસેમ્બરે રમાયા બાદ હવે ૧૪-૧૫ ડિસેમ્બરે રમાશે. ફાઇનલ મૅચ ૧૫મી ડિસેમ્બરે સાંજે ૪.૧૫ વાગ્યાથી રમાશે અને વિજેતા ટીમને ‘પર્પલ-જેવીએમ કપ’ એનાયત કરવામાં આવશે.

ટૂર્નામેન્ટની સફળતામાં ઘાટકોપર જૉલી જિમખાનાના ચૅરમૅન રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજભાઈ અજમેરા, ટ્રસ્ટી-સેક્રેટરી મુકેશભાઈ બદાણી, સેક્રેટરી પરેશભાઈ શાહ, ટ્રસ્ટી ગણ તેમ જ મૅનેજિંગ કમિટીના સભ્યો તરફથી ખૂબ જ મહત્ત્વનું યોગદાન પૂરું પાડવામાં આવ્યું છે. ■

# ગુકેશ અને લિરેન, બન્નેની ગેમથી ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન કાર્લસન નારાજ છે

## નૉર્વેના ચેસ સમ્રાટે ખાસ કરીને ગુકેશ વિશે કહ્યું, ‘તેની ભૂલ લિરેનનો રસ્તો આસાન બનાવી રહી છે’

સિંગાપોરઃ વિશ્વનાથન આનંદ બાદ પાંચ વખત વર્લ્ડ ચેસ ચૅમ્પિયન બનનાર નૉર્વેના મૅગ્નસ કાર્લસને સિંગાપોરમાં ચાલી રહેલી વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપમાં ટાઇટલ માટેના બે દાવેદાર ભારતના ડી. ગુકેશ અને ચીનના વર્તમાન વિશ્વવિજેતા ડિન્ગ લિરેનની ગેમને વખોડી છે. કાર્લસનના મતે ગુકેશ અને લિરેન આ સર્વોચ્ચ સ્પર્ધામાં જે રીતે રમી રહ્યા છે એનાથી તે નારાજ છે.



કાર્લસનના મતે ગુકેશ અને લિરેનની ગેમમાં સર્વોત્તમ સ્તરની ચેસ સ્પર્ધામાં હોવી જોઈએ એવી ગુણવત્તા દેખાતી જ નથી. કાર્લસને એક પૉડકાસ્ટ પરની મુલાકાતમાં કહ્યું, ‘‘વર્લ્ડ ચૅમ્પિયનશિપના ટાઇટલ માટેના બે દાવેદાર વચ્ચેની ગેમ જેવું મને કંઈ લાગતું જ નથી. મને તો આ કોઈ ઓપન ટૂર્નામેન્ટના બીજા કે ત્રીજા રાઉન્ડ જેવી સામાન્ય ગેમ લાગી રહી છે.’

૩૨ વર્ષીય લિરેન સોમવારે ૧૨મી ગેમ જીત્યો અને એ સાથે ગુકેશ અને લિરેન, બન્નેના ૬-૬ પૉઇન્ટ થયા છે. ૭.૫ પૉઇન્ટ પર સૌથી પહેલાં પહોંચનાર ખેલાડી વર્લ્ડ ચૅમ્પિયન કહેવાશે. હજી બે ગેમ રમાવાની બાકી છે જે અનુક્રમે બુધવાર અને ગુરુવારે રમાશે. હવે વધુ દોઢ પૉઇન્ટ મેળવનાર ખેલાડી વિજેતા ગણાશે અને તેને અંદાજે ૨૧.૧૭ કરોડ રૂપિયાનું ઇનામ મળશે.

કાર્લસને ખાસ કરીને ભારતના ૧૮ વર્ષીય ડી. ગુકેશની ગેમ જોયા પછી પ્રતિક્રિયામાં કહ્યું, ‘ગુકેશની ગેમ જોતાં મને લાગે છે કે લિરેન માટે રસ્તો આસાન બનતો ગયો છે. ખેલાડીએ હંમેશાં હરીફની ગેમ મુશ્કેલ બનાવવાની હોય. સોમવારની ગેમ પરથી મને થયું કે લિરેન માટે રસ્તો આસાન થઈ રહ્યો છે. મનોવૈજ્ઞાનિક રીતે હજી બન્ને પર દબાણ છે, પરંતુ મને તો હવે લિરેન જ ટાઇટલ માટે ફેવરિટ જણાઈ રહ્યો છે.’ ■

# ‘ટ્રૅવિસ હેડ હૈદરાબાદ આવે ત્યારે તેની ધરપકડ જ કરી લેજે’, હરભજને સિરાજને આવું કેમ કહ્યું?

નવી દિલ્હીઃ ઍડિલેઇડની બીજી ટેસ્ટના મૅચ-વિનર ટ્રૅવિસ હેડે પોતાની વિકેટ લેનાર મોહમ્મદ સિરાજને ગાળ આપી અને એટલે સિરાજનો પિત્તો ગયો અને તેને આઉટ કર્યા પછી ઉગ્રપણે ઇશારો કરીને બે વખત પૅવિલિયનનો રસ્તો બતાવ્યો એ સાથે વિવાદ થયા બાદ ક્રિકેટજગતમાંથી ઘણાની પ્રતિક્રિયા આવી છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર હરભજન સિંહે આ ગંભીર સ્થિતિ વચ્ચે થોડી હળવી ટિપ્પણી કરી છે. તેણે સિરાજને સલાહ આપી છે કે ટ્રૅવિસ હેડ આઇપીએલ રમવા માટે ફરી તારા હૈદરાબાદમાં આવે ત્યારે તું તેની ‘ધરપકડ’ જ કરી લેજે.

મોહમ્મદ સિરાજ હૈદરાબાદનો છે અને તેને તેલંગણામાં ડેપ્યૂટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (ડીએસપી)ની પદવી આપવામાં આવી છે. ટ્રૅવિસ હેડના પ્રથમ દાવના ૧૪૦ રનને કારણે જ ભારતીય ટીમ ઍડિલેઇડની બીજી ટેસ્ટ ફક્ત સવાબે દિવસમાં હારી ગઈ હતી. ટ્રૅવિસ હેડે સિરાજના એક બૉલમાં સિક્સર ફટકારી અને પછીના બૉલમાં સિરાજે તેને ક્લીન બોલ્ડ કર્યો હતો અને આક્રમક મિજાજમાં તેની વિકેટ સેલિબ્રેટ કરી હતી.

સિરાજની ટ્રૅવિસ હેડ સાથેની ચકમકના અનુસંધાનમાં હરભજન સિંહે ચૅનલ પરની વાતચીતમાં મજાકમાં સિરાજને સલાહમાં કહ્યું, ‘ડીએસપી સાબ, જબ યે દુબારા હૈદરાબાદ આયે ના, તો ઉસ કો ઝરા ગિરફ્તાર કર લેના.’

હરભજન સિંહ ત્યાર બાદ બોલ્યો, ‘એ તો હું મજાક કરી રહ્યો હતો. તને મારી શુભેચ્છા છે.’ ■

# સચિન, ગાવસકર, રિચર્ડ્સ, અકરમ જેની સાથે સંકળાયેલા છે એ અમેરિકાની ક્રિકેટ લીગ પર મુકાયો પ્રતિબંધ!

નવી દિલ્હીઃ તાજેતરમાં જ અમેરિકામાં શરૂ કરવામાં આવેલી નૅશનલ ક્રિકેટ લીગ (એનસીએલ) દ્વારા મૅચની પ્લેઇંગ-ઇલેવનને લગતા નિયમોના ઉલ્લંઘન કરવા બદલ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આ લીગ ટૂર્નામેન્ટ પર પ્રતિબંધ મૂક્યો છે. આ લીગ ઑક્ટોબરમાં શરૂ કરવામાં આવી હતી અને એના બ્રૅન્ડ ઍમ્બેસેડર તરીકે વિવિયન રિચર્ડ્સ તથા વસીમ અકરમની નિયુક્તિ કરવામાં આવી હતી તેમ જ સચિન તેન્ડુલકર તથા સુનીલ ગાવસકર આ લીગની માલિકીના હિસ્સા તરીકે હતા.

એનસીએલ પરના આ પ્રતિબંધ સંબંધમાં આઇસીસીએ યુએસએ ક્રિકેટ (અમેરિકાના ક્રિકેટ બોર્ડને) પત્ર પણ મોકલ્યો છે અને પ્રતિબંધ સંબંધિત કારણો એમાં જણાવ્યા છે.

આઇસીસીના પ્લેઇંગ-ઇલેવન વિશેના નિયમો મુજબ આ લીગની મૅચના અગિયાર ખેલાડીઓમાં અમેરિકાના ક્રિકેટ બોર્ડ સાથે કે અસોસિયેટ રાષ્ટ્રો સાથે સંકળાયેલા ઓછામાં ઓછા સાત ખેલાડી હોવા જરૂરી છે, પરંતુ એનસીએલે એ નિયમનો ભંગ કર્યો છે.

ઑક્ટોબરમાં એનસીએલની જોરશોરથી શરૂઆત થઈ હતી. લેજન્ડરી ક્રિકેટર્સના નામ એની સાથે જોડાતાં આ લીગ લોકપ્રિય થવા લાગી હતી.

જોકે લીગની કેટલીક મૅચોમાં પ્લેઇંગ-ઇલેવન સંબંધિત નિયમનું ઉલ્લંઘન થયું હોવાનું આઇસીસીની જાણમાં આવ્યું હતું. આ લીગ માટેના મેદાનો પરની પિચ પણ ઊતરતી કક્ષાની હોવાનું આઇસીસીને જણાયું હતું, કારણકે એવી પિચ પર બૅટર્સને ઈજા ન થાય એ માટે થઈને વહાબ રિઆઝ અને ટાયમલ મિલ્સ જેવા ફાસ્ટ બોલર્સે સ્પિન બોલિંગ કરવી પડી હતી.

અમેરિકામાં ક્રિકેટની રમતનો ફેલાવો વધી રહ્યો છે. દેશમાં થોડા સમયની અંદર ઘણી ટી-૨૦ અને ટી-૧૦ લીગ સ્પર્ધા શરૂ થઈ છે. ૬૦ જેટલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો એ લીગ ટૂર્નામેન્ટો સાથે સંકળાયેલા છે. ■

# અબુધાબી ટી-૧૦ ટીમના કોચ પર આઇસીસીનો છ વર્ષનો પ્રતિબંધ

અબુધાબી/દુબઈઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ક્રિકેટને લગતા ભ્રષ્ટાચાર (મૅચો ફિક્સ કરવાના પ્રયાસ બદલ) બદલ અબુધાબી ટી-૧૦ ટૂર્નામેન્ટના એક ફ્રૅન્ચાઇઝીના ભૂતપૂર્વ સહાયક કોચ સની ધિલ્લોન પર છ વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે. આ બૅન તમામ પ્રકારની ક્રિકેટ મૅચો સંબંધમાં છે.

ધિલ્લોન સામે ગયા વર્ષે આરોપ મૂકવામાં આવ્યા હતા અને હવે એ સાબિત થયા હોવાનું જાણીને આઇસીસીએ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩થી લાગુ પડે એ રીતે તેના પર છ વર્ષનો પ્રતિબંધ લાગુ કર્યો છે.

આઇસીસીએ સની ધિલ્લોન જેની સાથે સંકળાયેલો હતો એ ફ્રૅન્ચાઇઝીનું નામ નથી જાહેર કર્યું, પરંતુ એક જાણીતી સ્પોર્ટ્સ વેબસાઇટના અહેવાલ મુજબ ધિલ્લોને પુણે ડેવિલ્સની ટીમને કોચિંગ આપ્યું હતું.

પીટીઆઇના અહેવાલ મુજબ આઇસીસીએ એક સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું કે ‘સની ધિલ્લોને એમિરેટ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી) ભ્રષ્ટાચાર-વિરોધી આચારસંહિતાનો ભંગ કર્યો હોવાથી તેના પર છ વર્ષનો પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

ધિલ્લોન સહિત આઠ જણ સામે એવો આક્ષેપ હતો કે તેમણે ૨૦૨૧ની ટી-૧૦ સ્પર્ધા દરમ્યાન કેટલીક મૅચોના પરિણામ પોતાની રીતે લાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આઇસીસીના ડેઝિગ્નેટેડ ઍન્ટિ-કરપ્શન ઑફિશિયલ (ડીએસીઓ) દ્વારા તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. અન્ય જેમની સામે ફિક્સિંગ માટેના પ્રયત્નો થયા હોવાનો આક્ષેપ થયો હતો એમાં પરાગ સંઘવી તથા કિશન કુમાર ચૌધરીનો સમાવેશ હતો. ■

# અમ્પાયરને ગાળ આપી એટલે અલ્ઝારી જોસેફને થયો દંડ

બૅસેટીયરઃ રવિવારે અહીં સિરીઝની પ્રથમ વન-ડે મૅચ પહેલાં અમ્પાયરને ગાળ આપવા બદલ વેસ્ટ ઇન્ડિઝના ફાસ્ટ બોલર અલ્ઝારી જોસેફને મૅચ-ફીના પચીસ ટકા હિસ્સાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

રવિવારે બાંગ્લાદેશ સામેની આ મૅચ વેસ્ટ ઇન્ડિઝે ૧૪ બૉલ બાકી રાખીને પાંચ વિકેટે જીતી લીધી હતી.

બાંગ્લાદેશે કૅપ્ટન મેહદી હસન મિરાઝના ૭૪ રનની મદદથી છ વિકેટે ૨૯૪ રન બનાવ્યા હતા. કૅરિબિયન બોલર રોમારિયો શેફર્ડે ત્રણ તેમ જ અલ્ઝારી જોસેફે બે વિકેટ લીધી હતી. વેસ્ટ ઇન્ડિઝે શેરફેન રુધરફર્ડના ૧૧૩ રન અને કૅપ્ટન-વિકેટકીપર શાઇ હોપના ૮૬ રનની મદદથી ૪૭.૪ ઓવરમાં પાંચ વિકેટે ૨૯૫ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

મૅચના આરંભ પહેલાં અલ્ઝારી જોસેફ અને ફોર્થ અમ્પાયર ગ્રેગરી બ્રેથવેઇટ વચ્ચે બોલાચાલી થઈ હતી. ફોર્થ અમ્પાયર જે રિઝર્વ અમ્પાયર તરીકે પણ ઓળખાય છે તેમણે અલ્ઝારીને સ્પાઇક્સ શૂઝ પહેરીને પિચ પર ન આવવા વિનંતી કરી હતી. અલ્ઝારીને એ ન ગમ્યું અને તેણે અમ્પાયરને ગાળ આપી હતી. અમ્પાયરે મૅચ રેફરી જેફ ક્રોને ફરિયાદ કરી હતી જેમણે સુનાવણી રાખવાની તૈયારી શરૂ કરી હતી, પરંતુ અલ્ઝારીએ આક્ષેપ સ્વીકારી લીધો એટલે મામલો ત્યાં અટકી ગયો અને જેફ ક્રોએ અલ્ઝારીને પચીસ ટકા મૅચ-ફીનો દંડ ફટકાર્યો હતો. અલ્ઝારી વિરુદ્ધની ફરિયાદમાં ફોર્થ અમ્પાયર સાથે મેદાન પરના બન્ને અમ્પાયર (કુમાર ધર્મસેના તથા લેસલી રાઇફર) તેમ જ થર્ડ અમ્પાયર આસિફ યાકુબ પણ જોડાયા હતા. ■

# કીર્તિ આઝાદનો આક્ષેપ, ‘દિલ્હી ઍસોસિયેશનને ૧૪૦ કરોડ રૂપિયામાંથી...’

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને આ અઠવાડિયે દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશનની ચૂંટણીમાં પ્રમુખપદ માટે લડનારા કીર્તિ આઝાદે ઍસોસિયેશનના વર્તમાન શાસન વિરુદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે જેમાં તેમણે ખાસ ઉલ્લેખમાં કહ્યું છે કે ગયા નાણાકીય વર્ષ દરમ્યાન બીસીસીઆઇ તરફથી દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશનને જે અંદાજે ૧૪૦ કરોડ રૂપિયા મળ્યા હતા એનો અમુક નાનો હિસ્સો જ ખર્ચ કરવામાં આવ્યો હતો.

ભાજપના ભૂતપૂર્વ નેતા અરુણ જેટલીના પુત્ર રોહન જેટલી દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશનના ચીફ છે અને તેમણે પીટીઆઇને આ આક્ષેપો સંબંધમાં કોઈ જ પ્રતિક્રિયા નહોતી આપી.

દિલ્હી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ઍસોસિયેશનની બૅલેન્સ શીટ મુજબ ક્રિકેટ સંબંધિત આ સ્ટેટ યુનિટને બીસીસીઆઇ તરફથી ગયા નાણાકીય વર્ષમાં ગ્રાન્ટ કે સબસિડી તરીકે ૭૦ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે ૬૭ કરોડ રૂપિયાની આવક આઇપીએલની આવક, બીસીસીઆઇની મૅચ ફી તેમ જ ટિકિટોના વેચાણ સહિતના અન્ય માધ્યમો મારફત થઈ હતી.

કીર્તિ આઝાદનો આક્ષેપ છે કે ‘દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશનને બીસીસીઆઇ તરફથી દર વર્ષે ૧૪૦ કરોડ રૂપિયા, દર મહિને સરેરાશ ૧૨ કરોડ રૂપિયા અને પ્રતિદિન ૪૦ લાખ રૂપિયા મળે છે. ઍસોસિયેશનને જે ગ્રાન્ટ મળે છે એનું યોગ્ય સંચાલન નથી કરાયું. અકાઉન્ટ્સની બુકનું યોગ્ય ઑડિટિંગ પણ નથી થયું. ક્રિકેટ પર માત્ર સાત કરોડ રૂપિયા ખર્ચ કરાયા હતા. બાકીના પૈસા ક્યાં જઈ રહ્યા છે?’ ■



# એનબીએફસી શું ગુલાબી દિવસો પૂરા થયા?!

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**એનબીએફસી** કંપનીઓ માટે કપરા દિવસોના એંધાણ છે. નાણાકીય સિસ્ટમમાં કોઇ ખલેલ ઉત્પન્ન ના થાય એ માટેની તકેદારીના ભાગરૂપે આમ પણ બેન્કિંગ ક્ષેત્રની નિયામક રિઝર્વ બેન્ક સંભવિત જોખમો ટાળવા માટે તાજેતરમાં એનબીએફસીઝ માટેના નિયમનો આકરા બનાવી રહી છે.

નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપની (એનબીએફસી)ઓએ રિટેલ ધિરાણની માગમાં વધારા વચ્ચે પાછલા બે વર્ષમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. જો કે, આ ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે, એનબીએફસીની એસેટ વૃદ્ધિ ચાલુ નાણાકીય વર્ષ અને તે પછીના આગામી સમયમાં તીવ્ર ધીમી થવાની ધારણા છે.

ઉદ્યોગ નિરીક્ષકો માને છે કે, આ સેકટર માટેના નિયમનકારી ધારાધોરણો અને આવશ્યકતાઓ કડક બનવાને કારણે એસેટ ગુણવત્તાના જોખમો વધી રહ્યાં છે અને આ સેક્ટરને ફાળવાઇ રહેલા બેંક ધિરાણમાં ઘટાડો થઇ રહ્યો છે. આગામી સમયમાં એનબીએફસીઝ કંપનીઓને સ્પર્ધાત્મક વાતાવરણમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને વિકાસ સાધવા માટે પોતાની વ્યૂહરચના બદલવી પડશે અથવા નવી અપનાવવી પડશે!

માર્ચ ૨૦૨૪માં પૂરા થયેલા વર્ષમાં જોવા મળેલી મજબૂત ૨૩ ટકા વૃદ્ધિની સરખામણીમાં વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં એનબીએફસીની એસેટ અંડર મેનેજમેન્ટ (સંચાલન હેઠળની અસ્કયામતો, એયુએમ)ની વૃદ્ધિ ૧૫થી ૧૭ ટકા સુધી મધ્યમ રહેશે, એવો અંદાજ ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલે રજૂ કર્યો છે.

જોકે આ વૃદ્ધિદર હજુ પણ નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૪ના દશકની સરેરાશ ૧૪ ટકાના સ્તર સામે ઊંચી સપાટીએ રહેશે, એવી નોંધ ટાંકતા ક્રિસિલના રિપોર્ટમાં એનબીએફસીઝ ક્ષેત્રે સંભવિત મંદી પાછળ ત્રણ મુખ્ય કારણો જાહેર કર્યાં છે.

સૌપ્રથમ કારણ હાઉસહોલ્ડ ઇડેટેડનેસ (ઘરેલુ સ્તરના કરજની સ્થિતિ) અને એસેટની ગુણવત્તાના જોખમો સંદર્ભની ચિંતા વધી રહી છે, જે ખાસ કરીને માઇક્રોફાઇનાન્સ અને અનસિક્યોર્ડ લોન જેવા ચોક્કસ રિટેલ એસેટ સેગમેન્ટમાં વૃદ્ધિની વ્યૂહરચનાઓ પર નકારાત્મક અસર કરી શકે છે.

બીજા કારણમાં, ગ્રાહક સુરક્ષા, કિંમત કે મૂલ્યની પારદર્શકતા અને કામકાજને લગતા અનુપાલન પર ધ્યાન કેન્દ્રિત કરીને નિયમનકારી ધોરણો અને શરતોના પાલનની આવશ્યકતાઓ કડક બનાવાઇ રહી હોવાથી એનબીએફસીઝ કંપનીઓએ તેની કામગીરીની પ્રક્રિયાનું પુનર્ગઠન કરવું પડશે.

આ ક્ષેત્ર માટે પડકાર સર્જનાર ત્રીજું કારણ વૈવિધ્યસભર ભંડોળ સ્રોત સુધીની પહોંચમાં અવરોધનું છે. નોંધવું રહ્યું કે, આ કંપનીઓની વિકાસ કે પ્રગતિ માટે આ એક અત્યંત મહત્ત્વનું અને નિર્ણાયક પિરિબળ છે, બેન્ક ધિરાણમાં ઓટ આવવાની પરિસ્થિતિની સૌથી નકારાત્મક અસર એનબીએફસી કંપનીઓ પર જોવા મળશે. અલબત્ત, તમામ કંપનીઓ માટે અલગ અલગ સ્થિતિ હોઇ શકે છે.

સારાંશમાં કહી શકાય કે તાજેતરના નિયમનકારી ઘોષણાઓ અંતર્ગત ઓપરેશનલ રિસ્ક મેનેજમેન્ટ સંદર્ભે નિયમો અને ધારાધોરણોના પાલન પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. વધુમાં, પાછલા કેટલાક ત્રિમાસિક ગાળામાં કેટલાક સેગમેન્ટમાં એસેટ ગુણવત્તા મેટ્રિક્સ નબળી પડી છે. આને કારણે, ખાસ કરીને અસુરક્ષિત લોન અને માઇક્રોફાઇનાન્સમાં વૃદ્ધિ વ્યૂહરચનાઓનું પુનર્ગઠન અનિવાર્ય બન્યું છે,

પાછલાં ત્રણ નાણાકીય વર્ષોમાં અસુરક્ષિત ધિરાણ (અનસિક્યોર્ડ લેન્ડિંગ)માં ઝડપથી વધારો થયો છે, જે ૪૫ ટકા ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ (સીએજીઆર) દર્શાવે છે અને નોંધવું રહ્યું કે હવે તે એકંદર એનબીએફસી એયુએમનો ત્રીજો સૌથી મોટો ઘટક છે. જો કે, રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, વર્તમાન નાણાકીય વર્ષમાં અને આગામી વર્ષમાં તે વૃદ્ધિ નોંધપાત્ર રીતે ૧૫ ટકાથી ૧૬ ટકા સુધી મધ્યમ રહેવાની ધારણા છે.

એ જ રીતે, માઇક્રોફાઇનાન્સ સેગમેન્ટ પણ એસેટ ગુણવત્તાના દબાણનો સામનો કરી રહ્યું છે, જે ૨૦૨૩-૨૪માં ૨૫ ટકાના વધારાની સરખામણીમાં આ વર્ષે નિરસ વૃદ્ધિ તરફ દોરી જશે. રેટિંગ એજન્સી માને છે કે, માઇક્રોફાઇનાન્સ સેગમેન્ટમાં આગામી સમયમાં પુનઃપ્રાપ્તિની અપેક્ષા છે, પરંતુ તે માત્ર હાલ માત્ર ધારણાં આધારિત છે.

એ બાબત મહત્ત્વપૂર્ણ છે કે, એનબીએફસીને માટે પાછલાં પાંચેક વર્ષ દરમિયાન બેન્ક ધિરાણ મોટાભાગે મુખ્ય આધાર કે સહારો રહ્યું છે. નિયમનકારી રિસ્ક વેઇટેજમાં વધારો કરવામાં આવ્યો ત્યારથી, નવેમ્બર ૨૦૨૩થી બેન્ક ધિરાણ ૧૩ લાખ કરોડથી ૧૩.૫ લાખ કરોડની રેન્જમાં રહ્યું હતું.

મોટાભાગની મોટી એનબીએફસી, ખાસ કરીને પેરેન્ટ કંપનીનો ટેકો ધરાવતી કંપનીઓએ, પાછલા ત્રણ ક્વાર્ટરમાં મૂડી બજારનાં સાધનો, ફોરેન કરન્સી બોરોઇંગ અને સિક્યોરિટાઇઝેશન જેવા વૈકલ્પિક ભંડોળના સ્રોતો પર હાથ અજમાવ્યો છે. બાકીના ખેલાડીઓ માટે, આવા સ્રોતોનો શ્રેષ્ઠ રીતે લાભ ઉઠાવવાનું ચાલુ રાખવું સહેજ મુશ્કેલ રહે છે.

જોકે, ક્રિસિલે એવી ટિપ્પણી કરી છે કે, એનબીએફસીઝમાં ૪૫ ટકા હિસ્સો ધરાવનાર બે સેગમેન્ટ, હોમ લોન અને વ્હીકલ લોન પર મર્યાદિત અસર પડશે. આ બે પરંપરાગત રીતે મોટા સેગમેન્ટમાં ફંડામેન્ટલ્સ આધારિત વૃદ્ધિ ચાલુ રહેશે.

રિપોર્ટમાં આપેલી માહિતી અનુસાર હોમ લોનમાં ૧૩થી ૧૪ ટકાની સીએજીઆર વૃદ્ધિ જળવાઇ રહેવાની ધારણા છે. હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ રૂ. ૨૫ લાખથી ઓછી લોનનો સમાવેશ ધરાવતાં એફોર્ડેબલ સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે લગભગ ૨૨થી ૨૩ ટકા સીએજીઆરની ઝડપે વૃદ્ધિ કરે તેવી શક્યતા છે. એ જ રીતે, વાહન ફાઇનાન્સમાં વૃદ્ધિ મધ્યમ રહેવાનો અંદાજ છે, પરંતુ તે હજુ પણ ૧૫ ટકાથી ૧૬ ટકાની આસપાસ રહેશે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# અદૃશ્ય ઠગોને ઠેંગો બતાવવા સાયબર સુપર સ્માર્ટનેસ લાવીએ...

અલગ-અલગ છેતરપિંડી-ઠગીના ઓનલાઈન ચિટિંગની જાણકારી થકી સાવચેત રહેવાની ઘંટડી સંભળાતી રહે છે, પરંતુ પછી જીવનની દોડધામમાં એ વિસરી જવાય છે, પરંતુ એ છુટક છુટક બોધપાઠ ઉપરાંત અમુક નિયમો કાયમ માટે મગજના કમ્પ્યુટરમાં ફિટ કરી દેવા માત્ર જરૂરી જ નથી, એકદમ અનિવાર્ય છે.

આપણે સૌએ સુપર સાયબર સ્માર્ટ બનવાની જરૂર છે. ઓનલાઈન કે ઈન્ટરનેટ યુગની બધી ટેકનીકલ માહિતી સમજી કે શીખવી શક્ય નથી. સાદા શબ્દોમાં કહીએ તો બધા ચોર-ઠગને પૂરીને આપણે પકડીને જેલભેગા ન કરી શકીએ, પરંતુ આપણા ઘરને વ્યવસ્થિત બંધ કરીને સલામત રાખી જ શકીએ. તો સુપર સાયબર સ્માર્ટનેસના થોડા કક્કા-બારખડી સમાં પગલાં જાણી લો, યાદ રાખી લો અને જીવનમાં ઉતારવા માંડો-

એક, જો TRAI (ટેલિકોમ્યુનિકેશન રેગ્યુલેટરી ઓથોરીટી ઑફ ઈન્ડિયા) તરફથી ફોન આવે ને ચેતવણી અપાય કે કઈ રીતે આપનો ફોન બંધ થશે, તો શું કરવું? જરાય ગભરાયા વગર એની અવગણના કરો. એ ચોક્કસ જાળ, કાવતરું કે કૌભાંડ છે.

બે, જો કોઈ પોલીસવાળો (અફકોર્સ બનાવટી) ફોન કરે અને આપના આધારકાર્ડ વિશે માથાકૂટ કરે તો એને જરાય ભાવ આપવાનો નહિ, એ ૩૦૦ ટકા ફ્રોડ છે.

ત્રણ, જો કોઈ જાણીતી કુરિયર કંપની તરફથી ફોન આવે ને આપને આવેલા કોઈ પેકેટની વાત જણાવે, ત્યારબાદ એક કે કોઈ પણ નંબર દબાવવાનું કહે તો, તો માત્ર ફોન કટ કરવા માટે બટન દબાવવાનું. એ નિશ્ચિતપણે તમને ફસાવવા



બિછાવાયેલી જાળ હતી.

ચાર, ભલભલા ચમરબંધ-અર્થાત્ પોલીસ, સી.બી.આઈ., ઈ.ડી., કસ્ટમ્સ, આઈ.ટી. ઑફિસરના ફોન આવે ને એક કાલ્પનિક કિસ્સો કહીને તમને ડરાવે કે લલચાવે ને ડિજિટલ એરેસ્ટની ધમકી આપે તો ડરને કા નહિ. એને એક ન પ્રતિસાદ હોયઃ અવગણના. મનોમન ખુશ થવાનું કે આપણો એક વખત તો બચી ગયા.

પાંચ, જો કોઈ અજાણ્યો વોટ્સઅપ, મેસેન્જર, ઈન્સ્ટાગ્રામ કે એસએમએસ થકી સંપર્ક કરે તો એને ક્યારેય જવાબ ન આપવો. અચૂકપણે એ છેતરપિંડીનો કારસો હોઈ શકે.


છ, ક્યારેક ઓળખીતાના વોટ્સઅપ નંબર પરથી મેસેજ આવે. ડીપીમાં પણ એનો ફોટા હોય એટલે આપણે એને સાચી વ્યક્તિ માની લઈએ. પણ સબુર, માગણી જરાય અણછાજતી લાગે તો પહેલા એ સંબંધી કે મિત્રને ફોન કરી લેવો. ઘણાંને આખેઆખા ફોન કે વોટ્સએપ હેક કરીને એનો જ ફોટો ડીપીમાં મૂકીને છેતરપિંડી થતી હોય છે.

સાત, કોઈ પણ અજાણ્યાનો ફોન આવે ને કોઈ નંબર દબાવવાનું કહે તો ક્યારેય એવું ન કરવું, તરત ફોન કટ કરી નાખવો. એ અચૂક તમને ખાડામાં ઉતારવાનો પ્રયાસ હતો.

આઠ, ક્યારેક અચાનક મોબાઈલ ફોન થકી ધડાકો કરાય કે તમે મોકલેલા કે તમારા માટે આવેલા પાર્સલ-પેકેટમાં ડ્રગ્સ છે તો બે રીતે વર્તી શકાય. તરત ફોન કટ કરી નાખો કાં અટ્ટહાસ્ટ સાથે ફોન બંધ કરી દો. આ ફ્રોડનો પ્રયાસ હતો એ કહેવાની જરૂર નથી.

નવ, અમુક વિવેકી પુરુષ કે સ્માર્ટ યુવતી ફોન કરીને એકદમ આદર સાથે વિનંતી કરે કે સર/મેડમ, આપે યુ.પી.આઈ. (યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ) થકી ખોટા ખાતામાં નાણાં ટ્રાન્સફર કર્યાં છે. હું આપને એ રકમ પાછી મોકલવા માગું છું, તો પ્લીઝ આપની બેંકની વિગતો આપશો? કાં મને એક રૂપિયો ટ્રાન્સફર કરશો? કાં હું મોકલું એ ક્યુ.આર. કોડ સ્કેન કરશો? કે મોકલેલી લિન્ક પર ક્લિક કરશો? આટલું સાંભળ્યા પછી કરવાનું શું? ફોન કટ.

દસ, અને અને... કંઈ પણ તકલીફ લાગે તો સીધો ૧૯૩૦ (હા, વન નાઈન થ્રી ઝીરો) નંબર ડાયલ કરીને પોતાની સાથે થયેલી હરકતની તાત્કાલિક ફરિયાદ નોંધાવી દેવી. સરકારે આ વ્યવસ્થા મારા, તમારા ને આપણા માટે જ ઊભી કરી છે. ભલે સામેવાળાએ ધમકી આપી હોય કે કોઈને જાણ/ફોન કરતા નહિ પણ આ નંબર અચૂક ડાયલ કરી જ દેવો. ■




પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ - પુતિન વચ્ચેની સિક્રેટ ડીલને લીધે સિરિયામાં સત્તાપલટો?



*સમય બળવાન હૈ, નહીં પુરુષ બળવાન.*
*કાબે અર્જુન લુટિયો, વહી ધનુષ વહી બાણ...*



બશર અલ-અસદ

સિરિયામાં અડધી સદીથી ચાલતા અસદ કુટુંબના શાસનનું પતન થયું છે. આરબ દેશોમાં ક્રાંતિ લાવનાર આરબ સ્પ્રિન્ગ વખતે ટકી રહેનાર બશર અલ-અસદને દેશ છોડીને ભાગીને રશિયામાં આશરો લેવો પડ્યો છે. જે શાસકે અમેરિકા, ઈઝરાયલ અને તુર્કીને મચક આપી નહોતી એ જ શાસકનો સમય બદલાયો તો એમણે જાન બચાવવા બાંગ્લાદેશનાં શેખ હસીનાની જેમ રાતોરાત નાસી જવું પડ્યું. સિરિયામાં બળવાખોરોએ ક્રાંતિનો ધ્વજ લહેરાવ્યો છે. આને લીધે અસદના ૨૪ વર્ષના જુલમી અને ક્રૂર શાસનનો અંત આવ્યો છે. એમના પદભ્રષ્ટ થવાથી સિરિયામાં ૧૪ વર્ષથી ચાલતા આંતરવિગ્રહનો કામચલાઉ અંત આવ્યો છે એમ કહી શકાય.

અસદના મુખ્ય ટેકેદારો રશિયા, ઈરાન અને હિઝબુલ્લાહએ એમની સમસ્યાને લીધે પાણીમાં બેસી જતાં એ પદભ્રષ્ટ થયા હતા. સિરિયાની રાજધાની દમાસ્કસમાં હવે ‘હયાત તહરીર અલ શામ’ (એચટીએસ)એ કબજો જમાવ્યો છે. ‘એચટીએસ’ના બંડખોરોએ ફક્ત ૧૦ દિવસમાં જ હામા, હોમ્સ અને દમાસ્કસમાં કબજો જમાવતાં અસદને મોટી પીછેહઠ કરીને કાયરની જેમ નાસી જવું પડ્યું છે.

હવે અહીં લાખ રૂપિયાનો સવાલ તો એ છે કે સિરિયામાં કોણ સત્તા પર આવશે ? હાલમાં તો બશરના પલાયન થયા બાદ સિરિયાની સરકારના વડા એટલે કે વડા પ્રધાન મોહમ્મદ ગાઝી અલ જલાલીએ કટ્ટરવાદીઓ સામે શરણાગતિ સ્વીકારી છે. બળવાખોરનું કહેવું છે કે અમારું પહેલું લક્ષ્ય બશરને પદભ્રષ્ટ કરવાનું હતું. બંડખોરોનાં અનેક જૂથો છે અને આમાં તુર્કી, ઈઝરાયલ અને અમેરિકાની ભૂમિકા મુખ્ય હતી. બશરે સત્તા પર એટલો મજબૂત કબજો જમાવ્યો હતો કે અમુક આરબ દેશોએ તો ગયા વર્ષે આ સરકાર સાથેના સંબધ સામાન્ય કર્યા હતા. અમેરિકા અને પશ્ચિમના દેશો ‘હયાત તહરીર અસ-શામ’ અંગે સાવધાની રાખે છે. આ જૂથની ઓળખાણ આતંકવાદી સંગઠન તરીકેની છે. તેના નેતા અબુ મોહમ્મદ અલ જુલાનીને અમેરિકાએ આતંકવાદી જાહેર કર્યા છે. અલ જુલાલી કહે છે કે જાહેર સંસ્થાઓનો કબજો નહીં સોપાય ત્યાં સુધી તે વડા પ્રધાનના હસ્તક રહેશે. જુલાનીએ તેની ઓળખાણ આતંકવાદીને બદલે વિનીત નેતા તરીકે પડે એવી કોશિશ કરી છે. એણે જેહાદી જેવી ટોપી પહેરવાની બંધ કરી છે. તે ખાખી શર્ટ અને ટ્રાઉઝર પહેરે છે. આ એ જ જુલાની છે જે ૨૦૦૩માં સિરિયા છોડીને અમેરિકા સામે લડવા ઈરાક ગયો હતો. જુલાની કહે છે કે મારી ઈચ્છા પશ્ચિમ પર આક્રમણ કરવાની નથી.

અસદની હકાલપટ્ટીમાં તુર્કીનો મોટો હાથ છે. અસદના જુલમથી નાસીને સિરિયાના અનેક લોકોને તુર્કીએ આશરો આપ્યો હતો.

અસદને એના મુખ્ય સમર્થક રશિયા અને ઈરાને કેમ મદદ ન કરી?

રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં એટલું પરોવાયેલું છે કે તે અગાઉની જેમ અસદને મદદ ન કરી શક્યું. અસદના ટેકેદાર ઈરાનને તો મુખ્ય ફટકો પડ્યો છે. ઈરાન સિરિયા વાટે હમાસ અને હિઝબુલ્લાહને હથિયારો અને બીજી સામગ્રી મોકલાવતું હતું. હવે ઈરાન માટે સંભવ નહીં બને. અસદને મદદ કરવા ઈરાને ત્યાં તેના જવાનો મોકલ્યા હતા, પરંતુ આ જવાનો હાર સ્વીકારીને ઈરાન પાછા આવી ગયા. ઈઝરાયલ પર સીધું આક્રમણ કરવાની ઈરાને ધમકી આપી છે અને તે આની તૈયારી કરી રહ્યું હોવાથી અસદને મદદ ન કરી શક્યું. હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ થયો હોવાથી તેણે પણ હાથ ખંખેરી લીધા.

સિરિયાના આંતર-વિગ્રહમાં બંડખોર જૂથો ઉપરાંત અમેરિકા, ઈરાન અને રશિયા જેવી આંતરરાષ્ટ્રીય શક્તિઓ સામેલ થતાં તે બહુઆયામી લડાઈ બની ગઈ. ૧૩ વર્ષ ચાલેલા આંતરવિગ્રહમાં પાંચ લાખ લોકો મરણ પામ્યાં છે. એક અઠવાડિયા જેવા ટૂંકા સમયમાં બંડખોરોએ ઈશાનના મોટા ભાગના પ્રદેશો પર કબજો જમાવ્યો હતો. બંડખોરોએ પાંચ ડિસેમ્બરે હામામાં વિજય મેળવ્યો હતો. આ જૂથે એક દિવસ બાદ હોમ્સ પર કબજો જમાવ્યો. આઠ ડિસેમ્બરે બંડખોરોએ દમાસ્કસ પર કબજો જમાવ્યો.

અસદની સરકાર ૨૦૧૧માં શરૂ થયેલા વિનાશકારી ગૃહયુદ્ધના કેન્દ્રમાં રહી હતી. અલ અસદે ૨૦૦૦માં સત્તા સંભાળી. અસદ અલવાઈત છે જે શિયા ઈસ્લામની શાખા છે. સિરિયામાં આ લોકો લઘુમતીમાં છે, જ્યારે સુન્નીઓ બહુમતીમાં છે. અસદે આરબ સ્પ્રીન્ગ વખતનાં શાંત પ્રદર્શનો પર ક્રૂર કાર્યવાહી કરી. જેનાથી દેશવ્યાપી બંડ શરૂ થયું હતુ . અસદ સરકારે એક સમયે ઈરાન, રશિયા અને સશસ્ત્ર લડાયક જૂથ હિજબુલ્લાહની મદદથી સિરિયાનાં મોટાં ક્ષેત્રો પાછાં મેળવ્યાં. રશિયા, ઈરાન અને હજિબુલ્લાહ બીજે મોરચે પ્રવૃત્ત હતા તેનો બંડખોરોએ ફાયદો ઉઠાવ્યો.

સિરિયાના આ બળવામાં કુર્દ લઘુમતીનો પણ મોટો હાથ છે. આ સમુદાયને અમેરિકાનો મોટો ટેકો છે. આ સમુદાયના લોકોની કુર્દ ફોર્સે પણ અસદ સામે બંડ પોકાર્યું હતું. કુર્દે ઈશાનનાં શહેરોમાં જોરદાર પગદંડો જમાવ્યો છે. જોકે કુર્દ સમુદાય તુર્કીનો વિરોધી છે. તુર્કી તેને અલગતાવાદી સમુદાય ગણે છે.

તુર્કીની સેનાએ ઘણા વર્ષથી સિરિયામાં લશ્કરી દરમિયાનગીરી કરી હતી. તુર્કી સીરિયન નેશનલ આર્મી જેવાં સંગઠનોને ટેકો આપે છે. વિશ્લેષકોનું માનવું છે કે અલ શામના નેતૃત્વમાં બંડખોરોએ કરેલા તાજા હુમલાને તુર્કીની મૌન સંમતિ હતી. તુર્કીના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગને કોફિનમાં છેલ્લો ખીલો ઠોકવાની મંજૂરી આપી હતી

સિરિયામાં રશિયાનાં લશ્કરી મથકો છે. રશિયા પોતાનાં ફાઈટર વિમાનો વડે બંડખોરોને અનેક વાર કાબૂમાં લેતું હતું.

અસદની હકાલપટ્ટીથી સૌથી મોટું નુકસાન ઈરાનને થયું છે. સિરિયા ઈરાનની ‘એકસીસ ઑફ રેસિસ્ટન્સ’નો ભાગ હતું. આમાં હિજબુલ્લાહ, હમાસ અને હુતીનો સમાવેશ થાય છે. આનો ઉદેશ અમેરિકાનો વેસ્ટ એશિયામાંથી પ્રભાવ ઓછો કરવાનો છે. જોકે બંડખોરની આગેકૂચ જોઈને ઈરાને તેના જવાનો અને કમાન્ડરોને પાછા બોલાવી લીધા. ઈરાનના આયોતોલ્લાના શાસન સામે વિરોધની આને લીધે શરૂઆત થઈ શકે. ઈરાનના પ્રમુખ જેવા મવાળોના હાથ મજબૂત થશે. સઉદી અરેબિયા અને કુવૈત જેવા સુન્ની બહુમતીવાળા દેશો ઈરાનનું પ્રભુત્વ ઓછું થયું એનાથી ખુશ થયા છે.

એ પણ સંભવ છે કે રશિયાના પ્રમુખ પુતિન અને અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પ વચ્ચે ગુપ્ત ડીલને લીધે અશદનું પતન થયું છે. રશિયા અસદને ટેકો ન આપે તો અમેરિકા મધ્યસ્થી કરીને રશિયા અને યુક્રન વચ્ચેનો જંગ સમાપ્ત કરી દેશે એવી પુતિનને ટ્રમ્પે ખાતરી આપી હોઈ શકે.

જોકે પ્રાદેશિક અસ્થિરતાની અસર લેબેનોન, જોર્ડન અને ઈરાક પર પડશે. આ દેશોમાં નિરાશ્રિતોનો ધસારો, આતંકવાદી હુમલા અને રાજકીય અશાંતિ વધી જશે. ઈરાકમાં સદ્દામ હુસેનના ગયા પછી અસ્થિરતા આવી છે. સિરિયાના હાલ આવા ન થાય એવી આશા રાખવી વધુ પડતી હશે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## કોળિયા માટે કજિયો નહીં કરવાનો ઓકે?!



ભૂખથી મોટું કોઈ દુઃખ નથી અને એક કોળિયા માટે તરફડતા કે કોઈનો કોળિયો ઝુંટવી લેતા લોકોની નવાઈ નથી. માનવી સિવાયના પ્રાણી જગતમાં પણ ખોરાક માટેની ખેંચાખેંચ જોવા મળે છે ખરી. જોકે, આશ્ચર્યની વાત એ છે કે પક્ષીઓ આ બાબતે શાલીનતાથી પેશ આવતા જોવા મળે છે.પંખીજગતનો અભ્યાસ જણાવે છે કે કેટલાંક પક્ષીઓ ઋતુ અનુસાર એક ઠેકાણેથી બીજે ઠેકાણે સ્થળાંતર કરતા હોય છે. ઋતુચક્રના તીવ્ર ફેરફારોથી જાતને સંભાળવા પક્ષીઓ સ્થળાંતર કરે છે. સંશોધન એમ પણ કહે છે કે ઊર્જાનું પ્રમાણ જળવાઈ રહે એ માટે પક્ષીઓ હવાફેર કરતા હોય છે. હૂંફાળા વાતાવરણમાં આ પક્ષીઓ કેમ લાંબો સમય નથી રહેતા એનું એક કારણ એવું અપાય છે કે એક જ ઠેકાણે સતત રહેવાથી અન્ય પંખીઓ સાથે ખાવાની બાબતે હુંસાતુંસી થાય છે. પંખીના સ્વભાવને આ માફક નથી આવતું એટલે કજિયો ટાળવા માટે પંખીઓ સ્થળાંતર કરીને ઠંડા પ્રદેશમાં પહોંચી જાય છે જ્યાં અન્ન મેળવવા લડાઈ ઝઘડા નથી કરવા પડતા.

## રક્ષક કરતાં ભક્ષકનું પલડું ભારે



અજબ દુનિયાની ગજબનાક વાત એવી છે કે બ્રિટનમાં જેલના સુરક્ષા અધિકારીઓ કેદીઓને ગુનો કરાય જ નહીં અને તેથી જેલમાં જવાની નોબત જ ન આવે એવું ભણાવતાની સાથે કમાણી કરતાં પણ શીખવે છે. બ્રિટનના અગ્રણી અખબારે આપેલી જાણકારી અનુસાર યુકેમાં કેટલીક જેલના કેદીઓને જેલ બહાર કામ કરવાની અનુમતિ હોય છે. કેદીઓનું પુનર્વસન થાય અને સમાજમાં ફરી સ્વીકૃત બને એ આશય છે. જોકે, આને કારણે ગુનેગારો અને સભ્ય સમાજના નાગરિકો વચ્ચે કમાણીમાં જોવા મળેલી અસમાનતાને કારણે અનેક ભંવા ઊંચકાયા છે. ગયા વર્ષે સૌથી વધુ કમાણી કરનાર કેદીને ટેક્સ કપાત પછી ૪૬ હજાર પાઉન્ડ (આશરે ૩૯ લાખ રૂપિયા) મળ્યા હતા અને અન્ય કેટલાક કેદીની વાર્ષિક આવક કર- કપાત પછી ૨૯ હજારથી ૩૭ હજાર પાઉન્ડ વચ્ચે હતી. યુકેમાં કેદીની કમાણી પર ટેક્સ કાપવામાં આવે છે. આ કેદીઓ વિવિધ કામ કરે છે, પણ સૌથી વધુ આવક લોરી ડ્રાઈવર તરીકે થાય છે. ટેક્સ ચૂકવ્યા પછી પણ કેટલાક કેદીઓની વાર્ષિક આવક મિડવાઈફ - દાયણ (૪૫ હજાર પાઉન્ડ), બાયોકેમિસ્ટ (૪૫ હજાર પાઉન્ડ), સાયકો થેરાપિસ્ટ(૪૬ હજાર પાઉન્ડ) અને ચાર્ટર્ડ સર્વેયર્સ (૪૪ હજાર પાઉન્ડ)ના વાર્ષિક પે પેકેજ કરતાં વધારે હતી...! હવે આટલું વાંચ્યા પછી જો તમને ય જેલમાં જઈ આવ કમાણી કરવાનો વિચાર આવતો હોય તો સાવ ખોટા પણ નથી...!


## વડીલોના વાંકે નહીં, વડીલોના વ્હાલે...



છેક ૧૯૩૮માં પ્રભુલાલ દ્વિવેદી લિખિત ‘વડીલોના વાંકે’ નાટક તખ્તા પર ભજવાયું હતું અને વર્ષો સુધી - આજની તારીખમાં પણ એ સમાજના અનેક પરિવારોમાં ભજવાતું રહ્યું છે. અલબત્ત, કાયમ વડીલોનો વાંકજ હોય છે એવી ગ્રંથિમાં જીવતી પેઢી વડીલોના વ્હાલથી વંચિત રહેતી હોય છે.

જાપાનનો આ પ્રસંગ આંખ આડે રહેલા પડળ દૂર કરી શકવાની ક્ષમતા ધરાવે છે. એજા મેરોક નામની ૨૯ વર્ષની અમેરિકન લેખિકાએ જાપાનના પ્રવાસ દરમિયાન એક દિવસ માટે ડબલ ઉંમરના ૫૮ વર્ષના જાપનીસ વડીલનો સહવાસ પૈસા આપી મેળવ્યો. રોમેન્ટિક કારણસર કે પછી કશું કામ કઢાવી લેવા વગેરે શંકા આ વડીલ - વામાના સહવાસ માટે કરવામાં આવી. જોકે, ઘણી વાર કલ્પનાના ઘોડાઓથી હકીકતનું ગાડું અલગ હોય છે. સોશિયલ મીડિયા પર લેખિકાએ સ્પષ્ટતા કરી છે કે જે જાપનીસ એજન્સી માટે વડીલની ‘સેવા’ લેવામાં આવી હતી એના કડક નીતિ- નિયમો અનુસરવા ફરજિયાત હતા. સવારના ઊગતા કિરણથી સાંજે સૂર્યાસ્ત થાય એ દરમિયાન વડીલના સહવાસથી જીવનમાં રહેલા વૈચારિક અંધકારને અમુક અંશે દૂર કરવામાં મદદ મળી. દિવસ દરમિયાન રખડપટ્ટીમાં જાપાનનું અવલોકન કર્યું અને વડીલના સલાહ સૂચનથી જાતનું અવલોકન કર્યુ એ બંનેમાં લાભ થયો.

## મિ. ગજરાજ, ટેક્સ કલેક્ટર



ટેક્સ ચુકવવાની વાત આવે તો ભલભલાનાં મોઢાં કટાણાં થઈ જતાં હોય છે. માણસમાત્રને મબલક કમાણી કરવી ગમે છે, પણ એમાંથી જો ટેક્સ કાપવાની કે ભરવાની વાત આવે તો જીવ કળીએ કળીએ કપાઈ જાય છે.

જોકે, શ્રીલંકામાં એક ટેક્સ કલેક્ટર જનતા માટે અચરજ અને આનંદનો વિષય બન્યા છે. લોકો હોંશે હોંશે એને ટેક્સ ચૂકવે છે.

વાત એમ છે કે શ્રીલંકાના બે તટ પ્રદેશને જોડતી લાંબી સડક પર વાહનોની સતત અવરજવર રહે છે. આ સડક વન વિસ્તારમાંથી પસાર થાય છે. લંકામાં હાથી - ગજરાજની વસતિ ખાસ્સી છે. રાજા નામનો ૪૦ વર્ષનો હાથી આ સડક પર ગાડી આવતી દેખાતા ‘રસ્તા રોકો’ કરી ઊભો રહી જાય છે. આ જોઈ વાહન ચાલકો અકળાતા નહીં મલકાતા જોવા મળે છે. વાહન થોભાવી બાસ્કેટમાંથી કેળા અને બીજા ફળફળાદિ આપી આ ‘મિસ્ટર ગજરાજ’ -ધે ટેક્સ કલેક્ટરને ટોલ ટેક્સ હોંશે હોંશે ચૂકવે છે અને વસૂલી બરાબર થઈ એની ખાતરી થતા હાથીભાઈ ખસી વાહનને આગળ વધવા દે છે. આ પ્રક્રિયાથી અનેક વાર ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે, પણ જનતાને આ અલાયદા ટોલ ટેક્સ કલેક્ટરની ‘આપખુદશાહી’ સામે કોઈ ફરિયાદ નથી બલકે એની હાજરીને હોંશે હોંશે આવકારે છે.

## લ્યો કરો વાત!

*સ્મૃતિ, સ્મરણ, સંભારણાં માનવજીવનનું ભાતું ગણાય છે.યાદ તડપાવે છે તો સ્મૃતિદિલ મહેકાવે પણ છે. વિરહમાં તડપતો કવિ લખે છે કે ‘યાદ મેં તેરી જાગ-જાગ કે હમ, રાત ભર કરવટેં બદલતે હૈં’ તો વળી થોડા સમય માટે પ્રિયપાત્રથી અલગ થયેલા કવિ લખે છે કે ‘રાત ઢલ ચુકી હૈ સુબહ હો ગયી, મૈં તુમ્હારી યાદ લે કે ખો ગયી, અબ તો મેરી દાસ્તાં હો તુમ’.*

*આ જ કવિ સ્મૃતિભ્રંશ કે યાદશક્તિ ગુમાવી દેતા અત્યંત વિહ્વળ થઇ જતો હોય છે.વિસ્મૃતિ થઇ ગઈ તો યાદશક્તિ પાછી લાવવી અત્યંત મુશ્કેલ કામ હોય છે. વિજ્ઞાન અશક્યને શક્યમાં ફેરવવાની કોશિશ કરી રહ્યું છે. વૈજ્ઞાનિકોને દરિયામાં વસતિ એક ગોકળગાયની સ્મૃતિને બીજી ગોકળગાયમાં ફેરવવાન ક્રાંતિકારી પ્રયોગમાં સફળતા મળી છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**મહારાષ્ટ્રની ચૂંટણીમાંથી શું બોધ લેવાનો?**

* જોડે (સખણાં ) રે જો રે રાજ... !

**સો દા’ડા સાસુના, એક દા’ડો વહુનો. તો બિચારા સસરા જમાઈ માટે શું?**

* બારેમાસ હાજી..હા’ની ગુલામી!

**ભસતાં કૂતરા કરડે નહીં એવી કહેવત છતાંય કૂતરા કેમ કરડે છે.?**

* કૂતરાની નવી પેઢીએ એમના બાપ-દાદાના સમયની આ કહેવત નહીં સાંભળી હોય.

**અડ્યા વિના કયા કામ થઈ શકે?**

* અડ્યા વિના નડી જરૂર શકાય...

**માતા-પિતા તીર્થ છે, તો પત્ની શું છે?**

* જીવંત તીર્થ.

**૧૧૧૧ નંબર લેવા માટે કાર માલિકો લાખો રૂપિયા કેમ ખર્ચે છે?**

* એક્કા બનવાના અભરખા....

**લગ્નની સિઝન હોય તો કુવારા માટે શું ?**

* પરણે નહીં ત્યાં સુધી બારેમાસ ઓફ્ફ સિઝન...

**મારી પત્નીને ભણવાની ઈચ્છા થાય છે..**

* કેમ અત્યાર સુધી ઘરે એ ‘પાઠ’ નથી શીખવતી ?

**પલાયનવાદ કોને કહેવાય?**

* પારકા પૈસા- પત્ની કે પ્રેમિકા લઈને ચૂપચાપ પલાયન થઈ જાય એ...

**રામાયણ - મહાભારત જેવા આજના જમાનાના ગ્રંથ કયા?**

* હજી લખાઈ રહ્યા છે : ‘રામાયણનું મહાભારત..’

**મારે લેખક બનવું છે. શું કરું?**

* આજથી સો દિવસ સુધી મને રોજ એક પોસ્ટકાર્ડ લખો.. લખતા આવડી જશે.

**Whatsappમાં લવ લેટર લખાય?**

* લખાય ને મોકલાય... અને એકથી વધુ પ્રેમિકાઓ હોય તો ફોરવર્ડ પણ કરાય!

**જૂઠું બોલવાનું ફાયદો શું?**

* એવો સાચો જવાબ જાણવા મળે કે...

**માણસનો પડછાયો લાંબો થવા માંડે તો ?**

* માની લેવું કે એનો સૂર્યાસ્ત નજીક છે !

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કર્મ કરીએ તો જ સપનાં સાકાર થાય !



ઘણા-ભણેલા-ગણેલા, ડાહ્યા, ચતુર અને વળી હોશિયાર ગણાતા લોકો સામાન્ય રીતે પોતાનાં કામ આયોજનપૂર્વક તેમ જ ગણતરીપૂર્વક કરતા હોય છે. એ સારી વાત છે કે, આયોજન અને તેમાં પણ ગણતરી જરૂરી હોય છે. પણ હું અહીં જે ચોવક મૂકવા માગું છું, તેમાંથી ભાવાર્થ એવો નીકળે છે કે, ગણતરબાજ ગણાતા લોકો હજુ ગણત્રી જ કરતા હોય છે, પરંતુ ત્યાં સુધીમાં તેમની પંક્તિમાં ન આવતા લોકો એ જ પ્રકારનું કામ પૂરું કરી નાખતા હોય છે! સરસ ચોવક છે, તેમના માટે વળી દ્વિઅર્થી પણ છેઃ ‘ડાઇયૂં ડીં લેખીયેં, ચરઇયૂં છોરા જણીંયેં’ આ ચોવકનો શબ્દાર્થ એવો થાય છે કે, ડાહી સ્ત્રીઓ (અહીં પ્લાનિંગ કરતી) હજુ દિવસો જ ગણતી હોય, ત્યાં સુધી ‘ચરઇયૂં’ એટલે કે, ખરેખર પાગલ નહીં પણ સામાન્ય કક્ષાનું જીવન જીવતી સ્ત્રીઓને ત્યાં પારણાં ઝૂલતાં થઇ જાય છે! ‘ડાઇયૂં’ એટલે ડાહી, ‘ડીં’ એટલે દિવસ, ‘છોરા’ એટલે સંતાન અને ‘જણીંયેં’નો અર્થ થાય જન્મ આપવો! છે, ને ગજબની ચોવક? કહેવું છે કંઇક અને માધ્યમ બનાવે છે સ્ત્રીના જણતરને!

કચ્છમાં વાવાઝોડાંના વરસાદ સહિત અત્યારે વરસાદનો ત્રીજો રાઉન્ડ ચાલુ છે, પરંતુ કચ્છના કયા વિસ્તારમાં મોસમનો પહેલો વરસાદ વરસે તો તે શુકન કે અપશુકન ગણાય તેવી અનુભવ અને અભ્યાસ પર આધારિત ચોવક છેઃ ‘કંઠી વસે કરવડો, વાગડ વસે .’

‘ડુકાર, જ વસે ગેડો ત કચ્છ તેં અલીલ સુગાર’.

કચ્છમાં કાંઠાળ વિસ્તારના અમુક ભાગને ‘કંઠીપર’ કહે છે. વાગડ વિસ્તારથી તો આપણે સૌ પરિચિત છીએ જ, એ જ રીતે અબડાસા તાલુકાનો ચોક્કસ વિસ્તાર ‘ગેડોપર’ તરીકે ઓળખાય છે. ચોવક એમ કહેવા માગે છે કે, જો ‘કંઠીપર’માંથી વરસાદ શરૂ થાય તો વરસ સામાન્ય રહે, અને જો વરસાદનો પ્રારંભ વાગડથી થાય તો દુષ્કાળ પડવાની દહેશત રહે! પણ જો ‘ગેડોપટ’થી ચોમાસું શરૂ થાય તો કચ્છ આખું લીલુંછમ બની જાય! પણ હવે વરસાદ ચોવકને ગાંઠતો હોય તેવું લાગતું નથી!

આદ્રા નક્ષત્ર વરસાદની ઋતુ દરમિયાન જ આવે છે, પરંતુ કચ્છના લોકોને એ નક્ષત્રના વરસાદ પર બહુ ભરોસો નથી હોતો. એમ કહેવાય છે કે, ‘આધર કરે સાધર’ મતલબ કે આ નક્ષત્રમાં ધરતીને ધરવ થાય તેવો વરસાદ ન વરસે. તો વળી, ‘ઉતરા’ નક્ષત્ર માટે એમ કહેવાય છે કે, ‘ઉતરા ત બધો જોતરા’ ‘બધો’ એટલે બાંધો, અને ‘જોતરા’નો અર્થ થાય છે. ‘જોતરો.’ એ નક્ષત્રમાં પડતાં વરસાદથી પાક સારો થાય છે. એવું જ પાછું ચિત્રા નક્ષત્ર માટે પણ કહેવાય છેઃ ‘ઘેલી ચિત્રા કરે ખેલ, બરે બપોરે આંણે રેલ’ ચિત્રાના વરસાદને ઘેલો વરસાદ કહે છે. એ એવો ખેલ રચે કે, બળબળતા બપોરે પણ પાણી વહી નીકળે! આ નક્ષત્રમાં પણ જો વરસાદ પડે તો વરસ સારું જાય તેવો અર્થ અહીં અભિપ્રેત છે.

જોકે હવે ઋતુ પ્રમાણે વરસાદનું ચક્ર ચાલતું નથી. પણ વરસાદને નક્ષત્ર સાથે જોડીને પણ કચ્છના પૂર્વજોએ ચોવકો રચી છે!

ખેર! કર્મની ગત ન્યારી એવું આપણે ગુજરાતી અને હિંદીમાં પણ બોલતા હોઇએ છીએં. એજ વાત ચોવક આ રીતે કહે છેઃ ‘હજાર કર્યો હીલા, ૫ કરમ વગર કોડી ન મિલે’ લાખ ધમપછાડા કરો પણ કર્મની ગત મહાન છે, કપાળે લખ્યું ન હોય તો ‘કોડી’ પણ ન મળે! મર્યાદા બાંધી આપતી એક ચોવક છેઃ ‘હિકડે સોંણે રાત ન વિંજે’ શબ્દાર્થ છે કે, એક જ સપને રાત ન જાય, પરંતુ ભાવાર્થ એવો થાય છે કે, જીવન જીવવા માટે માત્ર સપનાં ન જોવાય. એ સાકાર કરવા કર્મ પણ કરતા રહેવું પડે. ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દેશની પ્રગતિની સાથે વ્યસનીઓ પણ ‘પ્રગતિ’ના પંથે!

### વ્યસનનું પ્રમાણ શહેરોની સીમા વટાવીને હવે ગામડાંમાં પણ પ્રવેશી ગયું છે...



દરરોજ સવારે અખબાર ખોલીએ એટલે કાં તો ક્રાઈમના સમાચાર હોય, નશો કરેલી હાલતમાં અકસ્માત કરી કોઈને મોતને ઘાટ ઉતારી નાસી છૂટયાના સમાચાર હોય અથવા તો દારૂ કે ડ્રગ્સ પકડવાના સમાચાર હોય!

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હશે કે દારૂ પકડવાના સમાચાર ચમક્યા ન હોય. હમણાં હમણાં તો અરબી સમુદ્રમાં અલગ અલગ સ્થળે ટન મોઢે ડ્રગ્સ પકડવાના સમાચાર સામે આવ્યા કરે છે. ડ્રગ્સને લીધે અરબી સમુદ્ર બદનામ થઈ રહ્યો છે.

આપણો ભારત દેશ સદીઓ પહેલાં સંસ્કારી સમાજ ધરાવતો, શિષ્ટાચારી, ઈમાનદારી અને સદ્‌વિચાર ધરાવનાર દેશ તરીકે ઓળખાતો. કમભાગ્યે આજે દેશની ઓળખ બદલાઈ ગઈ છે. આજે દેશની વધતી જતી પ્રગતિની સાથે સાથે વ્યસનીઓ પણ જબરી ‘પ્રગતિ’ સાધી રહ્યા છે.પરિણામે વ્યસનીઓની બરબાદી પણ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે.

વ્યસન એક એવી વસ્તુ છે કે જેમાં બુદ્ધિશાળી માનવી પણ ફસાઈ જતો હોય છે. કોઈ પણ પ્રકારનું વ્યસન એ દરેક મનુષ્યના તન, મન, ધનને બરબાદ કરવાનું શસ્ત્ર છે. કોઈ દુશ્મનો કોઈના પર સીધો હુમલો નથી કરતા, પણ વ્યસનની લતે ચડાવે છે, પછી એને વગર હુમલે મૃતઃપ્રાય કરી દે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેક્ષણ પ્રમાણે દરેક દસ મિનિટમાં એક યુવાન કોઈ પણ પ્રકારના વ્યસનને વળગે છે. દર દસમાંથી ચાર યુવાન કોઈ પ્રકારના વ્યસની પદાર્થનું સેવન કરે છે, જેમાંથી ત્રણ યુવાન એને વળગી રહે છે. દુનિયાભરમાં સોમાંથી અઢાર મોત વ્યસન અથવા તો એના કારણે થતી કોઈ બીમારીના કારણે થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં એકલા ભારતમાં અઢાર વર્ષથી નીચેની વયના ત્રીસથી ચાળીસ ટકા યુવાનો વ્યસનના વંટોળમાં ફસાઈ ચૂક્યા હશે.પચીસથી ત્રીસ ટકા આ વ્યસની જૂથનો ભાગ છોકરીઓ પણ છે. ‘ટીનએજ’ એટલે કે કિશોરાવસ્થા એ જીવનકાળનો સૌથી નાજુક તબક્કો ગણાય છે. ચિંતાની વાત એ છે કે પંદરથી પચીસ વર્ષની ઉંમરમાં જ પંચોતેર ટકા બાળકો વ્યસનનો શિકાર બની રહ્યાં છે.


ગુજરાત અને ખાસ કરીને અમદાવાદમાં આજકાલ ગાંજા અને ડ્રગ્સનું ચલણ બહુ વધી રહ્યું છે. ભૂરાં કે લીલાં પાંદડાં અથવા પાઉડર જેવા પદાર્થને યુવકો એક વિશિષ્ટ પ્રકારના કાગળ - ‘રોલિંગ પેપર’માં મૂકી, એને ગોળ ગોળ વાળીને સિગારેટની જેમ ફૂંકે છે. સ્કૂલ અને કૉલેજનાં બાળકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે કે, આ વ્યસન નથી અને આ લેવામાં કોઈ નુકસાન નથી. વાસ્તવમાં આ વાત સાવ ખોટી છે. ગેરમાર્ગે દોરનારી છે. ગાંજો કે ડ્રગ્સ એક ગંભીર વ્યસની પદાર્થ છે. એનું નિયમિત સેવન કરવાથી વિવિધ પ્રકારના માનસિક રોગ પણ થઈ શકે છે.

તાજેતરમાં એક પ્રકારનો સફેદ પાઉડર ‘મેથ’ને નાકથી સુંઘીને નશો કરવામાં આવે છે. આવા ‘મેથ’ ડ્રગનું પણ ચલણ બહુ વધી રહ્યું છે. કેટલાંક મા-બાપ જાણે છે કે એમનાં સંતાન વ્યસની બની ગયાં છે, તેમ છતાં સમાજમાં પોતાનું નામ ખરાબ ન થાય કે કોઈને ખબર ના પડે એટલે એ વાત ખાનગી રાખે છે.

વ્યસનનું પ્રમાણ પ્રથમ તો મોટાં શહેરો પૂરતું સીમિત હતું. હવે દિન પ્રતિદિન ગામડાં સુધી પણ પ્રવેશી કરી ગયું છે. ત્યાંનાં રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, બજાર વગેરે જાહેર સ્થળોએ પણ આ વગર લાઈસન્સવાળી (ડ્રગ) ફૅક્ટરીઓનાં ધૂમાડિયાં ચાલુ જ હોય છે. અત્યારે વ્યસન વિશે સતત જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે તેમ છતાં પણ ભણેલાગણેલા અને શિક્ષિત લોકો પણ આ લતમાં ફસાઈ રહ્યા છે, જેમાં હવે તો સ્ત્રીઓ પણ બાકાત નથી. એ પણ વ્યસન કરવા લાગી છે. એ પોતાના આરોગ્યને જ નહીં, બલકે એમની આવનારી પેઢીનાં સંતાનોના આરોગ્ય પર પણ જોખમ ઊભું કરી રહી છે.

આવી સ્થિતિ-પરિસ્થિતિમાં બાળકો, યુવાનોને વ્યસનમુક્ત બનાવવા માટે તેઓનાં માવતરો, વડીલો અને શિક્ષકોએ તકેદારી રાખવી જોઈએ તો જ બાળકો પર શરૂઆતથી અંકુશ આવી શકે છે. તંત્ર દ્વારા શાળાની આસપાસ પાન, બીડી કે ગુટખા વગેરે ન વેચવાના નિયમો પ્રવર્તમાન છે, તેમ છતાં પણ આજે આ બધું રોકટોક વગર ચાલુ જ છે.

હવે તો શાળાએ એવો નિયમ બનાવવો જોઈએ કે જે બાળકને શાળામાં પ્રવેશ આપવાનો હોય તેના વાલી કે પરિવારના સભ્ય વ્યસન ન કરતા હોય તો જ એમને શાળામાં પ્રવેશ આપવાનો ..! ■




# તૃપ્ત અતૃપ્ત

પ્રકરણ ૧૯

■ એચ. એન. ગોલીબાર

જીમીના મગજમાં એક બીજો વિચાર જરૂર આવ્યો. જેણે એના ડરને થોડોક દૂર કર્યો - બની શકે છે કે અહીં આવનાર એ સ્ત્રી કજલી ન પણ હોય... અને કોઈ બીજી જ કોઈ સ્ત્રી હોય. એણે અહીં આવતાં રસ્તામાં - દાલ સરોવરની કિનારાવાળી સડક પર અનેક આદિવાસી સ્ત્રીઓ ભીખ માગતી ફરતી જોઈ હતી. કદાચ અહીં આવનારી એ સ્ત્રી કોઈ ભિખારણ તો નહીં હોય ને? આ વિચારથી જીમીનું મન થોડુંક હેઠું બેઠું. એણે ચોકીદાર સામે જોયું. ચોકીદાર એ જ હાલમાં જીમીને જોતો ઊભો હતો. 'સારું! હવે તું જા!' જીમીએ ચોકીદારને કહ્યું: 'હવે કોઈ આવી-તેવી સ્ત્રીને અહીં આવવા ન દેતો, સમજ્યો?'

'જી સાહેબ! સમજી ગયો.' કહેતાં ચોકીદાર બહાર નીકળી ગયો.

કજલીના વિચારોને ખંખેરતો જીમી ઊભો થયો - એણે કપડાં બદલ્યાં અને બહાર સડક પર આવ્યો. સૂરજ ઢળવાની તૈયારીમાં હતો જીમીએ દોસ્ત - બિરાદરો પાસેથી સાંભળ્યું હતું કે, દાલ સરોવરમાં ડૂબતો સૂરજ ખૂબ જ સરસ અને સુંદર લાગે છે. એ ઝડપી ચાલે દાલ સરોવરને કિનારે પહોંચી ગયો અને ગણ્યા ગણાય નહીં એટલા શિકારાઓને સરોવરમાં સરકતાં જોવામાં ખોવાઈ ગયો અને પછી એ શિકારામાં બેસીને થોડુંક ફર્યો. ડૂબતો સૂરજ પણ એણે જોયો અને પછી અંધારું થતાં એ ટહેલતો-ટહેલતો લાલ ચોક પર પહોંચ્યો. ત્યાં એણે ઘણી આદિવાસી સ્ત્રીઓ જોઈ. એ સ્ત્રીઓને એ ધ્યાનથી જોવા લાગ્યો. ક્યાંક એ સ્ત્રીઓના ઝૂંડમાં સવારે એના ક્વાર્ટર પર આવેલી કજલી જેવી કોઈ સ્ત્રી હોઈ શકે, પરંતુ એવી કોઈ સ્ત્રી એને જોવા મળી નહીં. એટલે એ ફરી કજલીના વિચારોને ખંખેરતો રસ્તો પૂછતો - પૂછતો એના ક્વાર્ટર પર પહોંચ્યો, ત્યારે એ ખૂબ થાકી ગયો હતો. હાથ-મોઢું ધોઈને એણે થાકમાં રાહત મેળવી. પછી એણે કપડાં બદલ્યાં અને બેડરૂમમાં આવ્યો. ડ્રેસિંગ ટેબલના અરીસામાં જોઈને એણે પોતાના વાળ સરખા કર્યા, ત્યાં જ એ એની નજર અરીસામાંથી દેખાઈ રહેલા પલંગ પર પડી. એ પલંગ પર કોઈ ચાદર ઓઢીને સૂતું હોય એવું જીમીને લાગ્યું. જીમીના હૃદયે છાતીમાં જ એક ઉછાળો ભર્યો. જીમીએ અરીસામાંથી જ પલંગ પર જોતાં કાંસકો નીચે મૂક્યો અને પછી ધીમે - ધીમે અરીસા તરફથી મોઢું ફેરવીને પલંગ તરફ ફર્યો - ખરેખર પલંગ પર કોઈ ચાદર ઓઢીને સૂતું હતું. ચાદરના આકાર પરથી જીમી સમજી ગયો કે એ પલંગ પર કોઈ સ્ત્રી જ સૂતી હતી. સ્ત્રીએ ઓઢેલી ચાદરના હલનચલન ઉપરથી જીમીને લાગ્યું કે, એ સ્ત્રી જાગી રહી હતી. જીમી એક પગલું - પલંગ તરફ આગળ વધ્યો ત્યાં જ કોઈનું સંગીત વાગતું હોય એવું હાસ્ય સંભળાયું અને પછી તરત જ એ હાસ્ય ગાયબ થઈ ગયું. જીમીએ આગળ વધારેલો પગ અધવચ્ચે જ એક સેકન્ડ માટે અધ્ધર રહી ગયો, એણે એ પગ પાછો લઈ લીધો.

ગઈ કાલે રાત્રે - ટૅક્સીમાં સપનામાં 'અજનબીના બંગલામાં' એની સાથે આવી જ ઘટના ઘટી હતી. એટલે એને લાગ્યું કે અત્યારે પણ એ સપનું જ જોઈ રહ્યો છે. હકીકતની ખાતરી કરવા માટે જીમીએ દાંતથી આંગળી કરડી - એને આંગળીમાં બળતરા થઈ - એનો મતલબ એ કે એ જાગતો હતો - ઊંઘતો નહોતો - સપનું જોતો નહોતો.

જીમી હાથથી ખાંડના વેરાઈ ગયેલા દાણા ભેગા કરીને ડબ્બામાં ભરતો હોય એ રીતે મનથી ઝીણી - ઝીણી હિંમત ભેગી કરીને હૃદયમાં ભરવા લાગ્યો. થોડીક વાર પછી એને લાગ્યું કે એનામાં હવે પલંગ પાસે પહોંચીને ચાદર હટાવવા જેટલી હિંમત ભેગી થઈ ગઈ છે એટલે એણે એક હિંમતભર્યો શ્વાસ બહાર છોડ્યો અને ધીમે-ધીમે પલંગ તરફ આગળ વધ્યો.

જીમીએ એક પગલું... પલંગ તરફ આગળ ભર્યું - બીજું પગલું પણ ભર્યું. ત્રીજા પગલે એ બે-એક સેકન્ડ માટે ઊભો રહ્યો, પછી એણે ચોથું પગલું ભર્યું. હજી પણ સ્ત્રી એ જ હાલતમાં ચાદર ઓઢીને સૂતી હતી.

જીમીએ પાંચમું પગલું ભર્યું. હવે એનાથી પલંગ ફક્ત દોઢ ફૂટ જ દૂર હતો. જીમીએ હિંમત ભેગી કરી અને દોઢ ફૂટનું અંતર એક જ પગલે પૂરું કરીને પલંગ પાસે પહોંચીને એણે સ્ત્રીના મોઢા પાસેથી ચાદર ખસેડી અને...

પલંગ પર સૂતેલી સ્ત્રીના ચહેરા પરથી એકઝાટકે જીમીએ ચાદર ખસેડી અને... એના મોઢામાંથી નવાઈભર્યા-થરથરતા શબ્દો નીકળી પડ્યાઃ 'ક...જ...લી...!'

હા! એ કજલી જ હતી અને એ જીમી સામું જોઈને મીઠું મલકી રહી હતી. આવો જ પ્રસંગ હતો ગઈ કાલે જીમીના સપનામાં કે પછી હકીકતમાં બન્યો હતો - જીમી 'અજનબીના બંગલા'ના એક કમરામાં પહોંચ્યો હતો અને ત્યાં પણ પલંગ પર એણે આ રીતે જ સૂતેલી સ્ત્રીને જોઈ હતી, એ વખતે પણ એણે ફૂલોની ચાદર હટાવી જોઈ હતી અને એના મોઢામાંથી 'કજલી' નામનો એક શબ્દ સરી પડ્યો હતો. અને પછી આવેશમાં એ કજલીને વળગી પડ્યો હતો, એના હોઠ સાથે એણે પોતાના હોઠ ભીડી દીધા હતા, પરંતુ પછી તરત જ પોતાના હોઠને કજલી અણીદાર વસ્તુથી ચાવતી હોય એવું લાગતું એણે કજલીને દૂર ફંગોળી હતી અને પછીનું દૃશ્ય જોઈને એના હોશ-હવાશ ઊડી ગયા હતા, થોડીક મિનિટો પહેલાંની કજલી હાડપિંજરમાં ફેરવાઈ ગઈ હતી, અને પોતાના હાડકાંવાળા હાથે પોતાના પડખામાં બેઠેલી બિલાડી પર એ હાથ પસરાવી રહી હતી.

એ સપનું હતું કે સચ્ચાઈ એ જીમી સમજી શક્યો નહોતો. એ વિશે એ વધુ વિચારી પણ શક્યો નહોતો. ત્યાં જ અત્યારે ફરી વાર કજલી પલંગ પર પોતાનું શરીર ફેલાવીને - એની તરફ મીઠું - મીઠું મુસ્કુરાતી - આંખોથી એને પોતાની તરફ આવવાનું આમંત્રણ આપતી સૂતી હતી.

કજલીને અત્યારે પોતાની સામે જોતાં જ એ પાગલ બની ગયો, એ ભૂલી ગયો કે એણે કજલીને ખતમ કરી નાખી હતી, એ ભૂલી ગયો કે... પણ કજલીના હોઠ સાથે એના હોઠ ભિડાયા પછી એના હોઠો પર અણીદાર દાંત ભોંકાયા હતા - કજલીનું શરીર હાડપિંજર બની ગયું હતું અને વળી એ હાડપિંજરમાંથી એ શરીર આરસપહાણની મૂર્તિમાં ફેરવાઈ ગયું હતું.

જીમી ભૂલી ગયો - બધી જ વાતો ભૂલી ગયો - કજલીને પલંગ પર પથરાયેલી જોઈ જીમી પોતાની જાતને પણ ભૂલી ગયો.

જીમીએ પોતાના બન્ને પગના ગોઠણ પલંગ પર ગોઠવ્યા અને પછી બન્ને હાથ એણે કજલીના શરીરને આજુબાજુ મૂક્યા, એણે પોતાનું મોઢું કજલીના ચહેરાની નજીક લીધું અને પોતાના ગરમા-ગરમ હોઠ એણે કજલીના ગરમા-ગરમ હોઠ પર મૂકી દીધા - બીજી જ મિનિટે જીમીને એક ઝાટકો લાગ્યો અને ઊંધો થઈને - પલંગ પરથી ઊછળીને પાછળ જઈને જમીન પર પટકાયો.

જીમીની આંખે અંધારાં આવી ગયાં. બે પળ માટે જીમીનું મગજ બહેર મારી ગયું. બે પળ પછી જીમીની આંખેથી અંધારાં દૂર થયાં ત્યારે એણે પોતાના હોઠ પર હાથ ફેરવ્યો, એના હોઠ પર કજલીના તીણા દાંત ભરાયા હતા - અને એ તીણા દાંતથી છૂટવાના ભરચક પ્રયત્નને કારણે જ એ પાછળની તરફ પટકાયો હતો પરંતુ, કજલીના દાંતે પોતાનું થોડું-ઘણું કામ પણ પતાવ્યું હતું. અત્યારે જીમીના હોઠ પર લોહીની ટશર ફૂટી હતી. જીમીએ લૂછી તોપણ ફરી લોહીનું બિંદુ જીમીના હોઠ પર ઊપસી આવ્યું અને કમરમાં પણ સખતનો દુઃખાવો ઊપસી આવ્યો.

એ હોઠને લૂછતો-લૂછતો ઊભો થયો અને પહેલી નજર એણે પલંગ પર નાખી - તો અત્યારે ત્યાં કજલી સૂતેલી નહોતી - પલંગ બિલકુલ ખાલી હતો. જીમીને ખાસ કંઈ નવાઈ લાગી નહીં, આવો જ પ્રસંગ અગાઉ પણ બની ચૂક્યો હતો. સપનામાં કે હકીકતમાં એની જીમીને ખબર નહોતી, પરંતુ આવો પ્રસંગ એની સાથે બન્યો હતો એ જીમી જરૂર જાણતો હતો.

જીમી પીઠને ઝટકો આપતાં, ધીમે-ધીમે પલંગ પાસે પહોંચ્યો અને એની પર ધીમે રહીને બેસી ગયો. એ જેવો બેઠો એવી જ એની નજર બેડરૂમના ખૂણા પર પડી - તો એ ચોંકી ઊઠ્યો.

**પલંગ પર સૂતેલી સ્ત્રીના ચહેરા પરથી એકઝાટકે જીમીએ ચાદર ખસેડી અને... એના મોઢામાંથી નવાઈભર્યા-થરથરતા શબ્દો નીકળી પડ્યાઃ 'ક...જ...લી...!'**

ખૂણામાં કજલી - કજલીની આરસપહાણની મૂર્તિ ઊભી હતી અને એના નકલી હાથમાં ઊંચકાયેલું અસલી બાળક - એના અસલી સ્તનમાંથી દૂધ પી રહ્યું હતું.

કજલી - કજલીની મૂર્તિ અહીંયા - આ રૂમમાં આવી કેવી રીતે? એ પોતે તો જ્યારે સાંજે બહાર ગયો હતો ત્યારે દરવાજાને તાળું મારીને ગયો હતો, એ પાછો ફર્યો ત્યારે એ દરવાજાનું તાળું ખોલીને જ અંદર આવ્યો હતો તો પછી આ મૂર્તિ - કજલી આવી ક્યાંથી? છેક 'અજનબીના બંગલા'થી અહીં કઈ રીતે આવી?

આવા સવાલો જીમીના મગજમાં જન્મ્યા પરંતુ જીમીએ આ સવાલોના જવાબો મેળવવા પોતે મગજને કસરત કરાવી નહીં, કારણ કે, એને ખબર હતી કે, મગજને કસરત કરાવીને થકવી નાખવાથી કંઈ ફાયદો થવાનો નથી. આવી તો અનેક ઘટનાઓ એને સામે - એની સામે ઘટી ચૂકી હતી અને એ બધી જ ઘટનાઓની પાછળનું રહસ્ય જીમી સમજી શક્યો નહોતો.

'તમને તકલીફ ન પડે અને મુન્નાને પણ દૂધ માટે તડપવું ન પડે એટલા માટે મેં અહીંયા જ રહેવાનું નક્કી કર્યું છે!' કજલીની આરસપહાણની મૂર્તિ બોલી અને વિચારોના વંટોળમાં અટવાયેલો જીમી સ્થિર થયો. એણે મૂર્તિ તરફ જોયું. મૂર્તિના હાથમાં રહેલો બાળક જીમી તરફ જોઈને મુસ્કુરાઈ રહ્યો હતો, જીમી પોતાના દિલના ઉમળકાને રોકી શક્યો નહીં અને એ આગળ વધ્યો, મૂર્તિ પાસે પહોંચીને એ ઊભો રહ્યો પછી મૂર્તિની આંખો સાથે આંખો મેળવતાં એ બસ એટલું જ બોલ્યોઃ 'સારું કજલી...!' એણે કજલીએ હોઠ કેમ મરડ્યા એ પણ ન પૂછ્યું અને પછી તરત જ એણે કજલીના હાથમાંથી મુન્નાને ઉઠાવી લીધો અને પછી મુન્નાને ગાલે બચ્ચીઓ કરતો-કરતો પલંગ પાસે આવીને પલંગ પર બેસી ગયો, એણે પલંગ પર મુન્નાને લેટાવ્યો. પછી એ પણ એની બાજુમાં લેટી ગયો. એણે નજર ફેરવીને જોયું તો મૂર્તિના ચહેરા પર ગમગીન સ્મિત પથરાયેલું હતું. એણે નજર ફેરવીને મુન્ના તરફ નજર ઠેરવી. મુન્નો આંખો મીંચીને પડ્યો હતો.

ત્યાં જ અચાનક લાઈટો આપમેળે બંધ થઈ ગઈ, પરંતુ જીમી ચોંક્યો નહીં. એ લેટેલો જ રહ્યો અને વિચારોનો વંટોળ એના મગજ પર હુમલો કરે એ પહેલાં જ ઊંઘે એના પર હુમલો કર્યો અને ત્રણ મિનિટ પછી તો જીમી ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો.

* * *

સવારે બાથરૂમમાં ડોલ અને ફુવારાનાં પાણી પડવાના અવાજથી જીમીની આંખો ખૂલી ગઈ. એણે આંખો મસળી ને બેઠો થયો તો સામે જ કજલીની મૂર્તિ ઊભી હતી - એ જ રીતે જે રીતે ગઈ કાલે ઊભી હતી. એણે પોતાની બાજુમાં જોયું તો મુન્નો પણ નિરાંતે ઊંઘી રહ્યો હતો અને બાથરૂમમાંથી અત્યારે - હજુ પણ અવાજ આવી રહ્યો હતો.

બાથરૂમમાં કોણ હશે? જીમીના મગજમાં સવાલ સળવળ્યો - દિવસનો અજવાસ હતો એટલે જીમી ગભરાયો તો નહીં જ, પરંતુ એક જ ઝાટકે ઊભો જરૂર થઈ ગયો, એ ધીમે - ધીમે અવાજ ન થાય એ રીતે બાથરૂમ તરફ આગળ વધ્યો. બાથરૂમનો દરવાજો બંધ હતો. એ દરવાજા પાસે પહોંચ્યો ત્યાં જ ખટાક્ કરતો દરવાજો ખૂલ્યો, જીમી બે ડગલાં પાછળ ખસી ગયો.

સામે ગોગિયો ઊભો હતો - મુસ્કુરાતો-મુસ્કુરાતો ઊભો હતો.

'તું.....?!?'

'હા સાહેબ! જરા બાથરૂમ ચોખ્ખું કરી રહ્યો હતો.'

'પણ તું અહીંયા શા માટે આવ્યો? હું તારું મોઢું નથી જોવા માગતો.'

'સાહેબ! તમે ઑફિસે કામ પર જશો પછી મુન્નાની સંભાળ કોણ રાખશે? અને વળી એનો હુકમ છે કે મારે અહીંયા જ રહેવું.'

જીમીને ખબર હતી કે, આ ગોગિયો પોતાના કહેવાથી તો અહીંયા આવ્યો જ નહોતો, એટલે પોતાના કહેવાથી એ અહીંયાથી હરગિજ જવાનો પણ નહોતો.

'બાથરૂમ તૈયાર છે માલિક?' કહેતાં ગોગિયો બાજુ પર ખસ્યો.

જીમી પાછું જોયા વિના જ બાથરૂમમાં ઘૂસી ગયો અને અંદરથી ધડામ્ કરતાં દરવાજો બંધ કરી દીધો અને પછી તૈયાર થઈને, મુન્નાને ગોગિયા પાસે મૂકીને જીમી દશ વાગ્યે ઑફિસ પહોંચી ગયો.

ઑફિસના સ્ટાફે એને 'ગુડ મૉર્નિંગ' કહીને આવકાર્યો. જીમી પણ બધા તરફ સ્મિત ફેંકતો-ફેંકતો પોતાની કેબિનમાં જઈને બેઠો. પોતે એક ફસ્ર્ટ ક્લાસ નાટકનું નિર્માણ કરીને પોતાની કળા દેખાડવા માગતો હતો, એટલે એણે પોતાના આસિસ્ટન્ટને બોલાવીને કલાકારોને બોલાવવાનું કહ્યું. આસિસ્ટન્ટે કલાકમાં જ બધા કલાકારોને ભેગા કરી દીધા. જીમીએ બધા કલાકારો સાથે હાથ મેળવ્યા. આસિસ્ટન્ટે બધા કલાકરોની વિશેષતા જણાવી અને કહ્યુંઃ 'સર! હજુ એક હીરોઇન બાકી છે, જેમનું નામ મિસ નિશા છે. સરસ કલાકાર છે. એ પણ હમણાં જ આવતાં જ હશે.'

'સારું! તમે લોકો જાવ! હું મારી રીતે બધું તૈયાર કરીને તમને જણાવીશ, અને હા! મિસ નિશા આવે તો મારી પાસે લઈ આવજો!'

'યસ સર!' કહેતાં બીજા બધા કલાકારો સાથે આસિસ્ટન્ટ પણ બહાર નીકળી ગયો.

જીમી પોતાના કામમાં પરોવાયો. લગભગ અડધો કલાક થયો હશે ત્યાં અચાનક દરવાજો ખૂલ્યો. 'મે આઇ કમ ઇન સર?'નો એક મીઠો અવાજ કામમાં ખોવાયેલા જીમીના કાને સંભળાયો.

જીમીએ પોતાની નજર અધ્ધર કરી અને યુવતીને જોતાં જ એ પોતે પણ જાણે વીંછીએ ડંખ માર્યો હોય એમ ખુરશી પરથી અધ્ધર થઈ ગયો.

એ યુવતી અંદર આવી એની પાછળ-પાછળ આસિસ્ટન્ટ પણ પ્રવેશ્યો.

'સર! આ છે મિસ નિશા....!'

'મિસ નિશા.... પણ આ તો કજલી જેવી....' જીમી ફાટેલા ડોળે નિશાને જોઈ જ રહ્યો. હકીકતમાં નિશાનો ચહેરો કજલીના ચહેરાને આબેહૂબ મળતો આવતો હતો.

(ક્રમશઃ)

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Chauffeur | તિજોરી |
| Chopper | મોચી |
| Coffer | હેલીકોપ્ટર |
| Cobbler | પરિવર્તક |
| Converter | ડ્રાઈવર |

### ઓળખાણ પડી?



આપણા દેશનું કયું શહેર 'સિટી ઑફ બેંગલ્સ'- બંગડીઓના શહેર તરીકે પ્રચલિત છે એની ઓળખાણ પડી? નામ શોધી કાઢો.

અ) ફરીદાબાદ  બ) ફૈઝાબાદ  ક) ફિરોઝાબાદ  ડ) ફાગુ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઉતારું છું પછી એને થોડું ઘણું મઠારું છું' વાક્યમાં મઠારું શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મહેનત  બ) ઉમેરવું  ક) સુધારવું  ડ) બદલવું

### ગુજરાત મોરી મોરી રે

'કશું જ ન મળે તે કરતાં થોડું મળે તે સારું સમજવું' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

મામા  મામા  સારા  કહેણા  કરતાં  ન

### માતૃભાષાની મહેક

નોર્થ અમેરિકામાં સ્થિત ગ્રીનલેન્ડ વિશ્વના સૌથી મોટા, સૌથી વિશાળ ટાપુ પ્રદેશ તરીકે ખ્યાતિ ધરાવે છે. અહીં મુખ્યત્વે ડેનિશ અને અંગ્રેજી ભાષાનું ચલણ વ્યવહારમાં છે. જોકે, અચરજ પમાડે એવી વાત એ છે કે ૨૦૨૧ની વસ્તી ગણતરી અનુસાર ૫૬,૪૨૧ લોકો ધરાવતો આ દેશ વિશ્વનો સૌથી ઓછી વસ્તી ધરાવતો દેશ છે.

### ઈર્શાદ

છેવટ કંટાળી મેં વાદળાંને કીધું કે વરસ્યા વિનાના શું જાવ છો !
વાદળ કહે કે ભાઈ વરસી તો પડીએ પણ આપશ્રી ક્યાં કોઈદી ભીંજાવ છો?

-- કૃષ્ણ દવે

### માઈન્ડ ગેમ

પિતા - પુત્રની ઉંમરમાં ૨૦ વર્ષનો તફાવત છે. ૧૦ વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા બમણી હશે તો હાલ પિતાની ઉંમર જણાવો.

અ) ૩૦  બ) ૩૫
ક) ૪૨  ડ) ૪૪

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ERGOPHOBIA | કામનો ભય |
| ACROPHOBIA | ઊંચાઈનો ડર |
| AQUAPHOBIA | પાણીનો ભય |
| ENOCHLOPHOBIA | ભીડનો ડર |
| LATROPHOBIA | ડોક્ટરનો ભય |

માઈન્ડ ગેમ: ૬૨૭૦

ઓળખાણ પડી? ચેન્નઈ

ગુજરાત મોરી મોરી રે: દરદીને ભાવ્યું તેવું વૈદે ફરમાવ્યું

ચતુર આપો જવાબ અર્થ જણાવો: ઓક્સિજન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ્યો | તિ | ર્ધ | ૨ ર | | ૩ શિ | ૪ ક્ષ | ણ | ૫ શા | ૬ સ્ત્રી |
| તિ | | | ૭ મા | ૮ છ | | ણિ | | ૯ સ | ત્વ |
| ૧૦ ષ | ૧૧ ટ | ક | | ત્ર | | ૧૨ ક | ૧૩ મા | ન | |
| | ગ | | ૧૪ ઓ | છા | ૧૫ યા | | ળા | | ૧૬ પ |
| ૧૭ ઉ | ર | ૧૮ સ્થ | | ૧૯ યા | ચ | ૨૦ ના | | ૨૧ ક | રો |
| ઘો | | ૨૨ ગિ | રા | | ૨૩ ક | મ | | ૨૪ બા | પ |
| ૨૫ ગ | લ | ત | | ૨૬ સ્વ | | | ૨૭ પ | ડી | કા |
| પ | | | ૨૮ સ્વ | પ્ન | સે | વ | ન | | રી |
| ૨૯ તિ | ૩૦ ખા | રો | | દ્ર | | | ૩૧ ડો | ૩૨ ક | |
| | સ | | ૩૩ અ | ષ્ટા | વ | ક્ર | | ૩૪ શે | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | ૧૧ | | | | | | | |
| | ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | ૨૨ |
| | | | | | ૨૩ | | ૨૪ | | |
| ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | ૨૮ | |
| | | | ૨૯ | | | | | ૩૦ | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. જિંદગીનું વૃત્તાંત (૫)
૪. હોકારા, આહ્‌વાન (બ.વ.) (૪)
૭. મરણ પાછળ રોવું-કૂટવું (૨)
૮. ઓથ, આંતરો, પરદો (૨)
૯. વસ્તુ, સરસ ગાયન (૨)
૧૦. ખેંચાખેંચી, તકરાર (૪)
૧૨. --- પડવું સ્ત્રી માટે સહજ છે (૨)
૧૩. ફળની ઈચ્છાવાળું (૩)
૧૪. ગોરું (૨)
૧૬. માન, સંમાન (૩)
૧૭. માટી (૨)
૧૮. અટકવાની જગા (૫)
૨૧. વદ, કૃષ્ણપક્ષમાં (૨)
૨૩. મહેનત કરીને થાકેલું (૩)
૨૫. સાર, સત્ત્વ (૪)
૨૭. ક્યારેક (૩)
૨૯. સ્વભાવ (૩)
૩૦. --- મારવો એટલે નુકસાન પહોંચાડવું (૨)
૩૧. બુદ્ધિ પ્રમાણે (૪)
૩૨. પત્રને અંતે આવે (૪)

**ઊભી ચાવી**

૧. 'જી' બોલવું તે (૩)
૨. કાપડ વણનાર (૪)
૩. નૃત્યનો એક પ્રકાર (૩)
૪. સ્તર (૨)
૫. --- કેદ એટલે સજા પહેલાંની કેદ (૨)
૬. નોકરી ધંધો (૪)
૮. સ્વાગત (૪)
૧૧. વરસાદનો ઝપાટો (૨)
૧૩. ઘર, રહેઠાણ (૩)
૧૪. મોટાઈ, વજન, આદર (૩)
૧૫. યાદગાર, ભૂલાય નહીં એવું (૬)
૧૬. શ્રદ્ધા (૨)
૧૯. મસ્તી (૩)
૨૦. જમીન (૨)
૨૨. સૂર્ય (૪)
૨૩. શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ (૪)
૨૪. મોકો (૨)
૨૬. મંડળી, કમિટી (૩)
૨૮. મગજ (૩)

### સુડોકુ-૭૦૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | ૩ | | |
| | | ૯ | ૨ | | ૩ | | | |
| ૮ | | | ૯ | ૧ | | | ૨ | ૭ |
| ૭ | ૬ | | | | | ૪ | ૩ | ૯ |
| ૧ | | | | | | | | ૬ |
| ૪ | ૫ | ૩ | | | | | ૧ | ૮ |
| ૯ | ૪ | | | ૭ | ૨ | | | ૧ |
| | | | ૮ | | ૪ | ૯ | | |
| | | ૭ | | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૧ | ૩ | ૬ | ૮ |
| ૩ | ૬ | ૮ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૫ |
| ૫ | ૭ | ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૯ | ૪ |
| ૭ | ૫ | ૪ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૯ | ૫ | ૭ |
| ૯ | ૩ | ૨ | ૭ | ૮ | ૫ | ૪ | ૧ | ૬ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૯ |
| ૮ | ૨ | ૭ | ૯ | ૪ | ૬ | ૫ | ૩ | ૧ |
| ૬ | ૯ | ૩ | ૧ | ૫ | ૮ | ૭ | ૪ | ૨ |

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતિ ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધિરેન્દ્ર ઉદ્દેશી (૧૧) ગીતા ઉદ્દેશી (૧૨) પ્રતિમા પામાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડીયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપિન (૨૦) મહેન્દ્ર લોઢવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિના સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલિયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નિતિન બજારિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) પ્રવીણ વોરા (૪૮) નંદકિશોર સંજાણવાળા (૪૯) દિલીપ પરીખ (૫૦) રસિક જુઠાણી (ટોરન્ટો - કેનેડા) (૫૧) કિશોર બી. સંઘરાજકા (૫૨) જયવંત પદમશી ચિખલ.

## મુંબઈ સમાચાર ગૌરવ એવોર્ડ સમારોહ

# સરસ્વતી મા, તારા કલાવંતોને વખાણું કે એનું ગૌરવ કરનારા 'મુંબઈ સમાચાર'ને વખાણું







**અહેવાલઃ હેન્રી શાસ્ત્રી**

**તસવીરોઃ જયપ્રકાશ કેળકર, અમય ખરાડે**

વાચકોના અસીમ પ્રેમને કારણે ૨૦૩ વર્ષથી અડીખમ રહેલા 'મુંબઈ સમાચાર'એ એક અનોખી અને અનુકરણીય પહેલ કરી ગુજરાતી ભાષા નભમંડળના ચાર તેજસ્વી તારલાનું ગૌરવ એવૉર્ડ આપી સન્માન કર્યું. ૮ ડિસેમ્બર, રવિવારે આ અણમોલ અવસરને માણવા મુંબઈના પરા વિસ્તારના વિલેપાર્લે સ્થિત 'મુકેશ પટેલ ઓડિટોરિયમ'માં હાજર રહેલા પ્રેક્ષકોએ શરૂઆતમાં ગીત - સંગીતના જલસાને દાદ આપી માણ્યો. સુનીલ સોની, ગૌરાંગ સોની અને સાથીઓએ ગીત - સંગીતની રમઝટ બોલાવી પ્રેક્ષકોને સમા બાંધી આપ્યો. પછી તો પેલા 'મુઘલ - એ - આઝમ'ના ગીત 'જબ રાત હૈ ઐસી મતવાલી તો સુબહ કા આલમ ક્યા હોગા' જેવું થયું. કવિ - ગઝલકાર શોભિત દેસાઈના સંચાલન હેઠળના કાર્યક્રમમાં સરિતા બહેન (શ્રી ફરદુનજી મર્ઝબાનજી કલા ગૌરવ એવૉર્ડ), વર્ષા અડાલજા (શ્રી નસરવાનજી મંચેરજી કામા સાહિત્ય ગૌરવ એવૉર્ડ), પ્રવીણ સોલંકી (શ્રી મંચેરજી નસરવાનજી કામા કલા ગૌરવ એવૉર્ડ) અને હેમરાજ શાહ (શ્રી રૂસ્તમજી મંચેરજી કામા સમાજ ગૌરવ એવૉર્ડ)નું મુખ્ય અતિથિ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું ત્યારે હાજર પ્રેક્ષકોએ અંતરના ઉમળકાથી અને તાળીઓના ગડગડાટથી ચાર પ્રતિભાવંતોનું જે અભિવાદન કર્યું એ સમય હાજર રહેલા દરેકની આંખોમાં કેદ થઈ ગયો હશે એવું દાવા સાથે કહી શકાય.

ઓડિટોરિયમમાંથી 'એક્ઝિટ' સાઈન પાસેથી બહાર નીકળતા એક પ્રેક્ષકએ કહ્યું કે કાર્યક્રમના પ્રારંભમાં દુહો રજૂ થયો હતો કે 'હાલાજી તારા હાથ વખાણું કે પટી તારા પગલાં વખાણું'. આજનો આ કાર્યક્રમ માણ્યા પછી કહેવાનું મન થાય છે કે સરસ્વતી મા તારા કલાવંતોને વખાણું કે એનું ગૌરવ કરનારા 'મુંબઈ સમાચાર'ને વખાણું.

> **આજે ૮૩ વર્ષની ઉંમરે પણ સવારે ચાની ચુસ્કી સાથે પહેલું અખબાર હાથમાં 'મુંબઈ સમાચાર' જ હોય છે.**
> **- સરિતા જોષી**



સન્માન સમારંભની વિધિવત શરૂઆત પહેલા 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ જણાવ્યું કે મિત્રો, 'મુંબઈ સમાચાર' વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. આ આયોજન માત્ર ને માત્ર 'મુંબઈ સમાચાર'ના માલિકોના સહકારથી જ સંપન્ન થઇ શક્યો. આ મંચ પરથી કેટલાક નામનો ઉલ્લેખ એટલા માટે જરૂરી છે કે આ બધી વ્યક્તિ પડદા પાછળ રહી સતત પ્રોત્સાહિત કરે છે. મારા મિત્ર સંજય છેલ, ભરતભાઈ ઘેલાણી, અરવિંદ વેકરિયા, તમે જેને બાઘાના નામથી ઓળખો છો એ તન્મય વેકરિયા, હિન્દી ફિલ્મોના મોટા લેખક રોબિન ભટ્ટ તેમજ સતત 'મુંબઈ સમાચાર' માટે યોગદાન આપવા થનગનતા બીજા પણ કેટલાક લોકો અહીં હાજર છે. આ સિવાય મારાજ સાથીઓ અનિલ રાવલ, પ્રફુલ શાહ, હેન્રી શાસ્ત્રી, મિલન ત્રિવેદી, આશુ પટેલ, મનોરંજન જગતના દિગ્ગજો સિદ્ધાર્થ રાંદેરિયા, આશિત મોદી, જે. ડી. મજીઠિયા, દિલીપ જોશી, કૌસ્તુભ ત્રિવેદી, વિપુલ વિઠ્ઠલાણી જેવી પ્રભાવશાળી વ્યક્તિઓ હોય કે પ્રકાશકો હેમંત ઠક્કર કે અશોક શાહ આ બધા કોઈ પણ પ્રકારના વળતર કે પુરસ્કારની અપેક્ષા રાખ્યા વિના કામ કરતા હોય છે. આ સર્વેનો હું મંચ પરથી આભાર માનું છું. અસાધારણ પ્રતિભાઓને તેમની હયાતીમાં જ એવોર્ડ આપવાનો વિચાર ઘણા સમયથી મનમાં ઘોળાતો હતો. એવૉર્ડની શરૂઆત એવી ચાર જાજરમાન પ્રતિભાથી કરવી હતી કે લોકો પણ આદરયુક્ત ગર્વની લાગણી અનુભવે. પ્રતિભાના નામ નક્કી થયા પછી આવી ચાર અનન્ય પ્રતિભાઓને પોંખવાની હોય ત્યારે સન્માન કરનારી વ્યક્તિ એક ડગલું આગળ હોય એવી હોવી જોઈએ. તરત ભાઈશ્રીનું સ્મરણ થયું. માત્ર ત્રણ જ મિનિટમાં તેમણે 'મુંબઈ સમાચાર'નું આમંત્રણ સ્વીકારી લીધું એ બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. આવનારા સમયમાં આવા અનેક કાર્યક્રમોનું આયોજન થશે. કાર્યક્રમ શરૂ કરતા પહેલા મારે એક મહત્ત્વની વાત કરવી છે. મુંબઈમાં આપણે એટલે કે ગુજરાતીઓ રાજકીય સ્તરે આગળ આવે એવી મારી ઈચ્છા છે. 'મુંબઈ સમાચાર' આ બાબતે વિચારે છે. આપણે નાત - જાત જોયા વિના ખોબલે ને ખોબલે મતો આપી આટલી બધી બેઠકો જીતાડી છે. બિન ગુજરાતી ઉમેદવારને ગુજરાતી વિસ્તારમાંથી વિજય અપાવ્યો છે. જે નાત જાતમાં નથી માનતો એ ગુજરાતી ને જ્યાં ગુજરાતીઓના મત નથી એવા બિન ગુજરાતી વિસ્તારમાંથી ગુજરાતી ઉમેદવારને જીતાડી આપો તો ખરું. મંચ પરથી આ એક અપીલ કરી છે. ત્રીસેક નગરસેવક ગુજરાતી હોય એવી અપેક્ષા છે, કારણ કે સરકાર સમક્ષ રજૂઆત માટે સત્તાની જરૂર છે. 'મુંબઈ સમાચાર'ના ઇતિહાસમાં બે તંત્રી મરાઠી હતા. ટૂંકમાં આપણે ભેદભાવ નથી રાખતા એ વાત છે. મારું વક્તવ્ય પૂરું કરું છું. ભાઇશ્રીને વિનંતી કરું છું કે ભવિષ્યમાં 'મુંબઈ સમાચાર' કે બીજી કોઈ પણ સંસ્થા આ પ્રકારની પ્રવૃત્તિ કરે તો માગદર્શન આપી સહભાગી થાય.

> **પવિત્ર ગ્રંથોને પૂંઠા ચડાવવાથી એની પવિત્રતાને ઊની આંચ ન આવે, એની પવિત્રતાની રક્ષા થાય એવા જે કેટલાક અખબાર હતા એમાં એક નામ હતું 'મુંબઈ સમાચાર'નું.**
> **- ભાઈશ્રી**



તંત્રી નીલેશ દવે પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાને સ્ટેજ પર લઈ આવ્યા. ત્યારબાદ 'મુંબઈ સમાચાર'ની ૨૦૩ વર્ષની સફર વિશે શોભિત દેસાઈએ માર્મિક પંક્તિ રજૂ કરી કહ્યું કે અસલની જાત હોય એ ચાલે છે. પટોળે જે પડી એવી ને એવી ભાત ચાલે છે. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા કથાકાર તરીકે અત્યંત વ્યસ્ત રહેતા હોવા છતાં ખાસ 'મુંબઈ સમાચાર' માટે, આપ સૌ શ્રોતાગણ માટે અને વિશેષ તો આ ચાર બહુશ્રુત પ્રતિભાઓ માટે તેમણે સમય ફાળવી આજનો દિવસ ખાસ આ કાર્યક્રમ માટે અનામત રાખ્યો એ બદલ 'મુંબઈ સમાચાર' તેમજ આપણે બધા એને વંદન કરી એમનું સન્માન કરીએ. પૂજ્ય ભાઈશ્રીનું મેમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવતા ઓડિટોરિયમમાં તાળીઓના ગડગડાટની શુભ શરૂઆત થઈ.

ભાઇશ્રીના વરદ હસ્તે સ્ટેજ પર હાજર અને કાર્યક્રમના આયોજનમાં મહત્ત્વનો ફાળો આપનારી વ્યક્તિઓનું શાલ ઓઢાડી આશીર્વાદ આપવામાં આવ્યા. એમાં જીતુભાઇ મહેતા, ભાર્ગવ પટેલ, રાજેશ ઠક્કર, રમેશ મોરબિયાનો સમાવેશ હતો. આ ઉપરાંત ઉમદા હેતુ માટે અનન્ય યોગદાન આપનારા ડો. જશવંતભાઈ શાહને પણ ભાઇશ્રીએ શાલથી આશીર્વાદ આપ્યા હતા. જોઈન્ટ માઇનોરિટી ઈકોનોમિક ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન લલિત ગાંધી અને શોભિત દેસાઈને પણ ભાઇશ્રીએ શાલથી આશીર્વાદ આપ્યા હતા.

'મુંબઈ સમાચાર'ના યુવાન અને અખબારના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેતા તેજ તર્રાર તંત્રી નીલેશ દવેએ સ્વાગત વક્તવ્યમાં જણાવ્યું કે 'આદરણીય ભાઈશ્રી પૂજ્ય રમેશભાઈ ઓઝા, મંચ પર ઉપસ્થિત મહાનુભાવો. ગુજરાતી સાહિત્ય જગતના ચાર પિલરનું આજે આપણે સન્માન કરવાના છીએ. શોર્ટ નોટિસે બધા આવી ગયા એ બદલ આપ સૌનો દિલથી આભાર. કાયમ 'મુંબઈ સમાચાર' વાંચતા રહેજો, વંચાવતા રહેજો અને સારું છાપું વાંચવાની ટેવ પાડતા રહેજો.' પ્રેક્ષકોએ આ વાતને વધાવી લેતી પ્રતિક્રિયા તાળીઓની ગૂંજથી આપી.

> **'મુંબઈ સમાચાર'એ ગુજરાતી ભાષાનું અને ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.**
> **- પ્રવીણ સોલંકી**



સન્માનની શરૂઆત છેલ્લા ઘણા દાયકાઓથી સમાજસેવાને જીવનકાર્ય બનાવનારા બિઝનેસની સાથે લેખન પ્રવૃત્તિ પણ કરનારા હેમરાજ શાહથી થઈ. ગળાની તકલીફ હોવાથી એવોર્ડ સ્વીકારી હેમરાજ ભાઈએ પોતાનું લેખિત વક્તવ્ય શોભિત દેસાઈને વાંચવા આપ્યું જેનો સાર આ પ્રમાણે છે:

આજનો દિવસ મારા માટે બહુકોણીય આનંદનો દિવસ છે. આજે























'મુંબઈ સમાચાર'ની પરંપરા છે કે બીજી પેઢીને તૈયાર કરવી એવા જ આશયથી દિગ્ગજ એવા શ્રી શોભિત દેસાઈએ જાણીતા હાસ્યકાર મિલન ત્રિવેદીના પુત્ર દેવર્ષને રજૂ કર્યો હતો. દેવર્ષે પ્રથમવાર મુંબઈમાં કાર્યક્રમનું સંચાલન કર્યું. ગાયકો સુનીલ સોની, ગૌરાંગ સોની અને ગાયિકા માધવી ઠક્કરે ગુજરાતી ગીતોનું રસપાન કરાવીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.




આપણા સૌનું લાડીલું અને બે સૈકા જેટલી અવિરત સફળ યાત્રા કરનાર અને સતત આગળ વધતું 'મુંબઈ સમાચાર' ઈશ્વર સ્વરૂપે જ જાહેરમાં જ્યારે પીઠ થાબડવા આવે છે ત્યારે હૃદય ગદગદિત થઈ જાય છે. ઘણા એવોર્ડ અને માનદ પદવીઓ મને મળી છે, પણ આજનો 'મુંબઈ સમાચાર સમાજ ગૌરવ એવૉર્ડ' મેળવીને મળેલા અન્ય સન્માનોથી થયેલા આનંદથી વિશેષ આનંદ અનુભવી રહ્યો છું. આ અખબારે એ સાબિત કર્યું છે કે એ ત્રીજી આંખ લઈને ચાલે છે. કોઈ પ્રકારનો વાદ તેને ક્યારેય નડયો નથી. મુંબઈ સમાચારનો સ્થાપના દિવસ પહેલી જુલાઈ 'પત્રકાર દિન' તરીકે ઉજવાય એવી મારી ઈચ્છા છે. 'મુંબઈ સમાચાર'ની યાત્રાને શુભેચ્છાઓ આપું છું અને અખબારના ડાયરેક્ટર્સ અને યુવાન સ્વપનશીલ તંત્રી નીલેશ દવેનો આભાર માનું છું. નીલેશ દવે છે તો અખબાર માટે બધું શક્ય છે, એમ કહેવું મને જરા પણ અતિશયોક્તિ ભર્યું નથી લાગતું.

કાર્યક્રમનો દોર આગળ વધારી શોભિત દેસાઈએ સાહિત્ય વિશ્વની વાત કરી પરમ આદરણીય વર્ષા અડાલજાને સ્ટેજ પર આવવા વિનંતી કરી.

સન્માન સ્વીકારી વર્ષા બહેને કહ્યું કે 'અત્યાર સુધી ઘણા એવોર્ડ - સન્માન મળ્યા, પણ આજના 'મુંબઈ સમાચાર'ના સન્માનનું વિશેષ મહત્ત્વ એ છે કે આ મુંબઈ શહેરમાં મારા પિતાશ્રીએ ઘર સહિત સર્વસ્વ ગુમાવી દીધું હતું ત્યારે એક સદગૃહસ્થે અમને રહેવા માટે જગ્યા આપી અને કહ્યું કે 'ગુણવંતરાય આચાર્ય સાહેબ, આપે ભાષાની સેવા કરી છે તો હું આટલું તો જરૂર કરી શકું.' આવું કૌવત હોય છે



**સર્જકનું કામ અંધારા ખૂણામાં દીવો પેટાવવાનું છે અને એ જ રીતે અખબારનું કામ પણ અંધારા ખૂણામાં દીવો પેટાવવાનું છે.**
**- વર્ષા અડાલજા**

ભાષાનું. હું નાગરાણી છું અને એટલે કલમ, કડછી અને બરછી સાથે નાતો હોય. કડછી અને બરછી કરતા કલમને અપનાવવાનું મન થયું. પણ લખવું શું? 'મુંબઈ સમાચાર'એ મને દિશા દેખાડી. એ વખતે જેહાન દારૂવાલા તંત્રી હતા. તેમણે મને ફેશન કોલમ લખવાની તક આપી એ મારી કલમ કેળવણીનું બાળમંદિર હતું. 'સૌંદર્યનો શણગાર' કોલમ શરૂ થઈ અને એ લખતા લખતા મારી આવડત વિકસી અને મેં નવલિકાઓ લખવાનું શરૂ કર્યું. પત્રકારત્વના પ્રવેશદ્વારથી હું સાહિત્યના લેખન સુધી પહોંચી. ગુજરાતી સાહિત્યમાં જે વિષયોનું ખેડાણ કદી નહોતું થયું એ વિષયો પર લખવાનું સાહસ મેં કર્યું. ખૂબ રખડી, અનેક લોકોને મળી, બહુ ખાંખાંખોળાં કર્યા અને એનો સરવાળો એટલે 'ગાંઠ છૂટ્યાની વેળા', 'બંદીવાન', 'ક્રોસરોડ' 'અણસાર' વગેરે નવલકથા. મારું માનવું છે કે સર્જકનું કામ અંધારા ખૂણામાં દીવો પેટાવવાનું છે અને એ જ રીતે અખબારનું કામ પણ અંધારા ખૂણામાં દીવો પેટાવવાનું છે. ૨૦૨૫માં પણ 'મુંબઈ સમાચાર' આ ઉમદા કાર્ય ચાલુ રાખે એવી શુભેચ્છા.'

વર્ષાબહેન પછી શોભિત દેસાઈએ છ દાયકાથી વધુ સમયથી નાટકો લખી રંગભૂમિના ધબકાર ઝીલનારા નાટ્ય લેખક પ્રવીણ સોલંકીને આમંત્રણ આપ્યું.

પ્રવીણ ભાઈએ પ્રારંભમાં જ અવસરને રૂડો બનાવવાનું કામ કરી જણાવ્યું કે 'ભારતીય ગુજરાતી ભાષાના ૨૦૦ વર્ષના ઈતિહાસમાં ગુજરાતી સાહિત્યકારોને પોંખવાનો આવો આનંદનો અવસર મળે એ આપણું સદભાગ્ય છે. એ માટે 'મુંબઈ સમાચાર', એના માલિકો તેમજ તંત્રી નીલેશ દવેને તેમના સાથીઓ સાથે જોરદાર તાળીઓ સાથે આપણે અભિનંદન આપીએ.' પ્રવીણ ભાઈનું વાક્ય પૂર્ણ થતાની સાથે હાજર પ્રેક્ષકોએ તેમનો બોલ ઝીલી લઈ અભિવાદન કર્યું. વક્તવ્ય આગળ વધારી પ્રવીણ ભાઈએ જણાવ્યું કે '૨૦૦ વર્ષના 'મુંબઈ સમાચાર'ના ઈતિહાસમાં અનેક એવૉર્ડ આપવામાં આવ્યા છે, પણ આજના એવૉર્ડની વિશેષતા એ છે કે એવોર્ડ આપનાર અને સ્વીકારનાર બંને એકબીજાથી ચઢિયાતા છે.' આજના યુગમાં સન્માનનું વિશેષ મહત્ત્વ સમજાવવા પ્રવીણ ભાઈએ એક સરસ વાત કહી. તેમણે કહ્યું કે 'સર્પે એક ઋષિને દંશ દીધો. પછી સર્પને ડર લાગ્યો કે આ તો મહાત્મા છે અને એ જો મને શ્રાપ આપશે તો મને બાળીને ભસ્મ કરી નાખશે. તેણે ક્ષમાની યાચના કરી. ઋષિએ કહ્યું કે હું તને માફ કરીશ, પણ એક શરતે. મારા એક સવાલનો જવાબ આપ કે તું તો જંગલમાં ઝાડીઓમાં રહે છે. તું માણસોમાં તો રહેતો નથી. તો પછી તારામાં આટલું બધું ઝેર આવ્યું ક્યાંથી?' આ વાત પૂરી થતા એનો મર્મ સમજી ગયેલા દર્શકોએ તાળીઓથી આ વાતને વધાવી અને પ્રવીણભાઈ બોલ્યા કે 'આજનો આ સમારંભ આ સવાલનો જવાબ છે.' આ પ્રસંગ રજૂ કરી રવિવારના કાર્યક્રમનું ઔચિત્ય પ્રવીણભાઈએ સમજાવ્યું. અખબારનો ઉલ્લેખ કરી તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોથી ધડાકો કરવાની આદત 'મુંબઈ સમાચાર'ને પડી છે અને એ આદત નીલેશ દવેએ પાડી છે. 'મુંબઈ સમાચાર'નું પ્રદાન અનન્ય છે. એની યાદી ૨૦૦ પાનાથી વધુ લાંબી છે, એનું વર્ણન પાંચ મિનિટમાં કરવું અશક્ય છે. 'મુંબઈ સમાચાર'એ ગુજરાતી ભાષાનું અને ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે. નાટક માટે આખું પાનું ફાળવનાર એ પહેલું અખબાર હતું.

પ્રવીણ સોલંકી પછી લેખક અને લખાયેલા શબ્દ પર બેમિસાલ અભિનયથી છવાઈ ગયેલાં અને આજની તારીખમાં પણ કલારસિકોના હૃદય પર રાજ કરતાં સરિતા જોષીને આમંત્રણ આપી શોભિત દેસાઈએ જણાવ્યું કે 'ગુજરાતી ભાષાનો વિલાસ જેનું નામ સરિતા છે એમને સ્ટેજ પર આવવા આમંત્રણ આપું છું.' પ્રેક્ષક છે તો કલાકાર છે એ મંત્રનો સતત જાપ કરતા કર્મઠ અભિનેતા - અભિનેત્રીની પંગતમાં ઠાઠથી બિરાજતાં સરિતાબહેને શરૂઆત 'પ્રિય પ્રેક્ષક, મારો વહાલો પ્રિય પ્રેક્ષક'થી કરી. પોતાને આ અને આવા બીજા જે સન્માન મળ્યા છે એ પ્રેક્ષકોને આભારી છે એ સરિતાબહેન જાણે છે અને જાહેરમાં સ્વીકારે છે. વાતનો દોર એ તંતુથી જ આગળ




**'મુંબઈ સમાચાર'નો સ્થાપના દિવસ પહેલી જુલાઈ 'પત્રકાર દિન' તરીકે ઉજવાય એવી મારી ઈચ્છા છે.**
**- હેમરાજ શાહ**

વધારી તેમણે જણાવ્યું કે આટલાં વર્ષોથી મને સાચવી છે એટલે સૌપ્રથમ તમને પ્રેમ સાથે વંદન. તખ્તા પર બિરાજેલા મહાનુભાવો અને ખાસ તો ભાઇશ્રીની હાજરીએ મને આનંદમાં મૂકી દીધી છે. એમના હસ્તે એવૉર્ડ સ્વીકાર્યો એનો હરખ છે. 'મુંબઈ સમાચાર'ની આ પહેલ સાચે જ અનોખી છે. ૨૦૦ વર્ષના માતબર છાપા વિશે મોદી સાહેબે અભિપ્રાય આપ્યા અને પછી અમિત શાહે કહ્યું એટલે આપણે અખબાર તો છવાઈ ગયું. બાળપણથી જ નાટકની દુનિયામાં આવી ગઈ. સાત વર્ષની ઉંમરે શાંતા આપ્ટેના હસ્તે નાનકડી ભેટ મળી ને હું રાજી રાજી થઈ ગઈ. પછી તો નાટકની દુનિયામાં સફર આગળ વધતી ચાલી. મને પહેલો એવૉર્ડ સંગીત નાટક અકાદમીનો મળ્યો ત્યારે હું ટેબલ પર કૂદાકૂદ કરવા લાગી હતી. પછી પદ્મશ્રી એવૉર્ડ મળ્યો ત્યારે સુધ્ધાં કૂદી, પણ આ વખતે જ્યારે એવોર્ડ માટે નીલેશભાઈએ મને ફોન કર્યો ત્યારે ખુશીનો ફુવારો છૂટ્યો. એનું કારણ એમ છે કે હું મુંબઈમાં નિયમિતપણે નાટકો કરવા ૧૯૫૮થી આવતી થઈ ત્યારે મારું પહેલું છાપું હતું 'મુંબઈ સમાચાર'. આજે ૮૩ વર્ષની ઉંમરે પણ સવારે ચાની ચૂસ્કી સાથે પહેલું અખબાર હાથમાં 'મુંબઈ સમાચાર' જ હોય છે. મારા બંને બાળકોને ગુજરાતી છાપાના મુખ્ય સમાચાર વાંચવાની ટેવ પાડી હતી. આજે હું ગર્વ સાથે કહું છું કે 'હું ગુજરાતી ભાષાની કલાકાર છું અને આ ભાષા યશોદા માતા છે જેની હું ઋણી છું' સ્ટેજ પર સરિતાબહેન હોય અને એમનામાં રહેલી અભિનેત્રી ઝાઝો સમય સુષુપ્ત ન રહી શકે. પ્રેક્ષકોએ તેમના અજરામર પાત્ર મધુ રાય લિખિત 'સંતુ રંગીલી'ના અવિસ્મરણીય સંવાદો તેમની પાસે બોલાવ્યા અને સરિતા બહેને હાજર લોકોને રસતરબોળ કરી મોજ કરાવી દીધી.

ચારેય એવૉર્ડ વિજેતાના વક્તવ્ય પછી આદરણીય પૂજ્ય ભાઈશ્રી હાજર પ્રેક્ષકોની આતુરતાનો અંત લાવી બોલવા ઊભા થયા. પ્રભુ સ્મરણ કરી ભાઈજી બોલ્યા કે 'થોડું ખૂંચતું હતું અને થોડો વિચાર પણ થતો હતો. જેની પૂજા કરી છે એ નીચે સામે અને પૂજારી ઉપર? અલબત્ત આ વ્યવસ્થાનો ભાગ છે, પણ મેં મનને એ રીતે મનાવ્યું કે આમ દર્શન બરાબર થાય છે. નીલેશભાઈએ કહ્યું કે ચાર દિગ્ગજમહાનુભાવોનું સન્માન કરવા એવી વ્યક્તિ જોઈએ જે એક ડગલું આગળ હોય. પણ આગળ હોઈએ તો એ દેખાય નહીં. લગોલગ એ જ પંક્તિમાં હોય તોય અર્ચના બરાબર થાય નહીં. એટલે સન્મુખ રહેવાથી વધુ આનંદ થાય છે, કારણ કે કલાનું સન્માન છે. વર્ષાને અને સરિતાને સીધો સંબંધ છે. વર્ષા ભલે બે, ત્રણ કે ચાર મહિના હાજર હોય, પણ એને લીધે સરિતા બાર મહિના વહે. કારણ કે વર્ષાબહેને જે સર્જન કર્યું, પ્રવીણ (સોલંકી)એ જે કાગળ પર ઉતાર્યું એને સરિતા બહેને સંતુ રંગીલી કે બીજા કોઈ પાત્રમાં કેવો નિખાર આપ્યો. કળા અને પુનરુક્તિ વિશે બોલતા ભાઇશ્રીએ જણાવ્યું કે આપણી જે સાંસ્કૃતિક અવધારણા છે એ 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્'ની છે. એ ત્રણેયને સમર્પિત ત્રણ સંસ્થાઓ 'કાર' ઉપસર્ગ ધરાવે છે - પત્રકાર, કથાકાર, કલાકાર. પત્રકાર સત્યમનો ઉપાસક છે. પછી એ ભોજપત્ર પર લખનારા વ્યાસ હોય કે વર્તમાન સમયના કોઈ તંત્રી હોય, લોકો સુધી શું પહોંચાડવું છે અને એનો આશય શું છે એને પ્રાધાન્ય આપે છે. પત્રકારત્વના ઉચ્ચ મૂલ્યો અકબંધ રાખી તમારે જે વાત કહેવાની છે એ જનતા સુધી પહોંચાડવાની જવાબદારી છે. સમાજ સૂતેલો હોય તો એ જાગૃત થાય, મૂર્છિત હોય એને માથે પાણી છંટાય અને શાસક જો બહેરો હોય તો ઢોલ વાગવો જોઈએ. 'મુંબઈ સમાચાર' સાથે જોડાયેલો નાતો વિશે ભાઇશ્રીએ કહ્યું કે નાનપણમાં ઘરે રામાયણ, ભાગવત કે ભગવદ્ ગીતા હોય એને પૂંઠા ચડાવવાના હોય. સાચી વાત એ છે કે ખાખી પૂંઠાં લેવા માટે પૈસા ન હોય. રામાયણ કે ગીત કોઈએ ભેટ આપ્યા હોય. ખરીદ્યા ન હોય. પછી છાપાના પૂંઠાં ચડાવીએ. હવે જો રામાયણ, ભાગવત કે ભગવદ્ ગીતાને પૂંઠાં ચડાવવા હોય તો જેવા તેવા છાપાના પૂંઠાં તો ન ચાલે. પવિત્ર ગ્રંથોને પૂંઠા ચડાવવાથી એની પવિત્રતાને ઊની આંચ ન આવે, એની પવિત્રતાની રક્ષા થાય એવા જે કેટલાક અખબાર હતા એમાં એક નામ હતું 'મુંબઈ સમાચાર'નું. પત્રકાર સત્યમ્નો ઉપાસક છે. એ સત્ય જ્યારે કથાકાર પાસે આવે છે ત્યારે એ શિવમ્ - કલ્યાણકારી બની જાય છે. પણ જો એ સત્યનું આકર્ષણ જ ના રહે તો? એટલે એને આકર્ષક બનાવવાનું કામ, એને સુન્દરમ્ બનાવવાનું કામ કલાકાર કરે છે. સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્ એટલે પત્રકાર - કથાકાર - કલાકાર. આ ત્રણે મળીને સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્ની અવધારણા હેઠળ કામ કરવા લાગે તો ચોથી કાર - સરકારની બહુ ચિંતા કરવાની જરૂર નથી. સરકાર તો જેવી બનાવશું એવી બનશે. સમાજનું ઘડતર કરી એને યોગ્ય દિશા તરફ લઈ જવાની જવાબદારી જો આ ત્રણ સંસ્થા મળીને નિભાવે અને જવાબદારી પ્રત્યે સમર્પિત રહી એકબીજા પર નજર રાખી કામ કરે તો સમાજને સુંદર આકાર મળે. નીલેશભાઈએ બહુ સરસ વાત કરી કે ગુજરાતી પ્રજા ભેદભાવ રાખ્યા વિના વિચારધારાને ટેકો આપી બિનગુજરાતી ઉમેદવારને જીતાડે છે. બિન ગુજરાતી વિસ્તારમાં પણ ગુજરાતી ચૂંટાઈ આવવો જોઈએ. વાત સાચી છે અને એનો સૌથી મોટો દાખલો દિલ્હીમાં બેઠો છે.

ભાષાની સમૃદ્ધિ વિશે ભાઈજીએ કહ્યું કે માતૃભાષા સરિતા બહેને કહ્યું એમ દરેકની જશોદા છે. તમારે કૃષ્ણ બનવું હશે તો જશોદાના ધાવણથી તમારો ઉછેર થાય એ જરૂરી છે. ભાષાના પ્રવાહને સમજવો હોય તો સરિતાબહેનની કોશિશ સમજવી જોઈએ. તેમણે બાળકોને એવી રીતે તૈયાર કર્યા કે એ લોકો વર્ષાબહેનને વાંચી શકે. આને કહેવાય માતૃભાષા માટે પ્રીતિ. સરિતાબહેન, વર્ષાબહેન, પ્રવીણ સોલંકી અને હેમરાજ શાહ જેવી તેજથી ટમટમતી જ્યોતિઓની અર્ચના કરવાનો આજે મને મોકો મળ્યો એનો આનંદ છે. આ એવી જ્યોતિઓ છે જેનું તેલ કદી ખૂટવાનું નથી. તમે અત્યાર સુધી અજવાળા પાથર્યા છે, ભવિષ્યમાં પણ પાથરતા રહો અને 'મુંબઈ સમાચાર' તમને પોંખતું રહે એ શુભેચ્છા. અખબારના તંત્રી નીલેશ ભાઈ અને તમારી સાથે સંકળાયેલા તમામ લોકોને અભિનંદન. આ કલાવંતોને વંદન કરવાનો અવસર આપ્યો એનો મને આનંદ છે. ■



**મુંબઈમાં આપણે એટલે કે ગુજરાતીઓ રાજકીય સ્તરે આગળ આવે એ બાબતે 'મુંબઈ સમાચાર' વિચારે છે, કાયમ 'મુંબઈ સમાચાર' વાંચતા રહેજો, વંચાવતા રહેજો અને સારું છાપું વાંચવાની ટેવ પાડતા રહેજો .**
**-નીલેશ દવે**






**'મુંબઈ સમાચાર'માં મને ફેશન કોલમ લખવાની તક મળી. પત્રકારત્વના પ્રવેશદ્વારથી હું સાહિત્યના લેખન સુધી પહોંચી**
**- વર્ષા અડાલજા**







# યુરોપિયન બજારોમાં નબળા વલણ અને ઈન્ફ્લેશન ડેટાની પ્રતીક્ષાને કારણે સાવચેતીના માનસ વચ્ચે બજાર અથડાઈ ગયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ભારતના ખાસ કરીને ઇન્ફલેશન ડેટાના ઇંતઝારમાં સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે વૈશ્વિક બજારમાંથી પણ હતોત્સાહિત કરનારા સમાચાર મળતાં બજાર સાંકાડી અફડાતફડી મચાવી અંતે મૂળ સપાટીએ પાછું ફર્યું હતું. ઉપરાંત, યુરોપિયન બજારોના નબળા વલણે પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને નકારત્મક અસર કરી હતી. સરવાળે રોકાણકારોએ કોઈ નવા ટ્રિગરની ગેરહાજરીમાં સાઇડ લાઇન રહેવાનું પસંદ કર્યું હતું. જોકે, નાના શેરોમાં સારી લેવાલી જોવા મળી હતી અને આઇટી શેરોમાં સારો સુધારો જોવા મળ્યો હતો.

સત્રને અંતે બીએસઇનો ત્રીસ શેરવાળો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧.૫૯ પોઈન્ટ વધીને ૮૧,૫૧૦.૦૫ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. દિવસ દરમિયાન તે ૨૧૭.૮૮ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા વધીને ૮૧,૭૨૬.૩૪ પોઈન્ટની ઈન્ટ્રાડે હાઈ પર પહોંચ્યો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૨૪,૬૧૦.૦૫ પોઈન્ટની સપાટી પર સેટલ થયો હતો. ઈન્ટ્રાડે ટ્રેડમાં તે ૧૦૮.૩૫ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઘટીને ૨૪,૫૧૦.૬૫ની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં બજાજ ફિનસર્વ, એચસીએલ ટેક્નોલોજીસ, ઇન્ફોસિસ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક અને ટાઇટન ટોચના વધનારા શેરોની યાદીમાં હતા. જ્યારે ભારતી એરટેલ, અદાણી પોર્ટ્સ, ટેક મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેન્ક, લાર્સન એન્ડ ટુબ્રો ટોપ લૂઝર્સ સ્ટોક્સની યાદીમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં ફરી ગરમાટો જોવા મળ્યો છે. બ્લેકસ્ટોન સમર્થિત ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટિટયૂટ ઇન્ડિયા (આઇજીઆઇ) રૂ. ૪,૨૨૫ કરોડના ભરણાં સાથે ૧૩ ડિસેમ્બરે અને ઇન્વેંચર નોલેજ સોલ્યુશન રૂ. ૨,૪૯૭.૯૨ કરોડના ઇશ્યુ સાથે ૧૨ ડિસેમ્બરે બજારમાં આવશે. વિશાલ માર્ટ, મોબિક્વિક અને સાઇ ક્લિનિક પ્રવેશી ચૂક્યા છે.

હાઈ વોલ્ટેજ અને હાઈ કરંટ ટ્રાન્સફોર્મર બુશિંગ્સની અગ્રણી ઉત્પાદક અને વિતરક, યશ હાઈવોલ્ટેજ લિમિટેડ ૧૨ ડિસેમ્બરે રૂ. ૧૧૦.૦૧ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે, જેમાં ઓએફએસનો હિસ્સો ૧૧.૩૦ લાખ ઇક્વિટી શેરનો રહેશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૩૮થી રૂ. ૧૪૬ અને લોટ સાઈઝ ૧,૦૦૦ ઈક્વિટી શેરની છે.

ભારતફોર્જે કવોલિફાઇડ ઇન્સિસ્ટીટ્યુશનલ પ્લેસમેન્ટ (ક્વિપ્સ) રૂટ મારફત રૂ. ૧૬૫૦ કરોડ એકત્ર કર્યા છે, જેમાં શેરદીઠ રૂ. ૧૩૨૦નો ભાવ રાખવામાં આવ્યો હતો. રેલિગર એન્ટરપ્રાઇસના શેર નવ ટકાના ઉછાળા સાથે બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. ઇન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડે એક સામે એક શેરના રેશિયોમાં બોનસ શેર જાહેર કર્યા છે. એશિયન બજારોમાં ટોકિયો, શાંઘાઈ અને સિઓલ ઊંચા સ્તરે સ્થિર થયા હતા, જ્યારે હોંગકોંગ નકારાત્મક ઝોનમાં બંધ થયું હતું. યુરોપિયન બજારો બપોરના સત્ર સુધી નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે અમેરિકાના બજારો રાતોરાત કામકાજમાં રેડ ઝોનમાં ધકેલાયા હતા. ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૭ ટકા ઘટીને૭૨.૦૨ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

એફઆઇઆઇએ પાછલા કેટલાક સત્રમાં સારી લેવાલી નોંધાવ્યા બાદ ફરી વેચવાલી શરૂ કરી હોવાથી તેમનું વલણ અસ્પષ્ટ રહ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ સોમવારે રૂ. ૭૨૪.૨૭ કરોડની ઇક્વિટી ખરીદી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૧,૬૪૮.૦૭ કરોડના શેર્સ ઓફલોડ કર્યા હતા. સોમવારે ૩૦ શેરો વાળા સેન્સેક્સ ૨૦૦.૬૬ પોઈન્ટ ઘટીને ૮૧,૫૦૮.૪૬ પર સેટલ થયા હતા, જ્યારે નિફ્ટી ૫૮.૮૦ પોઈન્ટ ઘટીને ૨૪,૬૧૯ પર બંધ થયા હતા.



બજાર નીચી સપાટીથી પાછું ફરીને ફ્લેટ નોટ પર બંધ થયું છે, જે ઘટાડો લેવાલીના વલણનું સૂચન કરે છે એમ જણાવતાં જિયોજીત ફાઇનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ, વિનોદ નાયર કહે છે કે, ચીનના વધારાના સ્ટિમ્યુલસ પેકેજની એશિયન બજારના સેન્ટિમેન્ટ પર કોઇ અસર જોવા મળી નથી. સ્મોલ અને મિડકેપ શેરોમાં સારા સળવળાટ સાથે વ્યાપક બજારની કામગારી સારી રહી છે. આઇટી ઇન્ડેક્સ યુએસ આઈટી ખર્ચમાં સુધારાની અપેક્ષાએ નવી ઊંચાઈએ પહોંચ્યો છે. વ્યાજદરના ભાવિ ઘટાડા સંદર્ભે અમેરિકા અને ભારતના સીપીઆઈ ડેટા ખૂબ મહત્ત્વના છે. ભારતના સીપીઆઇ ડેટા પરથી અર્થતંત્રના વિકાસ સંભાવનાઓનો સંકેત મળશે.

દરમિયાન, અમેરિકન બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીએ એવી આગાહી કરી છે કે મજબૂત સ્થાનિક રોકાણને કારણે ૨૦૨૫માં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊભરતાં બજારોમાંનું એક બની શકે છે. જો વર્તમાન બજારનો ટ્રેન્ડ ચાલુ રહેશે તો સેન્સેક્સ એક વર્ષમાં ૧,૦૫,૦૦૦ની સપાટીને સ્પર્શી શકે છે. આ સપાટી વર્તમાન સ્તરોથી ૨૮.૫ ટકાનો વધારો દર્શાવે છે.

નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેન્ક દ્વારા સીઆરઆર કટ પછી પ્રવાહિતામાં થનારો વધારો, સરકારી નીતિઓ અને એફઆઇઆઇના પ્રવાહના વળતરને કારણે બજારમાં ક્રમિક ઉછાળાની ચાલ જળવાઇ રહેશે. સીઆરઆર કટને કારણે બેન્કિંગ સિસ્ટમમાં રૂપિયા એક લાખ કરોડથી વધુની પ્રવાહિતા ઠલવાશે.

આ ઉપરાંત વૈશ્વિક ઇક્વિટી બજારની દિશા યુએસ સીપીઆઈ ફુગાવાના ડેટાની જાહેરાતથી પ્રભાવિત થશે, જે ફેડરલની ડિસેમ્બરની બેઠકમાં શું થઇ શકે છે, તેનો અમુકઅંશે સંકેત આપશે. સ્થાનિક મોરચે, બજારના સહભાગીઓ સીપીઆઈ ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ફેબ્રુઆરી અથવા એપ્રિલ પોલિસી મીટિંગમાં શરૂ થવાની સંભાવના ધરાવતા રેટ કટ ચક્ર પર નિર્ણય લેવા માટે આરબીઆઈ માટે મુખ્ય પરિબળ છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ નવેમ્બરમાં ફુગાવો નરમ થવાની અપેક્ષા રાખે છે.

અન્ય સ્થાનિક આર્થિક ડેટામાં ફુગાવા ઉપરાંત, ઓક્ટોબર માટેના ઔદ્યોગિક અને મેન્યુફેકચરિંગ પ્રોડકશન ડેટા પણ ૧૨ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. વધુમાં, ૨૯ નવેમ્બરે પૂરા થયેલા પખવાડિયા માટે બેંક લોન અને ડિપોઝિટ વૃદ્ધિ તેમજ છઠી ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામત ૧૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

બીએસઈ સેન્સેક્સ મંગળવારે ગત સોમવારના ૮૧,૫૧૦.૦૫ના બંધથી ૧.૫૯ પોઈન્ટ્સ ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૨૮ લાખ કરોડ વધીને રૂ.૪૫૯.૬૧ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૧,૫૭૫.૯૬ ખૂલીને ઉપરમાં ૮૧,૭૨૬.૩૪ અને નીચામાં ૮૧,૧૮૨.૬૯ સુધી જઈને અંતે ૮૧,૫૧૦.૦૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ વધી હતી અને ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૯૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૧૯ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૪૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૮૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૩ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૮૮ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ રિયલ્ટી ૧.૨૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૭ ટકા, મેટલ ૦.૪૧ ટકા, કોમોડિટીઝ ૦.૩૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૬ ટકા, ટેક ૦.૨૮ ટકા, એફએમસીજી ૦.૨૪ ટકા, બેન્કેક્સ ૦.૨૨ ટકા, કન્ઝ્યુમર ડિસ્કેશનરી ૦.૧૯ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૦૯ ટકા વધ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન ૧.૧૮ ટકા, યુટિલિટીઝ ૦.૯૩ ટકા, પાવર ૦.૫૯ ટકા, સર્વિસીસ ૦.૪૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૨૩ ટકા, એનર્જી ૦.૨૧ ટકા, હેલ્થકેર ૦.૧૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૬ ટકા અને ઓટો ૦.૦૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં બજાજ ફિનસર્વ ૧.૫૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૩૪ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૨૨ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૭ ટકા, કોટક બેન્ક ૦.૫૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૪૮ ટકા ટાટા સ્ટીલ ૦.૩૭ ટકા અને ટાઈટન ૦.૨૭ ટકા વધ્યા હતા, જ્યારે ભારતી એરટેલ ૧.૪૨ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૩૯ ટકા, રિલાયન્સ ૦.૭૯ ટકા, ટેક મહિન્દ્ર ૦.૭૯ ટકા, લાર્સન ૦.૬૭ ટકા, મારુતિ ૦.૬૫ ટકા, નેસ્લે ૦.૬૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ્સ ૦.૫૪ ટકા અને ટાટા કન્સલ્ટન્સી ૦.૪૫ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૮.૩૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૫૦ સોદામાં ૧,૦૮૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૭૬,૯૮૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૦,૪૬,૭૮૭.૧૭ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સાધારણ સુધારો

મુંબઈ: રિઝર્વ બૅન્કના નવા ગવર્નરની નિયુક્તિ થતા નીતિવિષયક વલણમાં ફેરફાર થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ઑલ ટાઈમ લૉ સપાટીની નજીક ૮૪.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત સોમવારે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના ૨૬મા ગવર્નર તરીકે સંજીવ મલ્હોત્રાની નિયુક્તિ કરવામાં આવી હતી અને હવે બજાર વર્તુળો આગામી ફેબ્રુઆરી મહિનાની મૉનૅટરી પૉલિસી કમિટીની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ સેવી રહ્યા છે. વધુમાં આજે સ્થાનિક બજારમાં નરમાઈ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૮૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૮૬ અને ઉપરમાં ૮૪.૭૮ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૮૪.૮૪ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના કડાકા સાથે ઐતિહાસિક નીચી ૮૪.૮૬ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આંતરરાષ્ટ્રીય સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ રહેતાં આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ગબડતા રૂપિયાને શક્યત: વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો આંતરપ્રવાહ અથવા તો રિઝર્વ બૅન્કનો સંભવિત હસ્તક્ષેપ ખાળી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૧૦૬.૨૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૩૬ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૧.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧.૫૯ પૉઈન્ટનો સુધારો અને ૮.૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૨૪.૨૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા.

### વર્ષ ૨૦૨૫ સુધી હળવી નાણાનીતિ જાળવવાના ચીનના અણસારે વિશ્વ બજાર પાછળ સોનાચાંદીમાં આગેકૂચ

## શુદ્ધ સોનું ₹ ૪૮૩ વધીને ફરી ₹ ૭૭,000ની પાર, ચાંદી ₹ ૧૦૧૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે આગામી વર્ષ ૨૦૨૫માં હળવી નાણાનીતિનો અભિગમ અપનાવે તેવો અણસાર આપતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ભાવવધારો આગળ ધપ્યો હતો, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧થી ૪૮૩નો ઉછાળો આવ્યો હતો અને શુદ્ધ સોનાના ભાવે ફરી રૂ. ૭૭,૦૦૦ની સપાટી કુદાવી હતી. જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૦૧૦નો ચમકારો આવ્યો હતો અને ભાવ રૂ. ૯૨,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૧૦ની તેજી સાથે રૂ. ૯૨,૮૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વબજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ માગ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧ વધીને રૂ. ૭૬,૮૬૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૩ વધીને રૂ. ૭૭,૧૭૫ના મથાળે રહ્યા હતા. ચીનની કેન્દ્રવર્તી બૅન્કની છ મહિનાના લાંબા સમયગાળા બાદ સોનામાં લેવાલી નીકળતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ વધીને બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં ચીનની કેન્દ્રવર્તી બૅન્કે આગામી વર્ષ ૨૦૨૫ની નાણાનીતિ માટેનું વલણ બદલીને હળવી નાણાનીતિ અપનાવવાનો અણસાર આપતાં સોનાની તેજીને ટેકો મળતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૬૭૪.૩૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૬૯૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ચીને આર્થિક વૃદ્ધિ માટે તેની નાણાનીતિના વલણમાં ૧૪ વર્ષ પછી પહેલી વખત બદલાવ લાવીને હળવી નાણાનીતિ અખત્યાર કરવાનુ જણાવ્યું હોવાથી વ્યાજદરમાં ઘટાડો થતાં સોનાની માગમાં વૃદ્ધિ થશે, એમ ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. વધુમાં ચીને જેવા સાથે તેવાની નીતિ અપનાવીને અમેરીકી એઆઈ કંપની એનવિડીયા સામે ઈજારાશાહી વિરુદ્ધના કાયદાના ભંગ બદલ તપાસ હાથ ધરી હોવાના અહેવાલોને કારણે પણ સોનામાં સલામતી માટેની માગ ખૂલી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ટ્રેડરોની નજર હવે આગામી ૧૭-૧૮ ડિસેમ્બરના રોજ યોજાનરી અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજદરમાં કપાતના નિર્ણય માટે નિર્ણાયક પુરવાર થનારા ગત નવેમ્બર મહિનાના ફુગાવાના ડેટાની જાહેરાત પર સ્થિર થઈ છે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો આગામી બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૯ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૨૬નો ઘટાડો, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૩૪૦થી ૩૩૯૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં વેચવાલીના દબાણ સામે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬નો અને ઉપલા મથાળેથી સાધારણ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નિરસ માગે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ છતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૨થી ૩૬૪૨માં ટકેલા ધોરણે થયા હતા, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬ અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૬૦૬થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૩૪૪૦થી ૩૪૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૦૦થી ૩૬૦૦માં થયાના અહેવાલ હતા.

## મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ, વેપાર ખપપૂરતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૫ અને ૧૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬૫ રિંગિટનો ઘટાડો આવ્યો હતો.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહ્યા હતા. આમ નિરસ માગે આજે હાજરમાં આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.



આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રિફાઈનરો આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં વાર ટૂ વાર ધોરણે રૂ. ૧૪૦૦ આસપાસ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો અને માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર થયા હતા. હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૦માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે બે લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૪૨૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૧૭૫થી ૪૨૫૦માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૯૦,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૫૦થી ૬૫૭૫માં થયા હતા. આ સિવાય મથક પર સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૩૦માં અને રૂ. ૧૩૪૦માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૧૫થી ૨૩૨૦માં થયાના અહેવાલ હતા.

## ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ₹ ૨૭નો ઉછાળો

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગનો ટેકો મળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭નો ઉછાળો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો. આ સિવાય આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે નિકલ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર વાયરબાર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી પાંચ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટો ઉપરાંત ઍલૉય ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૨૫૮૧ના મથાળે રહ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૭૮૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ અને નિરસ માગને કારણે ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૭૦ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૮૨૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગની નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૨૭ અને કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૭૯૨ અને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા.

## સસ્તા મોજાના નામે કિંમતી રેડીમેડ કપડાની દાણચોરી: ૭૦ જેટલા કન્ટેનર કંડલા, મુંદરે સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ગાંધીધામ સ્થિત ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા ફરી એક વધુ ડ્યુટી ચોરીના કારસાનો પર્દાફાશ કરાયો હતો. કચ્છના કંડલા, ખાનગી બંદર મુંદરા અને મુંબઈ પાસેના નાવાશેવા બંદર પર પહોંચેલા ૭૦ જેટલા કન્ટેનરોમાં પગના મોજાં મંગાવ્યા હોવાના ડીક્લેરેશન સાથે ચીનથી આયાત કરાયેલા જુદા જ પ્રકારના માલ-સામાન મંગાવીને કરોડોની વેરા ચોરી કરવાની શંકા હેઠળ ડીઆરઆઈ દ્વારા ૭૦ જેટલા કન્ટેનરોને અટકાવી દેવાયાં હતા. આ ઉપરાંત મુંબઈ બંદર પર પણ ૩૦ કન્ટેનરોની તપાસ શરૂ કરી દેવાઈ હતી.

ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યૂ ઇન્ટેલિજન્સના એક પ્રવક્તાએ આપેલી માહિતી પ્રમાણે એક કન્ટેનરમાં પગમાં પહેરવાના મોજાંને બદલે મોંઘી કિંમતના કાપડ તેમજ તૈયાર પોશાકો, ગરમ જેકેટ મળી આવતાં આ આખો મામલો 'ડ્યૂટી ચોરી'નો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું હતું અને આ સમગ્ર કૌભાંડ કરોડોનું થવા જઈ રહ્યું હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડીઆરઆઈ દ્વારા કરાતી કામગીરીની માહિતી આપવાનું હંમેશા માટે ટાળવામાં આવે છે અને મુંદરા કસ્ટમ ખાતેના જન સંપર્ક અધિકારી દ્વારા પણ હજુ સુધી ક્યારે પણ એક પણ અખબારી યાદી જાહેર કરવામાં આવી નથી. એવું પણ જાણવા મળે છે કે, અંદાજે ૧૦૦ જેટલા કન્ટેનરો અટકાવાઈ દેવાયા બાદ હજુ બીજા કન્ટેનરો મધદરિયે છે જે ટૂંક સમયમાં તેના 'ડેસ્ટિનેશન પોર્ટ' પર પહોંચશે. આ સમગ્ર કાર્યવાહી પૂર્વ બાતમીને આધારે કરાઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

## માગશરની મારકણી ઠંડીએ કચ્છને લીધું બાનમાં: ભુજમાં ૧૧.૪ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં શિયાળો આખરે ધાક જમાવી રહ્યો છે અને ગુજરાતનું સિમલા ગણાતું, કચ્છના અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા આજે સમગ્ર રાજ્યમાં ૬.૪ ડિગ્રી સે.ન્યુનતમ તાપમાન સાથે સમગ્ર રાજ્યનું ઠંડુ મથક બન્યું હતું.

એટલું જ નહિ, તે અમેરિકાના ન્યૂ યોર્ક, લોસ એન્જલ્સ, શિકાગો, બાર્સેલોના, ચીનના બેઇજિંગ અને લંડન કરતાં પણ ઠંડુ રહેવા પામ્યું છે.નલિયા ખાતે મહત્તમ તાપમાન પણ ૨૭ ડિગ્રી રહેવા પામ્યું હતું જેને કારણે લોકોને હાડ થીજવતી ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

બીજી તરફ ભુજમાં પણ જાણે ધીમે-ધીમે ઠંડીનો પારો સિંગલ ડિજિટ તરફ જઈ રહ્યો હોય તેમ આજે ન્યૂનતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી સે. જ્યારે બપોરે ત્રણ વાગ્યે મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાતા લોકોને શિયાળો આવી પહોંચ્યો હોવાની અનુભૂતિ થઇ રહી છે.

ભુજ ઉપરાંત રાપર, કંડલા, આદિપુર, અંજાર તેમજ બંદરીય શહેરો માંડવી અને મુંદરામાં પણ ટાઢોળાએ પોતાની હાજરી પૂરાવતાં લોકો કાતિલ ઠંડીની ઝપટમાં આવી ગયા છે.

સામાન્ય રીતે કચ્છમાં નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી શિયાળો બેસી જાય છે પરંતુ આ વર્ષે ખરેખરો શિયાળો શરૂ થવાનો સમય લંબાઈ જવા પામ્યો છે. અધૂરામાં પૂરું હવામાં ભેજનું પ્રમાણ ૨૩ ટકા હોતાં ઉપરાંત પ્રતિ કલાકે ૧૬ કિલોમીટરની ઝડપે ફૂંકાતા ઉત્તર-પશ્ચિમ પવનોએ પણ ઠંડીની તીવ્રતા વધારી દીધી છે. દરમ્યાન, હવામાન ખાતાંની આગાહી પ્રમાણે આ મારકણી ઠંડીનું મોજું હજુ બે દિવસ ચાલુ રહેશે. ■



રાજકોટ મહાનગરપાલિકાના પ્રાણીસંગ્રહાલય શાખા દ્વારા પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતેના પ્રાણી-પક્ષીઓને શિયાળાની ઋતુમાં ઠંડીથી રક્ષણ આપવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

## નારાયણ સરોવરમાં આકાર પામી રહેલા 'લેપર્ડ રેસ્ક્યૂ સેન્ટર' માટે પાવાગઢથી સાત દીપડા લાવવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વધતી જતી માનવ વસાહતો વચ્ચે વર્ષોથી અટવાતા રહેલા રાની પશુ દીપડાઓના બચાવ માટે સરહદી કચ્છના નારાયણ સરોવર ખાતે બનાવાઈ રહેલા જંગલ સફારી પ્રોજેક્ટ માટે સાત જેટલા દીપડાઓ બે ખાસ વાહનોમાં ૬૩૨ કિલોમીટરનો લાંબો અને થકવી દેતો પ્રવાસ ખેડીને પાવાગઢથી લખપત તાલુકાના ધુણઈ સુધી ક્ષેમકુશળ હાલતમાં પહોંચી આવ્યા છે. આ અંગે મદદનીશ વન સંરક્ષક હસમુખ ચૌધરીએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લાના સીમાવર્તી લખપતમાં ઈકો ટુરિઝમ વિકસાવવા માટે આ પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ૬૩૨ કિલોમીટરનો અંદાજે ૧૫ કલાકનો પ્રવાસ ખેડી ૭ દીપડાઓ વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ, પશુ ચિકિત્સકો અને નિષ્ણાતો સાથેના નારાયણ સરોવર જંગલ સફારીમાં આવ્યા છે. અત્યારે પડી રહેલી ગાત્રો થીજાવી દેનારી ઠંડીથી દીપડાઓને બચાવવા માટે પાંજરાની ફરતે ખાસ પ્રકારની નેટ ઢંકાઈ છે અને નિષ્ણાત તબીબોની ટુકડી દર એક કલાકે દીપડાની સ્થિતિને સતત ચકાસી રહી હોવાનું હસમુખ ચૌધરીએ ઉમેર્યું હતું. પશ્ચિમ કચ્છ વનવિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, દીપડાના સંવર્ધન અને સંરક્ષણ માટે પવિત્ર તીર્થસ્થાનના સાંનિધ્યમાં બનાવાયેલા લેપર્ડ રેસ્ક્યુ સેન્ટરનું ટૂંક સમયમાં જ તારીખ નક્કી થયા બાદ લોકાર્પણ કરાશે. હાલ આ દીપડાઓ અહીં પાંજરાઓમાં જ મૂકાયેલા રહેશે. ■

## નખત્રાણાના દેવીસરથી ટેમ્પોમાં ભુજ લઇ આવતો ૧.૯૩ લાખનો શંકાસ્પદ અનાજનો જથ્થો એલસીબીએ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આર્થિક રીતે નબળા વર્ગ માટેના સરકારી અનાજના પુરવઠાના કાળા કારોબારના કિસ્સાઓ રાજ્યભરમાંથી સતત બહાર આવી રહ્યા છે ત્યારે પૂર્વ બાતમીના આધારે સ્થાનિક ગુન્હાશોધક શાખાએ નખત્રાણાના દેવીસરથી ભુજ તરફ આવતા ટેમ્પામાંથી આધાર-પૂરાવા વિનાનો અનાજનો રૂા.૧,૩૯,૮૦૦નો જથ્થો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે એલસીબીના પી.આઈ એસ.એન ચુડાસમાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, નખત્રાણા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે રસ્તા પર વોચ ગોઠવીને દેવીસરથી પસાર થયેલા ટેમ્પો (નં. જી.જે. ૧૮ એ.યુ. ૮૮૭૫)ને રોકાવી ચાલક રામલાલ વાલજી સાંખલા (રહે. વિથોણ) અનાજના આધાર-પુરાવા રજૂ ન કરતાં તેને અટકમાં લીધો હતો.

જપ્ત કરવામાં આવેલો અનાજનો જથ્થો દેવીસરના શૈલેષ ઠક્કરે ભુજ લઇ જવા વર્ધી આપી હોવાની કેફિયત રામલાલે આપી હતી.

એલસીબીએ આ શંકાસ્પદ અનાજના જથ્થામાં ચણાના બાચકા ૧૩ નંગ કિં. રૂ.૩૨૫૦૦, ગુવારના ૪૧ બાચકા કિં. રૂ.૧,૦૨,૫૦૦, ખાદ્ય ચોખાના ૨૪ બાચકા કિં.રૂ..૨૮૮૦૦, તલના બાચકા નંગ ૬ કિં. રૂ.૩૦૦૦૦ એમ કુલે રૂા.૧,૩૯,૮૦૦નો અનાજનો જથ્થો તથા ટેમ્પો કિં. રૂા.પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી અર્થે નખત્રાણા પોલીસને આ કેસ સોંપવામાં આવ્યો હોવાનું ચુડાસમાએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, માંડવી તેમજ અબડાસા તાલુકામાંથી આ રીતે જ બીલ કે આધાર-પુરાવા વિના ભુજની બજારમાં વેચાણ અર્થે આવતા અનાજના જથ્થાને એલસીબી પોલીસે ઝડપી કાર્યવાહી કરી ચૂક્યા છે. પરંતુ ખાદ્ય અન્ન પુરવઠાના સરકારી તંત્ર તરફથી ધાક બેસાડતી કોઇ કાર્યવાહી કે પગલાં ન લેવાતાં ગરીબના અન્નના કોળિયાનો વેપલો બેરોકટોક ચાલી રહ્યાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે. ■

## અંજારના વરસામેડીમાં છકડામાંથી ૩.૬૪ લાખનો શરાબ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નશાખોરીની બાબતમાં પંજાબને સીધી ટક્કર આપી રહેલા સરહદી કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ખાતે એક છકડામાંથી પોલીસે રૂ.૩,૬૪,૯૦૮ની કિંમતનો શરાબનો જથ્થો ઝડપી પાડયો હતો. જો કે, દર વખતની જેમ આરોપી પોલીસના હાથમાંથી સરકી ગયો હતો. અંજારની સ્થાનિક પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે વહેલી પરોઢના બ્રહ્મમુહૂર્તમાં પૂર્વ બાતમી મળતાં પોલીસે વરસામેડીની સીમમાં આવેલી નીલકંઠ હોમ્સ સોસાયટી નજીક વોચ ગોઠવી હતી. દરમ્યાન, શાંતિધામ ચાર રસ્તા બાજુથી બાતમીવાળો છકડો (નંબર જી.જે.૩૯ ટી.૩૧૧૬)ને બેરિકેડ વડે રોકાવવાની કોશિશ કરી હતી, પરંતુ વાહનના ચાલક કાના વેલા બઢિયાએ છકડો આગળ હંકારી દીધો હતો અને બાદમાં થોડે આગળ જઇ ડાબી બાજુ છકડો ઊભો રાખી બાવળની ગીચ ઝાડીમાં અલોપ થઇ ગયો હતો.

છકડાની તલાશી લેતાં ઓલ્ડ મંક ૩૭૫ના ૪૫૬. ક્વાર્ટરિયા, ગ્રીન લેબલ ૭૫૦ મિ.લિ.ની ૧૦૮ બોટલ, ગ્રીન લેબલ ૩૭૫ના ૧૯૨ ક્વાર્ટરિયા, ૮.પી.એમ. ૭૫૦ મિ.લિ.ની ૧૬૮. બોટલ, કિંગ ફિશર બીયરના ૩૩૬ ટીન સાથે કુલ રૂ.૩,૬૪,૯૦૮નો શરાબ હસ્તગત કરવામાં આવ્યો હતો. સાબુના ગોટાની જેમ સરકી ગયેલા આરોપીને પકડી પાડવા પોલીસે આગળની કવાયત હાથ ધરી છે. બીજી તરફ, ભુજ શહેરના આરટીઓ સર્કલ પાસેથી ૭૦૦૦૦ રૂપિયાના શરાબના જથ્થા સાથે કાર ચાલકને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પશ્ચિમ કચ્છની એલસીબીની ટીમના હે.કો. મયૂરધ્વજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, પૂર્વ બાતમીના આધારે શહેરના આરટીઓ સર્કલ પર વોચ ગોઠવીને માધાપર તરફથી આવી રહેલી મારુતિ-સુઝુકી સ્વીફ્ટ કાર (નંબર જી.જે.૧૨ એફ.સી. ૬૭૬૧)ને રોકવી હતી.કારમાં રહેલા પ્રદીપસિંહ ઉર્ફે પદુભા પ્રવીણસિંહ રાણા (રહે.માધાપર, તા. ભુજ)ને અટકમાં લઇ, ડેકીમાં રાખવામાં આવેલી અલગ અલગ કંપનીની શરાબની ૯૬ બોટલ કિં. રૂ. ૭૦,૯૪૪ તથા કાર કિં. રૂ. પાંચ લાખ અને એક સ્માર્ટફોન કિં. રૂ.૫૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પ્રદીપસિંહ આ શરાબનો જથ્થો કરણસિંહ જાડેજા (રહે. બેરાજા, તા.મુંદરા) પાસેથી લઇ આવ્યાનું જણાવતાં બી-ડિવિઝન પોલીસે બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. ■

## ગાંધીધામના ચાવલા ચોક અને નવી સુંદરપુરી વિસ્તારમાંથી ૧૦૨ કિલો ગૌવંશ માંસ સાથે ત્રણ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ઔદ્યોગિક વિસ્તાર એવા ગાંધીધામ સંકુલમાં નગરપાલિકાના ઠેકેદારો સહિત ત્રણ શખ્સોને અટક કરીને કુલ ૧૦૨ કિલો ગૌવંશના માસનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી અંગે પોલીસે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગત ૮મી ડિસેમ્બરના રોજ મોડી સાંજના સમયે ગાંધીધામના ચાવલા ચોકમાં હાથમાં થેલી લઈને ઉભેલા અનીરુલ અજહર મંડલ (મુસ્લિમ) (રહે. મીઠીરોહર) નામના શખ્સને ગૌવંશ માસ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

આ જથ્થો તેની પાસે ક્યાંથી આવ્યો તેની તપાસ કરતા નવી સુંદરપુરીમાં રહેતા કરશન માવજી પાતળીયા અને અનીલ કરશન પાતળીયા નામના શખ્સોના નામ જાણવા મળતાં પોલીસે તેમના ઘરમાં દરોડો પાડતા ગૌ-માંસનો દસ હજારની કિંમતનો ૧૦૧.૭૧ કિલોગ્રામ જથ્થો ઝડપી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■



રાજકોટના રાધે ચોકડી પાસે આવેલ હિમાલય સોસાયટીની મહિલાઓ દ્વારા ઘરનો કચરો રસ્તા પર ફેંકી વિરોધ કરવામાં આવ્યો હતો વિરોધનું મુખ્ય કારણ રાજકોટ મનપા સંચાલિત ગાર્બેજ કલેક્શન કરતી ટીપર વાન છેલ્લા ૨૦ દિવસથી વિસ્તારમાં નહીં આવતા અંતે ગુસ્સે ભરાયેલી મહિલાઓ દ્વારા ઘરનો તમામ કચરો રસ્તા પર ફેંક્યો હતો. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

## ભાવનગરના રાજસ્થળી ગામે વૃદ્ધ મહિલા ઘરે એકલા હતા ત્યારે ધમકી આપી શખ્સ બે તોલાના સોનાના કાપ કઢાવી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલીતાણા તાલુકાના નાની રાજસ્થાની ગામમાં રહેતા વૃદ્ધ મહિલા ઘરે એકલાં હતાં ત્યારે અજાણ્યા શખ્સે ઘરમાં પ્રવેશ કરી મહિલાને મારી નાખવાની ધમકી આપી કાનમાં પહેરેલા બે તોલા વજનના સોનાના બે કાપ બળજબરીપૂર્વક કઢાવી લઈ ફરાર થઈ ગયા હતા

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર પાલીતાણા તાલુકાના નાની રાજસ્થળી ગામમાં રહેતા વૃદ્ધ ઓઘાભાઈ ઠાકરશીભાઈ લુખી ગઈકાલે બપોરે તેમની વાડીએ ગયા હતા અને તેમના પત્ની સતુબેન ઘરે એકલા હતા ત્યારે સાંજના સાત વાગ્યા આસપાસ કોઈ અજાણ્યો શખ્સ તેમના ઘરે પ્રવેશ્યો હતો અને સતુબેનને કહ્યું હતું કે, 'તમારા પગમાં તકલીફ છે તેથી દાદાએ મને તપાસ કરવા માટે મોકલેલ છે'', તેમ કહી આ અજાણ્યા શખ્સે સતુબેનની નાડ તપાસી હતી અને કાનમાં પહેરેલા સોનાના કાપ કાઢી આપવાનું કહેતા સતુબેન તેમના ઘરના દરવાજા તરફ જતા પાછળથી દોડી આવેલા શખ્સે 'તમારા કાનમાં પહેરેલા બંને કાપ કાઢી આપો નહીતર તમને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી બંને કાનમાં પહેરેલ બે તોલા સોનાના કાપ નંગ-૨, કિં. રૂ.. ૫૦,૦૦૦/- બળજબરીપૂર્વક કઢાવી ફરાર થઈ ગયો હતો. સતુબેને ત્યારબાદ બેકારો કરતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા. આ બનાવ અંગે ઓઘાભાઈ ઠાકરશીભાઈ લુખી એ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

## ભાવનગરના હેલ્ધી એજીંગ સેન્ટરનો ૧૦૦૦ વયસ્કોએ લીધો લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: વય તે માત્ર આંકડો છે તેવું કહી શકાય. મનથી તમે હર હંમેશ જવાન રહી શકો પરંતુ શરીરમાં રાસાયણિક, ભૌતિક અને જૈવિક પ્રક્રિયાને કારણે થતી અસર ને નકારી ન શકાય. વધતી ઉંમરને કારણે આવતા પડકારોને સહજ રીતે ઝીલી સુખમય અને તંદુરસ્ત જીવન જીવી શકાય તે માટે સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. ભાવનગરમાં હેલ્ધી એજિંગ પ્રોજેક્ટ પણ આ જ છે. ૧૪ સપ્ટેમ્બર -૨૦૨૩થી આ હેલ્ધી એજિંગ પ્રોગ્રામનો પ્રારંભ કરાયો છે અને જેનો અત્યાર સુધીમાં ૧૦૦૦ વયસ્કોએ લીધો છે.

સેન્ટરના સંચાલકે જણાવ્યું હતું કે, બી.કે. પારેખ પાર્કિન્સન્સ ડિસીસ એન્ડ મૂવમેન્ટ ડિસઓર્ડર સોસાયટી, મુંબઈ તથા પીએનઆર સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આ સેન્ટરમાં દર ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન ૫૦થી વધુ વયના લોકો માટે ફિઝિયોથેરાપી, ડાન્સ એન્ડ મુવમેન્ટ થેરાપી, આર્ટ થેરાપી, મેન્ટલ હેલ્થ, કાઉન્સિલિંગ વિગેરે સેશન્સના આયોજન કરવામાં આવે છે. વર્ષ દરમિયાન વિવિધ તહેવારોની ઉજવણી પણ સેન્ટર પર કરવામાં આવી છે. ૫૦ વર્ષથી વધુ વયના લોકો માટે આ વિશેષ પ્રોગ્રામ ડિઝાઇન કરાયો છે અને આ તમામ પ્રવૃત્તિ વિનામૂલ્યે છે. ભાવનગર ઉપરાંત મહુવામાં પણ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે, દર બીજા અને ચોથા શનિવારે સાંજે આ પ્રોજેક્ટ ચાલે છે.

પ્રોજેક્ટ કોર્ડિનેટરે જણાવ્યું હતું કે, વિવિધ રમતો, એક્સરસાઇઝ ઉપરાંત વધતી ઉંમર સાથે થતા રોગો અંગે માહિતી પણ સેન્ટર પર આપવામાં આવે છે. હેલ્ધી એજિંગ ઉપરાંત હોસ્પિટલ (વિદ્યાનગર) ખાતેના સેન્ટર પર દર રવિવારે સવારે ૧૦:૩૦ થી પાર્કિન્સનના દર્દીઓ માટે વિનામૂલ્ય ગ્રુપ થેરાપીનો પ્રોગ્રામ પણ ચાલે છે. માત્ર દિવ્યાંગો માટે જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો, વૃદ્ધજનો માટે પણ કાર્યરત પીએનઆર સોસાયટીના હેલ્ધી એજિંગ અને પાર્કિન્સન સેન્ટરમાં જોડાવા માટે સેન્ટર પર રૂબરૂ સંપર્ક કરી શકાય છે. ■

## વલભીપુર નગરપાલિકાના પ્રમુખે રાજીનામું આપતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલભીપુર નગરપાલિકાના પ્રમુખ વલ્લભભાઈ કામડે રાજીનામું આપતાં સ્થાનિક રાજકારણમાં ઠંડીમાં પણ ગરમાવો આવ્યો હતો. વલ્લભભાઈના કહેવા મુજબ, તેમણે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. સ્થાનિક સ્તરે થઈ રહેલી ચર્ચા મુજબ, વલભીપુર શહેરમાં છેલ્લા એક માસથી માર્ગો પર કચરાની સફાઈ ન થતા ઠેર ઠેર ગંદકીના ગંજ ખડકાયા હતા. નગરપાલિકાના પ્રમુખ દ્વારા નિયમ વિરુદ્ધ જઈને સફાઈનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.

નવા આવેલા ઈન્ચાર્જ ચીફ ઓફિસરના ધ્યાને આવતા તેમની દ્વારા સફાઇ કોન્ટ્રાકટનું બીલનું ચુકવણું અટકાવ્યું હતું અને અગાઉ અનઅધિકૃત રીતે ચૂકવાઈ ગયેલા પેમેન્ટની રિકવર કરવા પણ પત્ર લખવામાં આવ્યો હતો. બંને વચ્ચેના ગજગ્રાહમાં તેમણે રાજીનામું આપ્યું હોવાની અટકળો હાલ થઈ રહી છે. ■

## રાજકોટમાં અનૈતિક સંબંધમાં પ્રેમીએ પ્રેમિકાના પતિનું કાસળ કાઢ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં અનૈતિક સંબંધનો કરુણ અંજામ આવ્યો હતો. પ્રેમિકાને કાયમી પામવા પ્રેમીએ તેના પતિને મોતને ઘાટ ઉતાર્યો હતો. મળતી વિગત પ્રમાણે, રાજકોટ શહેરના ૮૦ ફૂટ રોડ પર અમૂલ સર્કલ પાસે સરાજાહેર મુકેશ ગુજરાતી નામના વ્યક્તિની હત્યા કરનારા સાગર મકવાણા અને તેના મિત્ર સંજય સોલંકીની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં મૃતક મુકેશ ગુજરાતીની પત્ની શોભના અને સાગર મકવાણા વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું હતું. એલસીબી ટીમ દ્વારા શોભનાના પ્રેમી સાગર મકવાણા (ઉં.વ.૨૪) તેમજ તેના મિત્ર સંજય સોલંકી (ઉં.વ.૨૨)ને ગોંડલ ચોકડી પાસેથી ઝડપી પાડવામાં આવ્યા હતી.

મુકેશ ગુજરાતીની પત્ની શોભના સાથે સાગર મકવાણાને પ્રેમસંબંધ હતો. જેથી મુકેશ ગુજરાતી શોભના અને સાગરની વચ્ચે અડચણરૂપ બનતો હોવાથી પ્રેમી સાગર દ્વારા પોતાના મિત્ર સંજય સોલંકી સાથે મળીને બોથડ પદાર્થ વડે ઘા ઝીંકીને મુકેશ ગુજરાતીની હત્યા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે હત્યાના દોઢ મહિના પહેલા શોભના પોતાના પતિ મુકેશ ગુજરાતીને છોડીને પ્રેમી સાગર મકવાણા સાથે જતી રહી હતી. જેથી છેલ્લા દોઢ મહિનાથી મુકેશ ગુજરાતી અને સાગર મકવાણા વચ્ચે અણબનાવ ચાલી રહ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં સાગર મકવાણા વિરુદ્ધ અગાઉ અપહરણ, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ત્રણ-ત્રણ ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે મરણ થનાર મુકેશ ગુજરાતી વિરુદ્ધ ઘરફોડ ચોરી સહિતના ગુના નોંધાયા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી હતી. ■

## ભાવનગરમાં ૨૦ કિ.મી.ની ઝડપે કાતિલ પવન ફુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં ઠંડો પવન ફૂંકાતા વાતાવરણ ટાઢુંબોર બની ગયું હતું. સુસવાટા મારતા કાતિલ પવનને કારણે લોકો ઠુંઠવાયા હતા. ભાવનગર શહેરનું મહતમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ડિગ્રી ૪૮ ટકા રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૨૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

## અમરેલીના ધારીમાં ફોરેસ્ટ ગાર્ડ પર જીવલેણ હુમલાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના ધારીમાં ફોરેસ્ટ ગાર્ડ પર બે શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. સરસીયા રેન્જની છતડીયા બીટના ફોરેસ્ટ ગાર્ડ પી. એલ. ગોસાઇ ફરજ પરથી ધારી આવતા હતા ત્યારે તેમને ગાળો બોલી ઢીકાપાટુનો મૂંઢ માર મારવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત થયેલા ફોરેસ્ટ ગાર્ડને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સરસીયા રેન્જમાં ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડ પી.એલ.ગોસાઈએ જણાવ્યું કે, હું મારી ફરજ બજાવતો હતો. માણાવાવના રહેવાસી બે વ્યક્તિએ મને રોક્યો કેમ સામું જો છો અને કેમ નોકરીમાં નથી રાખતો કહી મને માર માર્યો નીચે પછાડી દીધો હતો. મારા અધિકારીને ગાળો આપી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. ■